MARKET 4U
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શનિવાર । તા. ૧૮-૦૧-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

આપના બળવાખોર નેતા કપિલ મિશ્રા મોડલ ટાઉનથી ચૂંટણી લડશે

દિલ્હી દંગલ: ભાજપની ૫૭ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર

૪ મહિલાઓને પણ ટીકીટ આપવામાં આવી, ૫૭માંથી ભાજપે ૧૧ અનુસૂચિત જાતિને ટિકિટ આપી



ન્યુ દિલ્હી

દિલ્હીના દંગલ વચ્ચે આજે ભાજપે ૫૭ ઉમેદવારોનું લિસ્ટ જાહેર કરી દીધું છે. મોદી અને શાહ કોઈ પણ ભોગે દિલ્હીમાં ભાજપનો વનવાસ પૂર્ણ કરવા માગે છે. હાલમાં કેજરીવાલની સરકાર છે. કેન્દ્રમાં ભાજપની સરકાર હોવા છતાં ભાજપના ચાણક્યોએ દિલ્હીમાં પોતાની પક્કડ જમાવી શક્યા નથી. ભાજપે આ ચૂંટણીમાં સીએમ ઉમેદવારનો ચહેરો ન જાહેર કરી મોદીના વિકાસના મામલાને આગળ ધરી ચૂંટણી લડવાનો નિર્ણય લીધો છે. આ ચૂંટમી આપ અને કોંગ્રેસ માટે પણ અસ્તિત્વનો સવાલ છે.

દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટી (બીજેપી)એ ૫૭ ઉમેદવારોની લિસ્ટ શુક્રવારે જાહેર કરી છે. પાર્ટીએ તિમારપુરથી સુરેન્દર સિંહ બિટ્ટૂને ટીકીટ આપી છે. બીજેપીની જાહેર કરેલી સૂચીમાં અનુસૂચિત જાતિ (SC)માં ૧૧ ઉમેદવાર છે. જ્યારે ૪ મહિલાઓ પણ ટીકીટ આપવામાં આવી છે. પાર્ટીએ આદર્શનગરથી રાજકુમાક ભાટી, બાદલીથી વિજય ભગત, રિઠાલા બેઠકથી મનીષ ચૌધરી, મુંડકાથી માસ્ટર આઝાદ સિંહ

અનુસંધાન પાના નં.૮

ઈસરોએ સૌથી શક્તિશાળી ઉપગ્રહ લોંચ કરી ઈતિહાસ રચ્યો, ઈન્ટરનેટની સ્પીડ વધશે

5-Gની તૈયારીઓ શરૂ: ઈસરો દ્વારા ઉપગ્રહ GSAT-30 લોંચ



સંદેશવ્યવહાર ક્ષેત્રે ધરખમ સુધારા થશે, દક્ષિણ અમેરિકાના કૌરો ખાતેથી જીસેટ-૩૦ને લોન્ચ કરાયું, ઈન્સેટ -૪એ ની જગ્યા લેશે જીસેટ-૩૦, ૧૫ વર્ષ સુધી કામ કરશે

કૌરો

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)નો સંચાર ઉપગ્રહ (કમ્યુનિકેશન સેટેલાઈટ) જીસેટ-૩૦ને શુક્રવારે સવારે યુરોપિયન અંતરિક્ષ એજન્સીથી સફતાપૂર્વક લોન્ચ કર્યો છે. તેને ભારતીય સમયાનુંસાર ૨ વાગ્યેને ૩૫ મિનિટે એરિયન-૫ રોકેટ દ્વારા રવાના કરાયો છે. નોંધનીય છે કે જીસેટ-૩૦ કમ્યુનિકેશન સેટેલાઈટ ઈનસેટ-૪છની જગ્યા લેશે, જેને વર્ષ ૨૦૦૫માં લોન્ચ કરવામાં આવતો હતો. આ ભારતીય ટેલિકમ્યુનિકેશન સેવાઓને સારી બનાવવામાં મદદરુપ બનશે.

જીસેટ-૩૦ સેટેલાઈટ સક્ષિણ અમેરિકાના ઉત્તર-પૂર્વ બેટ પર કૌરોના એરિયન લોન્ચિંગ સ્ટેશન પરથી લોન્ચ કરાયો છે. આ ભારતનો ૪૨મો એવો સેટેલાઈટ છે, જેને એરિયનસ્પેસના એરિયન રોકેટથી લોન્ચ કરાયો. જણાવી દઈએ કે એરિયન સ્પેસ યુરોપિયન સ્પેસ એજન્સી (ESA)ની વાણિજ્યિક શાખા છે અને ભારત સાથે જૂના સંબંધો છે. જેની મદદથી ઘણાં ભારતીય ઉપગ્રહને અંતરિક્ષમાં મોકલાય છે.

જીસેટ-૩૦ જીસેટ સીરિઝનો ઘણો

અનુસંધાન પાના નં.૮


૪ નરાધમો વિરુદ્ધ ફરી ડેથ વારંટ જાહેર, કાયદાની આંટીઘૂંટી હજી યથાવત્

તારીખ-પે-તારીખ: શું ખરેખર ૧ ફેબ્રુઆરીએ નરાધમોને ફાંસી થશે..!?

ન્યુ દિલ્હી

તારીખ પે તારીખ..ના ચકડોળે ચઢેલા નિર્ભયા કેસમાં એક પછી એક કાનૂની દાવપેચમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા એક નરાધમ મુકેશની દયાની અરજી ફગાવી દેતાં હવે ૪ નરાધમોને ૧ ફેબ્રુઆરીના રોજ સવારે ૬ વાગે ફાંસીના માંચડે ચઢાવવામાં આવશે. દિલ્હીની પતિયાલા હાઉસ કોર્ટ દ્વારા ફરીથી ૪ નરોધમો સામે ડેથ વોરંટ જારી કરાયો હતો. અગાઉ ૭ જાન્યુ.ના રોજ ડેથ વોરંટ આ જ કોર્ટ દ્વારા જારી કરાયો હતો. જેમાં ૨૨ જાન્યુ.ના રોજ ૪ નરાધમોને ફાંસી આપવાનો હુકમ તિહાર જેલના સત્તાવાળાઓને કર્યો હતો. જો કે કાનૂની અડચણને કારણે તેના પર અમલ થઈ શક્યો નહોતો. હવે ફરીથી ડેથ વોરંટ જારી કરાયો છે પરંતુ ૪ પૈકીના એક દોષિત પવને હાઈકોર્ટ દ્વારા અગાઉ તેમની વિરુધ્ધ અપાયેલા ચુકાદાની સામે આજે સુપ્રિમ કોર્ટમાં અપીલ કરતાં આ કેસમાં ફરી કોઈ નવો વળાંક આવે તેમ છે. હાઈકોર્ટે તે વખતે આરોપી પવનને

અનુસંધાન પાના નં.૮



મોદીજી એક બાળકીના મોત સાથે મજાક ના થવા દો: માતાની અપીલ

નિર્ભયાના દોષીઓને ફાંસીમાં મોડુ થતા નિર્ભયાની માતા આશા દેવી નિરાશ થઈ ગઈ છે. આશા દેવીએ વડાપ્રધાન મોદીને અપીલ કરતા કહ્યું કે, હું મોદીજીને હાથ જોડીને કહેવા માંગુ છું કે ૨૦૧૪માં તમે કહ્યું હતું,'બહુત હુઆ નારી પર વાર, અબ કી બાર મોદી સરકાર',પ્રધાનમંત્રીજી એક બાળકીના મોત સાથે મજાક ના થવા દો. ચારેય દોષીઓને ૨૨ તારીખે ફાંસી પર લટકાવો અને બતાવો કે અમે નારી પર અત્યાચાર નહી થવા દઈએ.

- નિર્ભયા ગેંગરેપના નરાધમોને ૧ ફેબ્રુઆરીએ સવારે ૬ કલાકે ફાંસી આપવા દિલ્હી કોર્ટનો ફરી હુકમ
- રાષ્ટ્રપતિએ નિર્ભયા કેસના આરોપી મુકેશની દયા અરજી ફગાવી
- દોષિત પવને હવે હાઈકોર્ટ દ્વારા અપાયેલા ચુકાદાની સામે સુપ્રિમમાં અપીલ કરતા નવો વળાંક
- ત્રણ દોષિતો પાસે રાષ્ટ્રપતિ સમક્ષ દયા અરજીનો વિકલ્પ હજુ ખૂલ્લો, આખરે પીડિતાને ન્યાય ક્યારે મળશે?

સંઘનો આગામી એજન્ડા 'બે બાળકોનો કાયદો બનાવવોઃ ભાગવત

હમ દો-હમારે દોઃ સંઘનો નવો એજન્ડા વિવાદ જગાવશે

સીએએ પર પીછેહઠ કરવાનો કોઈ સવાલ જ નથી, અમે કેન્દ્રની સાથે

મુરાદાબાદ

હાલમાં ભાજપની મોદી સરકાર રોજગારી-મોંઘવારી. નાગરિકતા કાયદા સહિત અનેક મોરચે ઘેરાયેલી છે ત્યારે ભાજપની માતૃસંસ્થા આરએસએસના સુપ્રિમો મોહન ભાગવતે મુરાદાબાદમાં સંઘની એક બેઠકમાં વિવાદ જગાવે તેમ એવી જાહેરાત કરી છે કે સંઘનો આગામી એજન્ડા કાશી-મથુરા નહીં પણ ભારતમાં વસ્તી નિયંત્રણ માટે બે બાળકોનો કાયદો



લાવવાનો છે...! જો કે કાયદો બનાવવાનું કામ સંઘનું નથી પણ કેન્દ્રમાં તેમની સરકાર હોવાથી દેખીતી રીતે જ મોદી સરકાર સામે લઘુમતિ સમુદાય સહિત અન્યોને આક્ષેપ કરવાની તક મળે તેમ છે.

સંઘ દ્વારા એવો દાવો કરવામાં આવે છે કે જો વસ્તી નિયંત્રણ કાયદો લાવવામાં નહીં આવે તો દેશમાં હિન્દુઓની વસ્તી કરતા લઘુમતિ સમુદાયની વસ્તી વધી જશે. સૂત્રોના કહેવા પ્રમાણે, જે દેખીતી રીતે મુસ્લિમ સમુદાયની સામે ઈશારો કરે છે. આમ એક તરફ મોદી સરકાર સામે સીએએ, એનઆરસી અને એનપીઆરના મામલે વિરોધીઓ દ્વારા મોરચાબંધી ચાલી રહી છે અને દિલ્હી વિધાનસભાની ચૂંટણીઓ પણ જાહેર થઈ ગઈ છે ત્યારે હવે "બળતામાં ઘી હોમવા"નું કામ સંઘના ભાગવતે કર્યું હોવાનું પણ એક તારણ નિકળ્યું છે. સૂત્રોનું માનવુ છે કે હમ દો હમારે દોનું સૂત્ર સાર્થક કરવાનો ૧૯૭૫માં કોંગ્રેસે પ્રયાસ કર્યો હતો પરંતુ તે બુમરેંગ સસાબિત થયું હતું. હવે સંઘ દ્વારા આ સંવેદનશીલ મુદ્દો હાથમાં લેવામાં આવ્યો છે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનાં વડા મોહન ભાગવતે કહ્યું છે કે સંઘનો હવે પછીનો એજન્ડા દેશમાં બે બાળકો માટે કાયદો બનાવવાનો છે. મુરાદાબાદ પહોંચેલા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનાં સંચાલક મોહન ભાગવતે જિજ્ઞાસા સત્રમાં ભાગ લીધો હતો અને સ્વયંસેવકોનાં પ્રશ્નોનાં જવાબ આપતા કહ્યું હતું કે, સંઘની આગામી યોજના ભારતમાં બે બાળકો માટે કાયદો બનાવવાની છે.

તેમણે કહ્યું કે સંઘનો આ પ્રકારનો અભિપ્રાય છે પરંતુ નિર્ણય સરકારને આપવો

અનુસંધાન પાના નં.૮

ફાળવેલા રૂપિયા નહિ આપવામાં આવે તો અધિકારીઓની પરેડ કરીશુ

મૂર્તિ માટે પૈસા છે, ગરીબો માટે નહિ: બોમ્બે હાઈકોર્ટે સરકારને લગાવી ફટકાર

મુંબઇ

મુંબઈની વાડિયા હોસ્પિટલમાં ફંડની અછતને લીધે દર્દીઓની હાલતથી પરેશાન થઈને બોમ્બે હાઈકોર્ટે રાજ્ય સરકારને ફટકાર લગાવી છે. કોર્ટે કહ્યું કે, સરકાર પાસે ડૉ.બીઆર આંબેડકરની મૂર્તિ બનાવવા માટે પૈસા છે પણ ગરીબો અને મિડલ ક્લાસ લોકો માટે ખર્ચ કરવા પૈસા નથી, જેઓ સ્ટાર હોસ્પિટલોમાં સારવાર કરાવી શકે એમ નથી.

રાજ્ય કેબિનેટે આંબેડકર મેમોરિયલ પ્રોજેક્ટ માટે બજેટ ૩૦૦ કરોડથી વધારીને ૧૦૭૦ કરોડ કરી દીધું છે. આ મૂર્તિની ઊંચાઈ ૧૦૦ ફૂટ વધારીને ૩૫૦ ફૂટ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેના પર જસ્ટિસ સત્યરંજન ધર્માધિકારી અને રિયાઝ ચાગલાની બેંચે કહ્યું કે, આ મૂર્તિ માટે પૈસા છે, પણ તે લોકો જેમની વાત આંબેડકર કરતા હતા, તેઓ મરી શકે છે. તેમને મેડિકલ સુવિધાની જરૂર છે કે મૂર્તિની? કોર્ટ એક જનહિત અરજી પર સુનાવણી કરી રહી હતી, જે રાજ્ય અને બીએમસીને નવરોજી વાડિયા મેટરનિટી હોસ્પિટલ અને બાઈ જરબાઈ વાડિયા હોસ્પિટલ ફોર ચિલ્ડ્રનને ગ્રાન્ટ આપવા માટે દાખલ કરવામાં આવી હતી. રાજ્ય સરકારના વકીલે કહ્યું કે, નાણાકીય વિભાગે ૨૪ કરોડ રૂપિયાની ફાળવણી કરે છે જેને ૩ અઠવાડિયામાં આપી દેવામાં આવશે. જેને બહાનુ ઠરાવતા જસ્ટિસ ધર્માધિકારીએ કહ્યું કે, તેને આપવામાં ૩ મહિના લાગી જશે. કોર્ટે આદેશ આપ્યો છે કે શુક્રવારના રોજ પૈસા રીલિઝ કરી દેવામાં આવે. જો આવું કરવામાં સરકાર અસફળ રહી તો રાજ્યના મુખ્ય સચિવથી લઈને ડેપ્યુટી સચિવ સુધી દરેકની કોર્ટમાં પરેડ કરાવવામાં આવશે. જજોએ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે પર કટાક્ષ કરતા કહ્યું કે, તેમની પાસે યોજનાઓના ઉદ્ઘાટન માટેનો સમય છે, જે પુલ હજુ બન્યો જ નથી તેના ઉદ્ઘાટન માટે સમય છે.

ચીનનો જીડીપી માત્ર ૬.૧ની ગતિએ આગળ વધ્યો

ટ્રેડવોરમાં ધોવાયું ચીનઃ આર્થિક વિકાસદર ૩ દાયકાને તળિયે



બેઇજિંગ

અમેરિકા અને ચીન વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા ટ્રેડ વોરને પગલે ચીનને મોટું નુકસાન ભોગવવાનો વારો આવ્યો છે. ચીનમાં ગ્રાહક માંગ ઘટી ગઈ, જેને પગલે ૨૦૧૯માં જીડીપીની રફતાર છેલ્લા ત્રણ દાયકાના સૌથી નિચલા સ્તર પર પહોંચી ગઈ છે. ૩૦ વર્ષમાં પ્રથમ વખત ચીનનો જીડીપી માત્ર ૬.૧ ટકાની ગતિએ આગળ વધ્યો છે.

શુક્રવારે જાહેર કરવામાં આવેલા સરકારી આંકડા અનુસાર, વર્ષ ૨૦૧૯માં જીડીપીનો દર ૨૦૧૮ના ૬.૬ ટકાથી પણ નીચે આવી ગયો, જે ૧૯૯૦ પછીનો સૌથી ન્યૂનતમ સ્તર છે. ડિસેમ્બર મહિનામાં પૂર્ણ થયેલા ત્રિમાસિકગાળા માટે ગ્રોથની રફતાર ૬ ટકા પર રહી છે.

ચીનના ટ્રેડ સરપ્લસ અને ટેક્નોલોજી સાથે જોડાયેલા હિતોને લઈને ચીન અને અમેરિકા વચ્ચે લડાઈમાં અમેરિકાએ ટેરિફ વધારી દીધું હતું, જેના કારણે ચીની નિકાસકારો પર અસર પડી છે. જોકે, સમગ્ર ચીની ઈકોનોમી પર અનુમાન કરતા ઓછી અસર પડી છે.

આ સપ્તાહે ચીન અને અમેરિકા વચ્ચે ટ્રેડ વોર પર વિરામ લે તેવા સંકેતો મળી રહ્યા છે અને બંને દેશોએ પહેલા ફેઝની ટ્રેડ ડીલ પર હસ્તાક્ષર કર્યા છે. જેના હેઠળ અમેરિકા દ્વારા વધારાની ટેરિફ વૃદ્ધિને કેન્સલ કરવા અને ચીન દ્વારા અમેરિકન ફાર્મ એક્સપોર્ટની ખરીદારી પર સહમતિ બની છે. બંને તરફથી પહેલાથી લાગુ ટેરિફ વૃદ્ધિમાં કોઈ ફેરફાર નથી કરવામાં આવ્યો.

૨૦૧૯ માટે વિકાસ દર ચીનની સત્તાધારી કોમ્યુનિસ્ટ પાર્ટીના અધિકારીક ટાર્ગેટ રેન્જમાં તો છે, પણ નીચેની તરફ. ટાર્ગેટ ૬-૬.૫ ટકા રાખવામાં આવ્યો હતો, જે ડિસેમ્બરમાં પૂર્ણ થયેલા ત્રિમાસિકમાં ૬ ટકા નોંધાઈ છે. વર્ષ ૨૦૧૯માં ગ્રાહક ખર્ચ, રોકાણ અને ફેક્ટ્રી આઉટપુટ, તમામ નબળા પડ્યા છે.


મહિલાઓની ઈજાગ્રસ્ત તસવીરો જોવા મળી

ઈટલીમાં રસ્તા પર સોનિયા, ઓબામા, માર્કલ જેવી હસ્તિઓના વિવાદિત પોસ્ટર લાગ્યા

મિલાન

ઈટલીના સાંસ્કૃતિક શહેર મિલાનના રસ્તા પર લગાવેલા પોસ્ટર્સ આજકાલ બધાનું ધ્યાન ખેંચી રહ્યા છે. આ પોસ્ટર્સ દુનિયાની સૌથી શક્તિશાળી મહિલાઓના છે જેમાં સોનિયા ગાંધી, મિશેલ ઓબામા, એન્જેલા માર્કલ જેવી હસ્તિઓનો સમાવેશ થાય છે. પરંતુ ખાસ વાત એ છે કે તે તમામના ચહેરાઓ પર ઈજાના નિશાન જોવા મળી રહ્યા છે. તેમના ચહેરાઓ પર ધારદાર હથિયારોની સાથે જ શારીરિક હિંસાના નિશાન પણ જોવ મળી રહ્યા છે.

દુનિયાની આ શક્તિશાળી હસ્તિઓના આ પોસ્ટર મહિલાઓ પર થતી હિંસાનો વિરોધ કરવા માટે શરૂ કરવામાં આવેલા કેમ્પેન અંતર્ગત લગાવવામાં આવ્યા છે. આ



કેમ્પેનને ડિઝાઈન કરનાર ઈટાલિયન આર્ટિસ્ટ એલેક્સેન્ડ્રો પલોમ્બો પ્રમાણે તેઓ સંસ્થાઓ તરફથી મહિલાઓ પર થતી હિંસાને રોકવા માટેના ખરેખર પ્રયત્ન કરવામાં આવે તેવું ઈચ્છે છે.

પોસ્ટર્સમાં કહેવામાં આવ્યું છે કે મહિલાઓ પર થતી હિંસા 'જાતિ, વર્ગ અને ધર્મ' વચ્ચે અંતર નથી કરતી. આ તથ્યને દર્શાવવા માટે દુનિયાની સૌથી શક્તિશાળી મહિલાઓ પર હિંસા આચરવામાં આવી હોય તેવી તસવીરો બનાવી છે.

ઈટલીના આર્ટિસ્ટે પોતાના તરફથી સંદેશો આપવા માટે જે-જે મહિલાઓના ચહેરાઓનો ઉપયોગ કર્યો છે તેમાં કોંગ્રેસની અધ્યક્ષ સોનિયા ગાંધી, અમેરિકાની ડેમોક્રેટિક સાંસદ એલેક્ઝેન્ડ્રિયા ઓકાસિયો કોર્ટેજ, રાષ્ટ્રપતિ પદની પૂર્વ દાવેદાર હેલેરી ક્લિંટન, મિશેલ ઓબામા, મ્યાનમારની નેતા આંગ સાન સૂ કી, ફ્રાન્સની પ્રથમ મહિલા બ્રિગેડ મૈક્રોં, જર્મન ચાંસેલર એંજેલા માર્કલ જેવા મહાનુભાવોનો સમાવેશ કર્યો છે.

મુખ્યમંત્રી ઠાકરેએ સાંઈબાબાના જન્મસ્થાન વિશે નિવેદન આપતા વિવાદ

રવિવારથી શિરડીની હોટલો-બજારો અનિશ્ચિતકાળ સુધી બંધ રહેશે

મુંબઇ

શિરડીના જગપ્રસિદ્ધ સંત સાંઈબાબાના જન્મસ્થળ અંગે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન શિવસેનાના ઉદ્ધવ ઠાકરેએ કરેલા વિધાનથી નારાજ થયેલા શિરડીવાસીઓ આ રવિવાર ૧૯ જાન્યુઆરીથી શિરડીની તમામ હૉટલો અને દુકાનો બેમુદત બંધ રાખશે એવી ઔપચારિક જાહેરાત કરવામાં આવી હતી.

ઉદ્ધવે ઔરંગાબાદમાં એક સભાને સંબોધતાં એવો દાવો કર્યો હતો કે પરભણી નજીક આવેલા પારધિ ગામમાં સાંઈબાબા જન્મ્યા હતા. અમે આ વિસ્તારના વિકાસ માટે ૧૦૦ કરોડ રૂપિયા ફાળવીશું અને આ વિસ્તારનો વિકાસ કરીશું. સ્વાભાવિક રીતે પારધી ગામમાં હરખની લહેર ફરી વળી હતી.

પરંતુ શિરડીમાં આક્રોશ ફેલાયો હતો. સાંઈબાબા જ્યાં આજીવન રહ્યા હતા એ શિરડીના વિકાસ માટે કેમ કશું નહીં એવા સવાલ સાથે શિરડીએ એવી જાહેરાત કરી હતી કે રવિવાર ૧૯ જાન્યુઆરીથી શિરડીની તમામ હૉટલો અને નાની મોટી દુકાનો બેમુદત બંધ રહેશે. શિરડીમાં આવનારને ફક્ત સાંઈબાબાનાં દર્શન થશે ખાવાપીવા કે રાત રોકાણ માટે કોઈ વ્યવસ્થા નહીં મળે.

આજે શુક્રવારે શિરડીના મુખ્ય વહીવટી અધિકારી શિરડીગામના રહેવાસીઓ સાતે ચર્ચા કરી રહ્યા હતા. ઉપરાંત શનિવારે સાંજે શિરડી ગ્રામ સમાજ એક બેઠક યોજશે. શિરડીવાસીઓનું કહેવું એવું છે કે પારધીના વિકાસ માટે તમે ૧૦૦ નહીં ૨૦૦ કરોડ ખર્ચો એની સામે અમને કોઈ વાંધો નથી પરંતુ સાંઈબાબા પારધીમાં જન્મ્યા હતા એવું તમે કયા આધારે કહો છો એ તો સ્પષ્ટ કરો.

સાંઈબાબાનું જન્મસ્થળ પાથરી હોવાના અનેક પુરાવા છે : એનસીપી નેતા

ઔરંગાબાદ

એનસીપીના ધારાસભ્ય દુર્રાની અબ્દુલ્લાહ ખાને સાંઈબાબાના જન્મસ્થળના વિવાદમાં ચોંકાવનારું નિવેદન કરતા જણાવ્યું છે કે, સાંઈબાબાનો જન્મ મહારાષ્ટ્રના પરભણી જિલ્લાના પાથરી ગામમાં થયો હોવાના અનેક પુરાવા છે. આ ઉપરાંત ખાને વધુમાં ઉમેર્યું કે, જો પાથરીને વિકસાવવામાં આવે છે તો મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લામાં આવેલા પ્રસિદ્ધ સાંઈ મંદિરનું મહત્વ ઘટી જશે.

સીડીએસ જનરલ રાવતના નિવેદન પર ઓવૈસીનો પલટવાર

રાવતજી તમે કોને કોને સુધારશો?: ઓવૈસીનો સવાલ

હૈદરાબાદ

એઆઈએમઆઈએમના નેતા અસદુદ્દીન ઓવૈસીએ સીડીએસ જનરલ બિપિન રાવત પર નિશાન સાધ્યું છે. ઓવૈસીએ જણાવ્યું છે કે, તમે ડી-રેડિકલાઈઝ કરવાની વાત કરો છો પરંતુ તમે કોને કોને ડી-રેડિક્લાઈઝ કરશો? તેમણે તેમના નિવેદનની તુલના કેનાડામાં અંગ્રેજોની સરકાર દ્વારા કરાયેલા દમન સાથે કરી, સાથે સાથે તેમણે જણાવ્યું કે, સીડીએસે જુવેનાઈલ એક્ટ વાંચવો જોઈએ.

અસદુદ્દીન ઓવૈસીએ સવાલ કરતા જણાવ્યું હતું કે, જુનેદ, તબરેઝ, પહેલુના હત્યારાઓનું ડી-રેડિકલાઈઝેશન કોણ કરશે. ઝારખંડમાં અલીમુદ્દીન અંસારી હત્યાકાંડના આરોપીનું સરકારના મંત્રીએ સ્વાગત કર્યું તેને કોણ ડી-રેડિકલાઈઝ કરશે? તમે આસામના હિન્દુઓને નાગરિકતા પ્રદાન કરશો પરંતુ મુસ્લિમોને કેમ નહીં, કેવીરીતે ડી-રેડિકલાઈઝ કરશો?

રાયસીના ડાયલોગને ટાંકીને જનરલ રાવતે કાશ્મીરની સ્થિતિનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, ખીણમાં ૧૦ અને ૧૨ વર્ષના છોકરા-છોકરીઓને કટ્ટરપંથી બનાવવામાં આવી રહ્યા છે જે ચિંતાનો વિષય છે. આ લોકોને ધીમે-ધીમે કટ્ટરપંથીથી અલગ કરી શકાય છે. જો કે એવા લોકો પણ છે જે કટ્ટરપંથી બની ગયા છે તેમને અલગ કરીને કટ્ટરપંથથી દૂર કરવા માટે શિબિરમાં લઇ જવાની જરૂર છે.

હું ક્યારેય ચૂંટણી લડવાની નથીઃ નિર્ભયાની માતાની સ્પષ્ટતા

ન્યુ દિલ્હી

દિલ્હી વિધાનસભા ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે નિર્ભયાની માતા આશાદેવી મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સામે ચૂંટણી લડી શકે છે. તેવા સમાચાર વહેતા થયાં હતા ત્યારે આશાદેવીએ નિવેદન આપતા જણાવ્યું હતું કે તેઓ ક્યારેય ચૂંટણી લડવાના નથી.

નિર્ભયાની માતા આશાદેવી દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં સીએમ અરવિંદ કેજરીવાલ સામે નવી દિલ્હી વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર તે કોંગ્રેસની ટિકિટ પર ચૂંટણી લડશે. તાજેતરમાં જ તેમણે નિર્ભયા દોષીઓને ફાંસી આપવામાં મોડા થવા માટે અરવિંદ કેજરીવાલ અને ભાજપ પર નિશાન સાધ્યું છે.

વૈશ્વિક વિકાસ દર પણ ૧૦ વર્ષની નીચી સપાટીએ રહે તેવી શક્યતાઃ યુએન રિપોર્ટ

બજેટ પૂર્વે યુએનએ ભારતનો જીડીપી ઘટાડી ૫.૭ % કર્યો

ગયા વર્ષે યુએન દ્વારા ભારતનો જીડીપી દર ૭.૬ ટકા અંદાજવામાં આવ્યો હતો ત્યારે આ વખતે તેમાં ઘટાડો કરતાં મોદી સરકારની આર્થિક ક્ષેત્રે વધુ એક પીછેહઠ



ન્યૂયોર્ક

હવે સંયુક્ત રાષ્ટ્ર સંઘએ ભારતના જીડીપી ગ્રોથ અનુમાનને ઘટાડી દીધુ છે. યુએનએ કહ્યું કે વર્તમાન નાણાકીય વર્ષમાં ભારતનો આર્થિક વૃદ્ધિ દર ૫.૭ ટકા રહી શકે છે. આ પહેલા વર્લ્ડ બેંક જેવી કેટલીક આંતરરાષ્ટ્રીય એજન્સીઓ ભારતના જીડીપી ગ્રોથના અનુમાનને ઘટાડી ચુકી છે.

સંયુક્ત રાષ્ટ્રે પોતાના પૂર્વના અનુમાનને ઘટાડી દીધુ છે. ગત વર્ષે યુએને નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં ૭.૬ ટકા જીડીપી ગ્રોથનું અનુમાન લગાવ્યુ હતું. ભારત સરકારના કેન્દ્રીય સ્ટેટેસ્ટિક કાર્યાલય અને વર્લ્ડ બેંકે માત્ર ૫ ટકા જીડીપી ગ્રોથ રાખવાનું અનુમાન જાહેર કર્યુ છે.

નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં ભારતમાં ૬.૮ ટકા જીડીપી વૃદ્ધિ થઇ હતી. સંયુક્ત રાષ્ટ્રના એક અધ્યયનમાં કહેવામાં આવ્યુ છે કે કેટલાક અન્ય ઉભરતા દેશોમાં જીડીપી વૃદ્ધિ દરમાં આ વર્ષે કેટલીક તેજી આવી શકે છે.

દરમ્યાનમાં કેન્દ્ર સરકારનું આગામી બજેટ તૈયાર થઇ રહ્યું છે અને ૧ ફેબ્રુઆરીના રોજ રજૂ થાય તે દરમ્યાન સંયુક્ત રાષ્ટ્ર સંઘનો આ અંદાજ કેન્દ્રીય બજેટ પર અસર કરી તેમ હોવાનું ચર્ચાઇ રહ્યું છે.

ગત વર્ષે વૈશ્વિક આર્થિક વૃદ્ધિ દર સૌથી ઓછો ૨.૩ ટકા રહ્યા બાદ સંયુક્ત રાષ્ટ્રે આ વાત કહી છે. સંયુક્ત રાષ્ટ્ર વિશ્વ આર્થિક સ્થિતિ અને સંભાવના ૨૦૨૦ અનુસાર ૨૦૨૦માં ૨.૫ ટકા વૃદ્ધિની સંભાવના છે પરંતુ વ્યાપાર તણાવ, નાણાકીય ઉથલ પાછલ અથવા ભૂ-રાજકીય તણાવ વધતા તે પાટા પરથી ઉતરી શકે છે. ભારત વિશેના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ચાલુ નાણાકીય વર્ષમાં આર્થિક વૃદ્ધિ દર ૫.૭ ટકા રહી શકે છે.

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આગામી નાણાકીય વર્ષમાં ભારતમાં આર્થિક વૃદ્ધિ દર ૬.૬ ટકા રહેવાનું અનુમાન છે. પહેલા યુએને તેના ૭.૪ ટકા રહેવાની વાત કહી હતી. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ભારતના જીડીપી વૃદ્ધિ દર ગત નાણાકીય વર્ષમાં ૬.૮ ટકા રહ્યું હતું.

આ વર્ષની શરૂઆતમાં વિશ્વ બેંકે પણ ભારતના જીડીપી ગ્રોથના અનુમાનને ઘટાડી દીધુ હતું. વર્લ્ડ બેંકે કહ્યું હતું કે આ નાણાકીય વર્ષ એટલે ૨૦૧૯-૨૦૨૦માં ભારતની જીડીપી દર માત્ર ૫ ટકા રહી શકે છે. તે બાદ આગામી નાણાકીય વર્ષમાં પણ ભારતની જીડીપીમાં માત્ર ૫.૮ ટકા રહેવાનું વર્લ્ડ બેંકે અનુમાન લગાવ્યુ હતું. આ વર્લ્ડ બેંકના અનુમાનમાં મોટો કાપ છે. આ પહેલા ઓક્ટોબર, ૨૦૧૯માં વર્લ્ડ બેંકે કહ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં પણ ભારતના જીડીપીમાં માત્ર ૫.૮ ટકા દર રહેવાનો વર્લ્ડ બેંકે અનુમાન લગાવ્યુ હતું. આ વર્લ્ડ બેંકના અનુમાનમાં મોટો કાપ છે. આ પહેલા ઓક્ટોબર, ૨૦૧૯માં વર્લ્ડબેંકે કહ્યું હતુંકેનાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે ભારતના જીડીપીમાં ૬ ટકાનોગ્રોથ થઈ શકે છે.

આ પહેલા ભારત સરકારના કેન્દ્રીય સ્ટેટેસ્ટિક કાર્યાલય (CSO) દ્વારા જાહેર પૂર્વાનુમાનમાં પણ કહેવામાં આવ્યુ છે કે આ નાણાકીય વર્ષમાં દેશના જીડીપીમાં માત્ર ૫ ટકાનો વધારો થશે.સરકરા તરફથી તાજેતરમાં જીડીપીના જે પૂર્વાનુમાનના આંકડા રજૂ કરવામાં આવ્યા છે. જેમાં કહેવામાં આવ્યુ છે કે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં જીડીપી ગ્રોથ માત્ર ૫ ટકા રહી શકે છે.

મહારાણીએ ૧૧૪ વકીલોને પોતાના ક્વિન કાઉન્સલ તરીકે નિયુક્ત કર્યા

બ્રિટનના મહારાણી એલિઝાબેથે હરિશ સાલ્વેને પોતાના સલાહકાર તરીકે નિયુક્ત કર્યા

ન્યુ દિલ્હી

વરિષ્ઠ વકિલ અને દેશના પૂર્વ સોલિસિટર જનરલ સોલ્વેને આંતરરાષ્ટ્રીય સ્તર પર એક મોટી જવાબદારી મળી છે. ઈંગ્લેન્ડ અને વેલ્સના મહારાણી એલિઝાબેથ દ્વિતીયએ હરીશ સાલ્વેને પોતાનો કાઉન્સિલ તરીકે નિયુક્ત કર્યા છે. મહારાણી એલિઝાબેથ દ્વારા દર વર્ષે કોમનવેલ્થ દેશમાંથી કેટલાંક વરિષ્ઠ વકીલોની નિમણૂક કરવામાં આવે છે, જેમાં આ વખતે હરીશ સાલ્વેનું નામ છે.

ઉલ્લેખનીય છે કે હરીશ સાલ્વે ભારતના એક મોટા વકીલમાંના છે, ગત વર્ષે આંતરરાષ્ટ્રીય કોર્ટમાં જ્યારે ભારતીય નાગરિક કુલભૂષણ જાધવનો કેસ લડ્યો હતો. ત્યારે પાકિસ્તાન વિરુદ્ધ હરીશ સાલ્વેએ કમાન સંભાળી લીધી હતી અને માત્ર એક રૂપિયાની ફી લઈને પાકિસ્તાનને લપડાક મારી હતી.

બ્રિટિશ સરકાર તરફથી જારી કરવામાં આવેલ પ્રેસ રીલીઝ મુજબ, મહારાણીએ ૧૧૪ વકીલોને પોતાના ક્વીન સલાહકાર તરીકે નિયુક્ત કર્યા છે. આ સન્માન એ બધા ને મળે છે જેમણે વકિલાત ક્ષેત્રમાં ઉમદા કામ કર્યું હોય. આ ૧૧૪ સહિત મહારાણીએ ૧૦ વકીલોને સન્માન કરવાનું પણ એલાન કર્યું છે. બ્રિટીશના મહારાણી તરફથી ૧૬ માર્ચના રોજ એક સમારોહમાં આ બધાને સન્માનિત કરવામાં આવશે.

બિહારના મુંગેર જિલ્લામાં બનેલી ઘટના

યુવકે પોતાના પરિવારના ૫ લોકોની હત્યા કરી પોતે આપઘાતનો પ્રયાસ કર્યો

મુંગેર

મુંગેર જિલ્લામાં યુવકે પોતાના જ પરિવારના ૫ સદસ્યોની હત્યા કરી હતી. જેમાં તેણે તેની માતા, પત્ની અને ત્રણ દિકરીઓની હત્યા કરી હતી.

ખડકપુર પોલીસ સ્ટેશનની હદમાં આવતા કન્હૈયા ટોલા વિસ્તારમાં એક યુવકે તેની માં, પત્ની અને ૩ દિકરીની હત્યા કરી હતી. ઘટના બાદ સ્થાનિક પોલીસે યુવકની ધરપકડ કરી હતી.

પાંચ લોકોની હત્યા કર્યા બાદ આરોપીએ આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ, બાદમાં તેનો બચાવ થયો હતો. આસપાસના લોકોએ આ ઘટનાની જાણકારી પોલીસને આપી હતી. પોલીસે ઘટના સ્થળે પહોંચી યુવકની ધરપકડ કરી હતી. આ હત્યા કરવા પાછળનું કારણ હજુ પણ અકબંધ છે.

કનેક્ટ ઈન્ડિયન્સ www.connectindians.inમાં જોડાઈ નિયમ મુજબ કામ કરો અને સોળ વર્ષ જુના સમાચારપત્ર (news paper) જંગ એ ગુજરાત www.jungegujarat.inના
PRESS પ્રતિનિધિ બની સમાજમાં પ્રતિષ્ઠા સાથે સંપત્તિ કમાવા તાત્કાલિક વહેલા તે પહેલાંના ધોરણે નિયુક્તિ માટે સંપર્ક કરો. ૯૯૭૮૪૦૬૨૫૭

જોજો ચૂકી જતા આ મોકો

MARKET 4U ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૫૫૦/- ભરી શકે તેવા અને
પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા
૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને
મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો
(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને **જીતો**



MARUTI ALTO



HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રે ૧૫ ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિવસ

(શરતો લાગુ રહેશે)

9978406257

'આપની પ્રગતિ એજ અમારો નિર્ધાર'

શુ આપ **Market4u** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/-ભરાવી **Market4u**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **Market4u**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U** ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

અને હા જેને **PRESS** માં જોડાવામાં રસ હોય તેઓ પણ સંપર્ક કરી શકશે
PRESS પ્રતિનિધિ બનાવવામાં આવશે (નિયમ લાગુ રહેશે)

MARKET 4U **ફ્રેન્ચાઈઝી નીમવાના છે**

CEO Mrket4u, Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850
www.jungegujarat.in

Market4u રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી
(રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

ઓફીસ એડ્રેસ

સુરત
Market4u
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ
Market4u
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ
જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U**નું નવું સાહસ
WWW.CONNECTINDIANS.IN

Market4uના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને **Market4u** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો
9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૫૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **Market4u**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **market4u** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૫૫૦/- ભરો અને અન્યોને **Market4u**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૫૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in • www.market4u.in
ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ *મોકલવાનો ખર્ચ રૂ.૧૦૦/- અલગથી ચૂકવવાનો રહેશે*

CONNECT INDIANS : MLM Plan Rs. 550
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૧ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨
૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટર:** ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૫૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ રૂપિયા ૧૦૦/- એમ કુલ ૬૫૦/- ટ્રાન્સફર કરો . ટ્રાન્જેક્સનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **Market4u**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.jungegujarat.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :
CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257
(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી સ્થાનેથી...

હવે અંતરિક્ષમાં ફેક્ટરી

દુનિયાના સૌથી અમીર વ્યક્તિ અને ઈ-કોમર્સ કંપની એમેઝોનના સ્થાપક જેફ બેજોસની ભારત યાત્રા કેટલી સફળ રહી તેની ચર્ચા તો આગળ થતી જ રહેશે. પરંતુ ભાવિ દુનિયાના પોતાના સપનાની ચર્ચા કરીને તેમને ભારતીયોને પણ એક નવા આસમાન દેખાવવા જેવુ કામ કર્યુ છે. મેક ઇન ઇન્ડિયા પેદાશોની નિકાસ અને નાના મોટા કારોબારીના ડિજિટલીકરણ કરીને કેટલીક વાત કરી છે. અંતરિક્ષમાં નવી દુનિયા વસાવવા માટે પણ કેટલીક હિલચાલ ચાલી રહી છે. ધરતીથી અલગ દુનિયા વસાવવા માટે દુનિયાના દેશો લાગેલા છે. નવી દુનિયા વસાવવા માટેના સપનાને પૂર્ણ કરવા માટે કામ ચાલી રહ્યુ છે. અલગ દુનિયા વસાવવા માટે જે કંપનીઓ દ્વારા કામ શરૂ કરી દેવામાં આવ્યુ છે તેમાં બેજોસની કંપની બ્લુ ઓરિજીનનો પણ સમાવેશ થાય છે. સાથે સાથે એલન મસ્કની કંપની પણ સામેલ છે. એકબાજુ સ્પેસ એક્સ સરળ અને સસ્તી રીતે આગળ વધી રહી છે. સ્પેસમાં સરળ રીતે અવરજવર કરવા માટે કામ કરી રહી છે. બીજી બાજુ બ્લુ ઓરિજન અંતરિક્ષમાં ભારે ચીજવસ્તુઓ મોકલવા માટેની તૈયારીમાં છે. જેના કારણે સ્પેશમાં ફેક્ટરીઓ ખોલવાની કામગીરી પણ શરૂ કરી શકાશે. આજે જોવામાં આવેલા સપના આવતીકાલે સાચા સાબિત થઇ શકે છે. આમાં શંકા કરવાની બાબત બેઇમાની હોઇ શકે છે. અંધાધુંધ દોહનના કારણે ધરતી પર જીવનની શક્યતા ધીમે ધીમે ઓછી થઇ રહી છે. લોકપ્રિય વૈજ્ઞાનિક સ્ટીફન હોકિંગ પહેલાથીજ કહી ચુક્યા છે કે અંતરિક્ષ માનવી માટે આગામી સ્થળ હોઇ શકે છે. આની તૈયારી પણ કરવી જોઇએ. વૈજ્ઞાનિક સપના નિહાળે છે. તેમના સપનાને કે તો સરકાર પૂર્ણ કરે છે અથવા તો મોટા કોર્પોરેટ હાઉસ દ્વારા તેમના સપના પૂર્ણ કરવામાં આવે છે. જેફ બેજોસ અને એલન મસ્ક જેવા બહુરાષ્ટ્રીય કારોબારી જે રીતે સપના જોઇ રહ્યા છે તેનાથી કહી શકાય છે કે તેમના પર સરકારી નિયંત્રણ ખતમ થઇ જશે. કારણ કે તેમના સપના તો ધરતીથી પાર અને અંતરિક્ષમાં સાકાર થનાર છે. જ્યાં હાલમાં કોઇ પણ પ્રકારના નિયમો લાગુ થતા નથી. ભવિષ્યમાં અંતરિક્ષ યુદ્ધની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. જીવનના ક્રમિક વિકાસના સિદ્ધાંતને ટાળી શકાય તેમ નથી. અમારી મહત્વકાંક્ષા સતત વધી રહી છે. આ કહેવાની બાબત બિલકુલ અયોગ્ય નથી કે જ્યારે ધરતી માનવીની ઇચ્છા અને મહત્વકાંક્ષા પૂર્ણ કરી શકશે નહીં ત્યારે ચન્દ્ર અને અન્ય સ્થળો જ ઉપયોગી સાબિત થઇ શકે છે. સાથે સાથે એવો પ્રશ્ન પણ થઇ રહ્યો છે કે જ્યારે આવી સ્થિતી સર્જાશે ત્યારે ભારતની ભૂમિકા શુ રહી શકે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં જે રીતે ભારતીય અંતરિક્ષ સંસ્થાએ પ્રગતિ કરી છે તે જોતા કહી શકાય છે કે નવી દુનિયામાં તેની પણ ઉપયોગી ભૂમિકા રહી શકે છે. અમારા વૈજ્ઞાનિકોએ પોતાના મિશન મારફતે તેમની કુશળતા સાબિત કરી શકે છે. અમારા વૈજ્ઞાનિકોએ સસ્તા અંતરિક્ષ મિશનોને હાલના વર્ષોમાં પાર પાડ્યા છે. જેફ બેજોસ પણ આ બાબતને લઇને વાકેફ છે. અંતરિક્ષમાં નવી દુનિયામાં ભારતની પણ ચાવીરૂપ ભૂમિકા રહી શકે છે. ઇસરોના વૈજ્ઞાનિકો એક પછી એક સિદ્ધી હાંસલ કરી રહ્યા છે.

ધરતીથી અલગ જ વસાવવામાં આવનારી નવી દુનિયામાં અમારી ભૂમિકા રહેશે જ

ફિલ્મી સફર : ૧૫થી ૨૦ રીલમાં સંપૂર્ણ ફિલ્મ આવતી હતી

પહેલા પેટીમાં રીલ આવતી હતી

જ્યારે ભારતમાં સિનેમાની શરૂઆત થઇ ત્યારબાદથી લઇને સમય સમય પર સિનેમામાં જોરદાર ફેરફારો થતા રહ્યા છે. પહેલા બ્લેક એન્ડ વ્હાઇટ ફિલ્મો બનતી હતી. ત્યારબાદ સિનેમામાં કલરની શરૂઆત થઇ હતી. ટેકનોલોજી આવવાની સાથે સાથે સિનેમા નિહાળવાના તરીકા પણ બદલાઇ ગયા છે. હવે સિંગલ થિયેટરની જગ્યાએ મલ્ટીપ્લેક્સ જોવા મળે છે. ફિલ્મ ડ્રીસ્ટ્રીબ્યુટર રાજ બંસલે હાલમાં વિગત આપતા કેટલીક રસપ્રદ બાબત કરી હતી. જે યુવા પેઢીને બિલકુલ જાણકારી નથી. તેમના કહેવા મુજબ હવે તો જમાનામાં હાઇટેક ટેકનોલોજી આવી ગઇ છે. પહેલા ફિલ્મોની રીલો લોખંડની પેટીમાં આવતી હતી. આ પેડી સિલબંધ રહેતી હતી. તેમાં જે રીલ રહેતી હતી તે લેબમાં ટેસ્ટ કરવામાં આવ્યા બાદ પેક કરવામાં આવતી હતી. કોઇ રીલ સાથે છેડછાડ ન કરી શકે તે માટે લેબમાં રીલના ટેસ્ટ થતા હતા. કોઇ જગ્યા પર રીલ ખરાબ ન હોય તેની ખાસ કાળજી પણ લેવામાં આવતી હતી. ટેસ્ટ કરવામાં આવ્યા બાદ જ ખુબ યોગ્ય રીતે રીલ પેક કરવામાં આવતી હતી. જો એગ્રીમેન્ટ ખતમ થતા પહેલા રીલ ખરાબ થવા અને ડેમેજ થઇ જાય તો મામલો સીસીસીએમાં પહોંચી જતો હતો. તેના દ્વારા જે ચુકાદો આપવામાં આવતો હતો તેને સિનેમાહોલ અને ડ્રિસ્ટીબ્યુટરને સ્વીકાર કરવાની જરૂર રહેતી હતી. ૧૫થી ૨૦ રીલમાં પૂર્ણ ફિલ્મ આવતી હતી. એક ફિલ્મની રીલ ૧૫થી ૨૦ ડબ્બામાં આવતી હતી. તે રીલને લોખંડની પેટીમાં મુકવામાં આવતી હતી. તે પેટીનુ વજન આશરે ૫૦ કિલોગ્રામ રહેતુ હતુ. આ રીલને મુંબઇને ટ્રેન મારફતે લઇને અન્યત્ર પહોંચાડી દેવામાં આવતી હતી. મુંબઇથી દેશના જુદા જુદા ભાગોમાં થિયેટર અને સિનેમાઘર સુધી રીલ પહોંચી જતી હતી. ટ્રેન અને ગાડીમાં ફિલ્મની રીલ લાવવાના કારણે પાઇરેસીનો ખતરો રહેતો હતો. આને રોકવા માટે મોડેથી વિમાન મારફતે ફિલ્મની રીલ મંગાવવામાં આવતી હતી. ડિસ્ટ્રીબ્યુટર જ્યારે સિનેમાહોલને ફિલ્મ આપતા હતા ત્યારે તેને દર્શાવવા માટે થિયેટરના અધિકાર એક સપ્તાહ માટે આપવામાં આવતા હતા. ત્યારબાદ જો સિનેમાહોલના લોકો આ જ ફિલ્મને આગળ દર્શાવવા ઇચ્છે તો નવા એગ્રીમેન્ટ કરવામાં આવતા હતા. જ્યારે ફિલ્મો રીલમાં આવતી હતી ત્યારે એક ફિલ્મની રીલ ૪૦થી ૫૦ સપ્તાહ સુધી કામમાં લેવા લાયક રહેતી હતી. વિતેલા વર્ષોમાં ફિલ્મને લઇને ચાહકોમાં આજ કરતા વધારે ક્રેઝ રહેતો હતો. કારણ કે ફિલ્મ ઓછી આવતી હતી. આની સાથે સાથે કોઇ મોટા સ્ટારની ફિલ્મ આવવાની સ્થિતીમાં તો જોરદાર પડાપડી થતી નથી. કોઇ ફિલ્મ હિટ થતા ચાહકોમાં અનેક વખત ફિલ્મ જોવાનો ક્રેઝ હતો. સાથે સાથે ટિકિટના દરો ઓછા હતા. ઇન્ટરનેટ ક્રાન્તિની અસર સિનેમાઘરો અને ફિલ્મો પર પડી રહી છે. હવે ફિલ્મો રીલમાં આવતી નથી. બલ્કે સેટેલાઇટ મારફતે દર્શાવવામાં આવે છે. રાઇટ્સ તો હજુ પણ ડિસ્ટ્રીબ્યુટરોની પાસે જ રહે છે. આ લોકો ફિલ્મના ફર્સ્ટ શોથી આશરે એક કલાક પહેલા સિનેમાહોલને એક કોડ મોકલે છે. જેને લાયસન્સ કહેવામાં આવે છે. આ કોડથી ફિલ્મને અનલોક કરવામાં આવે છે. આધુનિક સમયમાં ટેકનોલોજીની અસર સીધી રીતે દેખાઇ રહી છે. પહેલા સ્થિતી અલગ હતી. વિતેલા વર્ષોમાં તમામ મોટા સ્ટારની ફિલ્મો જોવા માટે પડાપડી થતી નથી. અમિતાભ બચ્ચન, ધર્મેન્દ્ર, જીતેન્દ્ર, રાજેશ ખન્ના, રાજેન્દ્ર કુમાર, દેવાઆનંદ, દિલીપ કુમાર, રાજકપુર સુધી આ દોર રહ્યો હતો. આ ગાળામાં નવી ફિલ્મ જારી કરવામાં આવતી ત્યારે વિડિયોમાં પણ ફિલ્મો નિહાળવાની પ્રથા ચાલતી હતી. એ વખતે વિડિયો કેસેટ આવતી હતી. જેમાં ફિલ્મો ટીવી પર દર્શાવવામાં આવતી હતી. રજાના ગાળામાં સોસાયટી અને પરિવારના લોકો આવી પસંદગીની ફિલ્મો મંગાવતા હતા અને ટીવી પર ફિલ્મો નિહાળવવામાં આવતી હતી. ફિલ્મી યાત્રાની પટકથા પણ ખુબ જુની થઇ ચુકી છે. પહેલાની યાદ આજે અમે અમારા લેખમાં તાજી કરી રહ્યા છીએ. યુવા પેઢી આ બાબતને લઇને હજુ વાકેફ નથી કે પહેલા કઇ રીતે ફિલ્મોની રીલ સિનેમાહોલ સુધી પહોંચતી હતી. સાથે સાથે તેની સાચવણી કઇ રીતે કરવામાં આવતી નથી. પહેલા મોટા ભાગની ફિલ્મ ૧૫થી ૨૦ રીલમાં પૂર્ણ થતી હતી. મોટા ભાગની ફિલ્મ ૧૫ રીલમાં પૂર્ણ કરવામાં આવતી હતી. જો કે કેટલીક ફિલ્મો ૨૦ રીલ સુધી ચાલતી હતી. જે ત્રણ કલાક કરતા વધારે મોટી રહેતી હતી. હવે સ્થિતી બદલાઇ ગઇ છે. પહેલા કેટલા રીલની ફિલ્મ પૂર્ણ થઇ તે અંગે માહિતી મળતી નથી. કારણ કે રીલ અંગે પરદા પર લખીને આવતુ હતુ.



લોંખડની પેટીનુ વજન આશરે ૫૦ કિલો રહેતુ હતુ : મુંબઇથી ટ્રેન મારફતે રીલ પહોંચતી હતી : રાઇટ્સ પહેલા એક સપ્તાહ મળતા હતા

હવે ફિલ્મ રજૂ થવાના કલાક પહેલા અનલોક કોડ

હવે સેટેલાઇટ નવી ટેકનિક

ઇન્ટરનેટ ક્રાન્તિની અસર સિનેમાઘર અને ફિલ્મો પર પણ જોવા મળી રહી છે. હવે ફિલ્મો રીલમાં આવતી નથી. બલ્કે સેટેલાઇટ મારફતે દર્શાવવામાં આવે છે. રાઇટ્સ તો હજુ પણ પહેલાની જેમ જ ડિસ્ટ્રીબ્યુટરની પાસે જ રહે છે. આ લોકો ફિલ્મના પ્રથમ શોના એક કલાક પહેલા સિનેમાઘરોના લોકોને એક કોડ મોકલે છે. જેને લાયસન્સ કહેવામાં આવે છે. આ કોડથી સિનેમાઘરના લોકો ફિલ્મને અનલોક કરે છે. ત્યારબાદ પરદા પર દર્શાવે છે. કેટલીક બાબતો તો હજુ પણ પહેલા જેવી જ રહેલી છે. જેના ભાગરૂપે સિનેમાઘરોને હજુ પણ એક સપ્તાહ માટે જ કોઇ ફિલ્મના લાયસન્સ આપવામાં આવે છે. તેની સમય અવધિ ખતમ થઇ ગયા બાદ નવી ફિલ્મના લાયસન્સ લેવામાં આવે છે. જાણકાર લોકો માને છે કે નવી ટેકનોલોજી આવી જવાથી ફિલ્મની ગુણવત્તા પહેલા કરતા ખુબ સારી થઇ ગઇ છે. પહેલા જો કોઇ રીલના હિસ્સા ને નુકસાન થઇ જતુ હતુ તો પરદા પર તેની ક્વાલિટી બગડી જતી હતી. હવે સેટેલાઇટ મારફઉતે ફિલ્મો એચડીમાં આવવા લાગી ગઇ છે. સાઉન્ડ પણ પહેલા કરતા વધારે શાનદાર રહે છે. સાથે સાથે જો કોઇ રીલના હિસ્સાને નુકસાન થાય છે તો પહેલા ગીત કટ થઇ જતા હતા. પહેલા ફિલ્મ કેટલાક અંશે ઓછી પણ જોવા મળતી નથી. હવે આવી સ્થિતી બિલકુલ નથી. હવે તમામ જગ્યાએ એક સમાન ક્વાલિટી જોવા મળે છે. નુકસાનની કોઇ સંભાવના રહેતી નથી. નવી ટેકનોલોજીના કારણે પાયરેસીનો ખતરો પણ ટળી ગયો છે. પહેલા ટ્રેન અને ગાડીઓમાં ફિલ્મની રીલ લાવવામાં આવતી હતી. જેના કારણે પાયરેસીનો ખતરો રહેતો હતો. આને રોકવા માટે મોડેથી વિમાનનો ઉપયોગ કરવામાં આવતો હતો. જો કે આ પ્રક્રિયા ખુબ જ ખર્ચાળ સાબિત થતી હતી. જો કે હવે ટેકનોલોજીના કારણે સેટેલાઇટ મારફતે ફિલ્મ દર્શાવવામાં આવે છે.

ઇન્ટરનેટ ક્રાન્તિની સિનેમાઘર અને ફિલ્મો ઉપર અસરો

ઇન્ટરનેટ પર પોર્ન સામગ્રીથી યુવા પેઢી પ્રભાવિત


યુવા પેઢી વિકૃત સેક્સ તરફ

ઇન્ટરનેટ મારફતે એક બાજુ તમામ પ્રકારની માહિતી મળવા લાગી ગઇ છે પરંતુ સાથે સાથે તેના મારફતે ઘણી કુટેવ પણ લોકોમાં ફેલાઇ ગઇ છે. યુવા પેઢી ઇન્ટરનેટ ઉપર ઉપલબ્ધ પોર્ન સામગ્રીથી ખૂબ જ પ્રભાવિત છે. યુવા પેઢી આના સંકંજામાં આવી ગઇ છે જેથી કુદરતી સેક્સ સંબંધોના બદલે સેક્સના વિકૃત સ્વરૂપને પસંદ કરી રહ્યા છે. આ સંબંધમાં જ્યારે સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી ત્યારે બ્રિટનમાં રહેનાર એક ૧૯ વર્ષીય યુવતીએ કહ્યું હતું કે ઇન્ટરનેટ ઉપર ચાલી રહેલી પોર્ન સાઇટોના પ્રભાવ ખૂબ જ ખતરનાક છે. તેના કહેવા મુજબ સેક્સની શરૂઆતથી જ પુરુષોના દિમાંગમાં પોર્ન સાઇટોના દ્રશ્ય અથવા તો સીન ઊભરવા લાગી જાય છે. આ લોકો સેક્સ વીડિયો અંગે વિચારતા થી જાય છે. આ યુવતીએ એમ પણ કહ્યું હતું કે પુરુષોમાં આ પ્રકારની ટેવ હવે મોટાભાગે સામાન્ય બની ગઇ છે. વિકૃત સેક્સને લઇને સર્વેમાં મોટાભાગના લોકોએ પોતાની પ્રતિક્રિયા સ્પષ્ટપણે આપી છે. કેટલાક લોકોનું કહેવું છે કે પ્રેમીને સેક્સવેળા નારાજ કરવાની બાબત કોઇપણ ચલાવી લે તેમ નથી. પોર્ન સાઇટોના સીન મોટાભાગે યુવાપેઢીના દિલોદિમાંગ ઉપર છવાયેલા રહે છે. પોર્ન સાઇટોમાં મોટાભાગે ખૂબસુરત અને ફિટનેશ ધરાવતી યુવતીઓ હોય છે જેથી યુવા પેઢી પણ આ યુવતીઓને આ પ્રકારની પુરુષોથી પ્રભાવિત હોય છે. પોર્ન સાઇટોમાં મોટાભાગે કેમેરાની કરામત હોય છે. પરંતુ યુવા પેઢી આ બાબતથી વાકેફ હોતી નથી. જાણકાર લોકોનું કહેવું છે કે પોર્ન સાઇટ મારફતે સેક્સની રમત રમી શકાય છે પરંતુ આનંદની લાગણી લેવી અશક્ય છે. યુરોપમાં ઘણી નાઇટ ક્લબ અને સોશિયલ ફ્રેન્ડશીપ ક્લબમાં ખુલ્લી રીતે ગ્રુપ સેક્સ માટે રજિસ્ટ્રેશન થાય છે. કારણ કે આધુનિક સમયમાં યુવાનો પોર્ન સાઇટોથી પ્રભાવિત થઇને વિકૃત સેક્સ તરફ આકર્ષિત થઇ રહ્યા છે.

ટિપ્પસ : સેક્સ વેળા કેટલીક બાબતોને ધ્યાનમાં રાખવાની જરૂર

સેક્સના કારણે હાર્ટઅટેક થઇ શકે

હાલના દિવસોમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં કેટલીક નવી વિગતો સપાટી પર આવી છે. જેમાં જાણવા મળ્યુ છે કે મહિનામાં એક વખત સેક્સ કરવાની તુલનામાં સપ્તાહમાં બે વખત સેક્સ કરનાર પુરૂષોમાં હાર્ટ અટેકનો ખતરો ઓછો હોય છે. જો કે આ બાબત પણ બિલકુલ સાચી છે કે સેક્સના કારણે કોઇ પણ વ્યક્તિતને હાર્ટ અટેક આવી શકે છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે સેક્સની પ્રક્રિયા પણ એક પ્રકારની કસરત સમાન હોય છે. એટલે કે આ ગાળા દરમિયાન આપના બોડીમાં લોહી પ્રવાહ વધી જાય છે. હાર્ટના ધબકારા પણ વધી જાય છેય. આ જ બાબત હાર્ટ અટેકના કારણ બની શકે છે. સામાન્ય રીતે તો એક અભ્યાસ મુજબ સેક્સથી હાર્ટ અટેકનો ખતરો ૩૦ લાખ પૈકી માત્ર એકમાં હોય છે. જો કે સારી બાબત એ છે કે માહિતી પહેલાથી જ હાંસલ કરી લેવામાં આવે તે જરૂરી છે. આવી સ્થિતી ઉભી ન થાય તે દિશામાં પહેલ કરવામાં આવે તે જરૂરી છે. સપ્તાહમાં બે વખત સેક્સ તો અભ્યાસમાં પણ યોગ્ય ગણવામાં આવે છે. જો કે કેટલાક કપલ્સ સેક્સ લાઇફને ઇન્જોય કરવા માટે દિવસમાં કેટલીક વખત સેક્સ માણે છે. આ બાબત હાર્ટ પર પ્રેશર વધારે છે. સેક્સ લાઇફમાં મશાલા ઉમેરી દેવા માટે કપલ્સ કેટલાક પોઝિશનને ટ્રાય કરે છે. જો કે આમાંથી કેટલીક ખુબ ખતરનાક હોય છે. જેના કારણે બ્લડ ફ્લો બગડી જાય છે. જેથી હાર્ટ પર પ્રેશર આવે છે. સેક્સ પોઝિશનને લઇને સાવધાની રાખવામાં આવે તે જરૂરી છે. બીએસી મેડિસીનના નવેસરના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે વાયગ્રા જેવી દવા માત્ર પ્રાઇવેટ પાર્ટ પર જ નહીં બલ્કે હાર્ટ પર અસર કરે છે. તે હાર્ટ મસલ્સથી થિકનિંગ પ્રોસેસ પર અસર કરીને હાર્ટ અટેકનુ કારણ બને છે. તબીબોની સલાહના આધાર પર જ આ પિલનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું હતું કે એક વખત સેક્સથી ૫૦૦થી ૧૦૦૦ કેલોરી ઊર્જા ખર્ચ થઈ જાય છે. નિષ્ણાંતોના જણાવ્યા મુજબ સેક્સવેળા કરવામાં આવેલા ચુંબનથી નવ કેલોરી ઉર્જા બર્ન થાય છે. તબીબો અને વૈજ્ઞાનિકોનું કહેવું છે કે સેક્સ પ્રવૃત્તિ સ્વસ્થ માનસિકતા જાળવી રાખવામાં પણ ઉપયોગી છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે આના લીધે શરીરમાં ઘણા પ્રકારના હારમોન પેદા થાય છે જે શરીરને સ્વસ્થ અને ખૂબસુરત રાખવામાં ઉપયોગી ભૂમિકા અદા કરે છે. આ અગાઉ વૈજ્ઞાનિકો આ બાબત સાબિત કરી ચૂક્યા છે કે સેક્સ ઘણા રોગોને દૂર કરવામાં ઉપયોગી છે. હેલ્થ અને બ્યુટીને જાળવી રાખવામાં પણ ઉપયોગી થાય છે. પોતાને તરોતાજા રાખવા અને ટેન્શનને દૂર કરવા માટે નિયમિત સેક્સ એક સારો વિકલ્પ છે. સેક્સથી શરીરમાં પેદા થનાર એસ્ટ્રોજન હારમોન ઓસ્ટીયોપોરોસિસ નામની બિમારી નહીં થવા દેવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. સેક્સના કારણે એન્ડોરફિન હારમોનનું કદ વધી જાય છે જેનાથી સ્કીનની ખૂબસુરતી વધી જાય છે. એસ્ટ્રોજન હારમોન શરીર માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ શરીરની સુખસુવિધાઓને વધારવામાં ઉપયોગી છે. શરીરને આનંદની લાગણી આ હારમોનના કારણે થાય છે. સફળ અને નિયમિત રીતે સેક્સ કરનાર દંપત્તિ વધારે સ્વસ્થ જોવા મળ્યા છે. તેમની ખૂબસુરતી પણ લાંબા સમય સુધી ટકી રહે છે. તેમનામાં ઉત્સાહ અને આત્મવિશ્વાસ પણ વધારે રહે છે. સેક્સથી દૂર રહેનાર લોકો સંકોચ અને અપરાધની ભાવના અનુભવ કરે છે. પ્રાપ્ત અહેવાલ મુજબ સેક્સના લીધે શારીરિક ઊર્જા ખર્ચ થાય છે જેના કારણે ચરબીને ઘટાડવામાં પણ મદદ મળે છે. અન્ય એક અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે મોટી સંખ્યામાં યુવાનો બિન સુરક્ષિત સેક્સ સાથે ટેવાયેલા છે. અહેવાલ મુજબ નવા પાર્ટનર સાથે બિન સુરક્ષિત સેક્સ માણનાર યુવાનોની સંખ્યામાં ફ્રાંન્સમાં ૧૧૧ ટકાનો વધારો થયો છે. જ્યારે બ્રિટનમાં ૧૯ ટકા અને અમેરિકામાં છેલ્લા ત્રણ વર્ષમાં ૩૯ ટકાનો વધારો થયો છે. આનો મતલબ એ થયો કે બિનસુરક્ષિત સેક્સને લઈને યુવાનો સાવધાન ચોક્કસપણે છે પરંતુ બિનસુરક્ષિત સેક્સને વધારે મહત્વ આપે છે. અભ્યાસના પરિણામોની સાથે જારી કરવામાં આવેલા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે વિશ્વના તમામ દેશોને યુવાનોમાં ટ્રેન્ડ એક સમાન રહ્યો છે.



સેક્સના કારણે કોઇને પણ હાર્ટ અટેક આવી શકે છે તે બાબત તો બિલકુલ યોગ્ય છે : સેક્સ વેળા લોહી ફ્લો વધી જાય છે



હૃદયને હંફાવી દેતા ખોરાકથી કરો પરહેજ

મોટા ભાગે લોકો હૃદયમાં તંદુરસ્તીની વાત આવે એટલી ખોરાકમાં ફક્ત ઘી તેલ જ વિલન નથી આખા દિવસમા આપએ જેટલુમાં અને જેવુ ખાઈ છીએ ભાઈબંધી છે જો વધારાની કેલરીશરીરા ઠલવાય તો તે અંતે ચો તરબી ત્યારે પણ ઉપરની પરિસ્થિ સર્જાય છે આમ આ ભોજની ચરબી જીભને ભલે સ્વાદિષ્ટ ચટાકો લાગે પરતુ હૃદયમમા તે સટાકો લાગે છે. ભોજનમા ચરબી ઘટાડવા બાફવુ વધારવુ સાતળવુ શેકવુ જેવી યોગ્ય કુકીગે થડ અપાવની જોઈએ અવન તથા નોનસ્ટીક ઉપયોગમમાં કરીને ઓછી માત્રામાં રસોઈ ઉપયોગી કરીને ઓછી માત્રામાં ચરબી વાપરીને બનવાતી રસોઈ પ સ્વાદિષ્ટિમાં હોય છે આવી રસોઈ હૃદયની બીમમારીને દૂર રાખવામાં મદદરુપ છે બને છે. જો આવુ ના કરીએ અને ચરબીથી લથબથ ખાદ્યો ખાધા કરીને તો બને છે એવુ કે જ્યારે આપે વધુ ઘી તેલ ચરબી જેમા માસાહારી ખાદ્યોની પ સમાવેશમાં થઈ જાય વાળો ખોરાકમાં ધીમે ધીમમે આપા લોહીમા બદાર રહેલી ચરબીની માત્ર વધારે છે આ ચરબીને સીરમાં લીપીડના સંયુક્ત નામે ઓળખાય છે એવા દર્દીઓ પીડાત હોય તેણે ભોજન સાદુ નર જરુરથી નિયત્રિત કરવુ જોઈ રોટલો કે રોટલી શાક છાશ અને ડુગળીમાં સાદા જમણમા ઉપથી મમીઠુઉરવાનો અવકાશ ફક્ત છાશમાં જ રહેતો એ પછી દિવસભર પીવાતા કે ખાવાત વેફર ચવાણા ચટી અથામા પાપડ ફાસ્ટફૂટઝ તળેલા ફરસા કુરુકુરે મસાલમાં સોડા જેવા અગણણિત ખાદ્યો દિવસને અંતે જરુર કરતા હતા અને ગણુ મીઠુ આપણા શરીરમાઠલાવે છે જેનો અતરિક કોઈપણ તંદુરસ્ત વ્યક્તિ માટે પણ માં નુકશાનકારક જેમને હૃદયમાં સંબંધીકોઈક બીમારી હોય તેના હૃદયમાં હંફાવી જ દેતેમા શુ નવાઈ હૃદયમાં હંફાવતા ખોરાકની તો આપે વાત કરી પ હવે હાફેલા થાકેલા હૃદયને આજે દુનિ.યાભર સંશોધકો હૃદયરોગો ફળોનો ફાયદો એક અવાજે સ્વિકારી રહ્યા છે બને તેટલા વધુને વદુ વિવિધ પ્રકારન સલાડમમાં ફાયદાકારક છે લીલાશક રહેલા ફાઈબર્સ ાતરડામમાથી ચરબીમાં જરુરીમાં ફળો કેટલાકમમાં અન્ય મમાઈક્રોન્યુટ્રીઅટસ પણણ સારીમાત્રામાં મળે છે ખાસ કરીને કેટલાકમાં વિટામીગ અને તરીકે વર્તે છે રહેલા માત્રા ઘટાડી છે અને ફાયદાકારક અને તમારા તાજો તાજો કરી દેશે એ તો નક્કી જ છે. શોખ કેળવો આપમામાથીઘણણા શોખ ધરાવતા પરતુ પોઝિટિવમાં પ ઓછી થશે આનાથી જીવમા સંતુષ્ટિ અનુભવાશે લોકોને પ્રેમ કરવાનુ મેડિટેશન કરો માનસિકમાં તારણણ ઓછી કરરવા આવે છે પરતુ પ્રેમ કરવા માટેનુ ખાસ મેડિટેશન કરવાથીઝડપથી પોઝિટિવ અસર થસે અનોનાસિ તામ ઓછી કવા મદદ કરશે.

જ્યારે વર્ક પ્લેસ પર ચીજો ખોટી બને

દરેક વ્યક્તિ ઈચ્છે છે કે તે જે કામ કરે તેમાં તેને મોટી સફળતા હાથ લાગે. પરંતુ દરેક વખતે આવી બાબત શક્ય હોતી નથી. વર્ક પ્લેસ પર કેટલીક વખત ઈચ્છા ન હોવા છતાં કેટલીક ચીજો ખોટી થવા લાગી જાય છે. આવી સ્થિતીમાં આપને પોતાની ભાવના અને સમસ્યાને યોગ્ય રીતે ટેકલ કરવાની જરૂર હોય છે. વર્ક પ્લેસ પર હંમેશા સારો સમય જ ચાલતો રહે તે જરૂરી નથી. જો તમે વર્કિંગ પ્રોફેશનલ છો તો કેટલીક વખત આપને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. શુ તમે ખરાબ સમયમાં ટેન્શનનો અનુભવ કરો છો ? સમસ્યા સાથે લજડવામાટેના બે તરીકા હોય છે જે પૈકી એક [illegible] થવા માટે [illegible] ઈમોશન ફોકસ્ડ અને પ્રોબલ્મ ફોકસ્ડનો સમાવેશ થાય છે. બંનેનો ઉપયોગ કરીને ટેન્શનને યોગ્ય રીતે ટેકલ કરી શકાય છે. ઈમોશનલ કોપિંગનો અર્થ છે કે નેગેટિવ ઈમોશન્સ અને ટેન્શનને કાબુમાં રાખવામાં આવે. દૈનિક રૂટીન ફોલો કરવાથી ફાયદો થાય છે. જેમ જ તમે પોતાના દૈનિક રૂટીન કામ પૂર્ણ કરો છો તેવી રીતે તમે પોતાની લાઈફમાં કમ્ફોર્ટ જોનને કન્ટ્રોલ કરી શકો છ ા ે .



રહેલા છે. જો તમે ગુસ્સામાં અથવા તો ડિપ્રેસ્ડ છો તો ખરાબ દવસોને અંગત નિષ્ફળતા તરીકે લેવાની શરૂઆત થઈ જાય છે. પોતાની ભાવના પર લેબલ લગાવવાની જરૂર હોય છે. શુ તમે ગુસ્સામાં છો. ટેન્શનમાં છો અથવા તો ડિપ્રેસ્ડ છો. અથવા તો શુ અપમાન થયુ હોય તેમ લાગે છે. જો આવી સ્થિતી છે તો પોતાને હળવી સ્થિતીમાં મુકી દેવાની જરૂર હોય છે. પોતાના ફિજિકલ રિએકશન પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. ભાવના ઓછી હશે તો સમસ્યા ધીમી ગતિથી પોતાની રીતે દુર થતી રહેશે. જો વર્ક પ્લેસ પર કોઈ સમસ્યા આવે છે તો તેને ઉકેલવા માટે સૌથી પહેલા સમસ્યા શુ છે તે જાણવા માટેના પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. કારણ અંગે માહિતી હોવાથી વહેલી તકે અને સરળ રીતે ઉકેલી શકાય છે. આપને જજમેન્ટ મોડથી બહાર રહેવાની જરૂર હોય છે. કોઈ પણ સમસ્યા માટે પોતાને દોષિત ગણવાની બાબત [illegible] યોગ્ય નથી.

એક બાબત હંમેશા ધ્યાનમાં રાખવી જોઈએ કે મોટા ભાગના સફળ લોકો ખૂબ આશાવાદી હોય છે. જો તમે કોઈ સ્થિતીમાં નેગેટિવ ચીજો નિહાળો છો તો કારણ શોધી કાઢવામાં ઈમાનદારી રાખવામાં આવે તે જરૂરી છે. આપને સમજી લેવાની જરૂર છે કે સમસ્યા કેટલી પણ મોટી કેમ ન હોય દરેક સમસ્યાનો ઉકેલ તો હોય છે. આ બાબતને સમજી લેવાની જરૂર છે કે અલગ અલગ વલણની સાથે મલ્ટીપલ સોલ્યુશન શોધી શકાય છે. સમસ્યાને નિહાળીને તેની અલગ ફ્રેમિંગ તૈયાર કરવાના પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે અન્ય લોકોના દ્રષ્ટિકોણથી પણ સમસ્યાને સમજી લેવાના પ્રયાસ કરવા જોઈએ. એવી બાબત જાણવાના પ્રયાસ કરવા જોઈએ કે ત્રણ મહિના બાદ અથવા તો ત્રણ વર્ષ પછી આનુ મહત્વ શુ રહી જશે જો તમે પગલા લઈ ચુક્યા છો તો તેના ભવિષ્ય અંગે ચિંતા કરવી જોઈએ નહી. જો તમામ અડચણોને ઓળખી કાઢી છે તો જરૂરી ફેરફાર કરવાની શરૂઆત કરી દેવામાં આવે તે જરૂરી છે. પ્રક્રિયામાં, પ્રયાસોમાં અને સંવાદમાં ફેરફાર કરવાની શરૂઆત કરવાની જરૂર હોય છે.


ઓઆરએસ : બાળક માટે અમૃત

ઓઆરએસ એટલે ઓરલ ડિહાઈડ્રેશન સોલ્યુશન મોઢેથી આપવાનું પ્રવાહી જેથી શરીરમાં પાણી તથા લવણો ઈલેક્ટ્રોલાઈટ્સ ઓછા ન થાય. ઝાડા-ઉલટી બાળકોમાં વ્યાપક પ્રમાણમાં જોવા મળતો રોગ છે. બાળકોના શરીરમાં પાણીનો જથ્થો ઓછો થઈ જાય, શરીરના અંગોને નુકસાન થાય. ઝાડા-ઉલ્ટીમાં ડીહાઈડ્રેશનને લીધે જ બાળકનું મૃત્યુ થઈ શકે. ડીહાઈડ્રેશન થતું રોકવા તથા તેની સારવાર આપવા ઓઆરએસની શોધ થઈ છે. તે વિષેનું માતાઓને જ્ઞાન હોવું અત્યંત આવશ્યક છે. કેવી રીતે બનાવો : ઓઆરએસના બંધારણમાં ગ્લુકોઝ તથા વિવિધ ઈલેક્ટ્રોલાઈટ્સ ચોક્કસ માત્રામાં હોય તેના તૈયાર પેકેટ મળે. નાના પેકેટ ૨૦૦ મિ.લી. પીવાના પાણીમાં તથા મોટા પેકેટ ૧ લિટર પાણીમાં બનાવો. તરત ઓગળી જશે પરંતુ ચમચીથી બરાબર હલાવો. એકવાર બનાવેલું પ્રવાહી ૨૪ કલાક સુધી વાપરી શકાય. આ પ્રવાહીને ઉકાળવાની જરૂર નથી. બનાવેલું પ્રવાહી ઢાંકીને રાખો. ફ્રીઝમાં પણ રાખી શકાય. તૈયાર પેકેટ ન મળે ત્યારે ઓઆરએસ બનાવવા માટે એક ચપટી મીઠું (આશરે ૫ ગ્રામ) અને એક મુઠ્ઠી ખાંડ (આશરે ૨૦ ગ્રામ) ૧ લિટર પાણીમાં બનાવો.કેવી રીતે આપશો ઓઆરએસ ચમચી-વાડકીથી કે ચોખ્ખી કરેલી બાટલીમાં આપી શકાય. જેમ ઝાડા-ઉલ્ટીની સંખ્યા વધુ તેમ પ્રવાહીની જરૂર વધારે. તમારા ડોક્ટરની સલાહ લો તથા પાણીની ઓછપડીહાઈડ્રેશન કેટલું છે તે જાણો. ધ્યાન રાખો જ્યારે બાળક ખૂબ તરસ્યું રહે, પેશાબ ઘટી જાય, જીભ સુકાઈ જાય, તાળવુ બેસવા માંડે, ઘેનમાં રહે..આ લક્ષણો ગંભીર છે. આશરે ૭૫ મિ.લી. પ્રતિ કિલો જેટલું પ્રવાહી જોઈશે. જેમ ઝાડા વધુ પાતળા, બાળકની ઉંમર નાની તથા થોડા જ સમયમાં વધી ગયા હોય તે પરિસ્થિતિ ધ્યાન આપવી જરૂરી છે. બાળકને દર ૨ મિનિટે આશરે ૧ ચમચી આપો. મોટા બાળકને સીધા કપમાં જ પીવા દો, થોડું-થોડું વારે વારે આપો. નક્કી કરેલી પ્રવાહીની માત્રા ૪ કલાકમાં પૂરી થવી જોઈએ. બાળક ઉલ્ટી કરે તો ૧૦ મિનિટ રોકાઈ જાઓ પછી ફરીથી આપો. ધાવણ વચ્ચે વચ્ચે આપવું જોઈએ. ડોક્ટરની સલાહ મુજબ બીજો ખોરાક પણ આપી શકાય. ૬ મહિનાથી નાનું બાળક હોય તો ૧૦૦-૨૦૦ મિ.લી. જેટલું સાદુ ઉકાળેલું પાણી ઓઆરએસની વચ્ચે આપતાં રહેવું.

અડધાથી વધારે ભારતીય લોકો શારરિક પ્રવૃતિને લઈને ઉદાસીન

ફિજિકલ એક્ટિવિટીને લઈ આળસ

હાલમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અને વ્યાપક અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે દેશની અડધીથી વધારે વસ્તીનો શારરિક પ્રવૃતિ અથવા તો ફિજિકલ એક્ટિવિટીમાં કોઇ રસ નથી. દેશના અડધા લોકો શારરિક ગતિવિધીથી દુર રહેવાનુ પસંદ કરે છે. એટલે કે આળસ રાખે છે. ૧૦ ટકાથી પણ ઓછા લોકો એવા છે જે મનોરંજન તરીકે શારરિક ગતિવિધીમાં સામેલ રહે છે. આસીએમઆરના ડેટામાં આ બાબતનો ખુલાસો થયો છે. જો કે કેટલાક લોકો આ ખુલાસા સાથે સહતમ નથી. તેમની દલીલ છે કે આધુનિક ભારતમાં લોકો શારરિક ફિટનેસને લઈને વધારે સાવધાન થઈ રહ્યા છે. દિલ્હી સ્થિત પ્રાઈમસ સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ વિભાગના તબીબો કહે છે કે આધુનિક સમયમાં આર્થરાઈટિસ જેવી જોડની તકલીફ હવે વય સુધી મર્યાદિત રહી નથી. શારરિક રીતે કામ ન કરવાની બાબત પણ આ બિમારીના બોઝને વધારી દેવામાં ભૂમિકા અદા કરે છે. ડબલ્યુએચઓના રિપોર્ટમાં ખુલાસો કરવામાં આવ્યો છે કે દુનિયાભરમાં પાંચમાંથી એક પુખ્તવયના લોકો અને પાંચમાંથી ચાર કિશોર વયના લોકો શારરિક ગતિવિધી કરતા નથી. જેના કારણે હેલ્થ કેરપર ૫૪ અબજ ડોલરની સીધી અસર થઈ રહી છે. તબીબો કહે છે કે આઈસીએમઆરના આંકડા દર્શાવે છે કે ૫૪.૪ ટકા લોકો



તમામ લોકો જાણે છે કે વધતી વયની સાથે શારિરિક કામ કરવાની ક્ષમતા ક્રમશ ઘટવા લાગી જાય છે : હાડકાઓ પણ નબળા બનતા જાય છે

શારરિક ગતિવિધી કરવામાં રસ ધરાવતા નથી. આ સરકારી એજન્સી દ્વારા કરવામાં આવેલા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે લોકો યાત્રા અને મનોરંજન સાથે જોડાયેલી શારરિક ગતિવિધીની તુલનામાં કામમાં વધારે સમય પસાર કરે છે. આળસી જીવનશૈલી, કસરત ન કરવાની બાબત અથવા તો કોઇ પ્રોફેશનલની દેખરેખ વગર કસરત કરવાથી યુવાના જોડમાં લિગામેન્ટમાં તકલીફ પડે છે. જેમ જેમ અમારી વય વધે છે અમારા શરીરમાં કામ કરવાની ક્ષમતા ઘટતી જાય છે. અમારા શરીરમાં હાડકા ફરી બનવા અને રિપેયર થવાની ક્ષમતા ઓછી થવા લાગી જાય છે. અમારા ઘુટણમાં મુલાયમ ટિશ્યુ હોય છે જેને કાર્ટિલેજ કહેવામાં આવે છે. જે માંસપેશિયાઓને ટેકો આપે છે. જેના કારણે શારરિક ગતિવિધી કરતી વેળા સરળતા મળે છે.આ એક પ્રકારથી શોક ઓબ્ઝર્વર તરીકે કામ કરે છે. સમયની સાથે આ મુલાયમ ટિશ્યુ ઘસી જાય છે. જેના કારણે જોડમાં જગ્યાઓ બનતી જાય છે. કાર્ટિલેજના ડિજરનેશનના કારણે આર્થરાઈટિસ થવા લાગી જાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધી કસરત લાઈફમાં ત્રણ વર્ષનો ઉમેરો કરે છે. તાઈબાનમાં તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબની બાબત જાણવા મળી છે. અભ્યાસાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે મોટાભાગના લોકો ૩૦ મિનિટ સુધીની કસરત કરે તો તેમના લાઈફમાં ઉમેરો કરી શકે છે. અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે સપ્તાહમાં પાંચ દિવસ કસરત કરવાથી પણ ફાયદો મળે છે. નિષ્ણાંતોએ કહ્યું છે કે ઓછા ડોઝના કારણે ઓછો ફાયદો થાય છે પરંતુ નિયમિત રીતે ૩૦ મિનિટ સુધી કસરત ખૂબ જ આદર્શ છે. લીડ રિચર્સર તાઈવાનના સીપેગે કહ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધીની કસરતથી પણ ફાયદો થાય છે. વોકીંગથી પણ ફાયદો થાય છે. તાઈવાનની નેશનલ હેલ્થ રિચર્સ ઈન્સ્ટીટ્યુટના પેંગે કહ્યું છે કે પુરુષો, મહિલાઓ, યુવાનો અને વૃદ્ધ લોકો તેમજ ધૂમ્રપાન કરનાર લોકો તથા અસ્વસ્થ રહેતા લોકો માટે પણ નિયમિત પણે કસરત ખૂબ જ ઉપયોગી છે. જ્યારે પણ દર્દીઓ કોઈ ખાસ તકલીફના દર્દીને જુએ છે ત્યારે વોકીંગની સલાહ આપે છે અથવા તો તેને હળવી કસરતની સલાહ આપે છે. મેડીકલ જનરલમાં પ્રકાશિત થયેલા તેમના તારણોમાં જણાવવામાં આવ્યું છે કે ૪૧૬૦૦૦ લોકોને આવરી લઈને આ સર્વે કરવામાં આવ્યો હતો જેમાં મોટાભાગના લોકોના મત જાણવામાં આવ્યા હતા. તેમના આરોગ્ય અંગે પણ પ્રશ્નો કરવામાં આવ્યા હતા. હાલમાં કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ૧૫ મિનિટ કસરતથી ઉપયોગી ફાયદો થાય છે. દરરોજની કસરત કેન્સરના જોખમને ઘટાડવામાં ઉપયોગી સાબિત થાય છે.

અહીંની રાજનીતિના દિગ્ગજ નેતાઓ હવે રહ્યા નથી કારણ કે...

દિલ્હી ચૂંટણી ખુબ રોચક બની શકે

દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટે રણશિંગુ ફુંકાઈ ચુક્યુ છે. આઠમી ફેબ્રુઆરીના દિવસે મતદાન થનાર છે. સાથે સાથે આગામી પાંચ વર્ષ માટે દિલ્હીમાં કોની સરકાર રહેશે તે અંગે ફેંસલો ૧૧મી ફેબ્રુઆરીના દિવસે કરવામાં આવનાર છે. છેલ્લી બે વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટી અને ભારતીય જનતા પાર્ટી વચ્ચે સીધી ટક્કર રહી છે. આ વખતે કોંગ્રેસ પાર્ટી પણ ખુબ મહેનત કરી રહી છે. કોંગ્રેસ પાર્ટી દ્વારા ચૂંટણીને ત્રિકોણીય બનાવવા માટે પ્રયાસો હાથ ધર્યા છે. મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલ એક શક્તિશાળી નેતા તરીકે દિલ્હીની રાજનીતિમાં આવી ગયા બાદથી અપેક્ષાકૃત યુવા નેતાઓની બોલબાલા વધી રહી છે. અહીંની રાજનીતિ પર પ્રભાવ ધરાવનાર તમામ દિગ્ગજ નેતાઓ મોટા ભાગે હવે રહ્યા નથી. જેમાં મદનલાલ ખુરાના, સાહિબ સિંહ વર્મા, શીલા દિક્ષિત, સુષ્મા સ્વરાજ અને અરૂણ જેટલી હવે જઈ ચુક્યા છે. કોંગ્રેસમાં અજય માકને પાર્ટી અધ્યક્ષ તરીકેની જવાબદારી છોડી દીધા બાદ હવે સુભાષ ચોપડા નવા અધ્યક્ષ તરીકે છે. ભાજપમાંથી કોંગ્રેસમાં પહોંચી ગયેલા કિર્તિ આઝાદની ભૂમિકા ચાવીરૂપ રહી શકે છે. ભારતીય જનતા પાર્ટીમાં ડોક્ટર હર્ષવર્ધન અને વિજય ગોયલ સિનિયર નેતા છે. જો કે જવાબદારી મોટા ભાગે યુવા પૂર્વાંલ નેતા મનોજ તિવારીના હાથમાં દેખાઈ રહી છે. કેન્દ્રિય પ્રધાન હરદીપ પુરી પણ વધારે સક્રિય દેખાઈ રહ્યા છે. જે દિલ્હીના રાજનીતિમાં નવા છે. રાજ્યોની ચૂંટણીમાં કેન્દ્રિય મુદ્દાને ક્યારેય પ્રાથમિકતા મળતી નથી.



આમ આદમી પાર્ટીમાં તો તમામ યુવા લીડરો છે : મોદી, કેજરીવાલ, રાહુલ ગાંધી પૈકી કોની રણનીતિ અસરકારક રહી શકે તેની ચર્ચાઓ

તે હાલની કેટલાક રાજ્યોની વિધાનસભા ચૂંટણીથી સાબિત થયુ છે. જો કે ભારતીય રાજનીતિના કેન્દ્ર હોવાના કારણે આ તમામ મુદ્દાની અસર ચોક્કસપણે રહે છે. આ ચૂંટણીમાં જામિયા મિલિયા અને જેએનયુમાં થયેલી હિંસાની અસર ચોક્કસપણે રહી શકે છે. આમ આદમી પાર્ટી કેજરીવાલ સરકારની કામગીરીના આધાર પર મત માંગવા માટે તૈયાર છે. ભારતીય જનતા પાર્ટીની દુવિધા એ છે કે કેટલાક રાજ્યોમાં મોદી મેજિક ન રહ્યા બાદ હવે શુ પગલા લેવાના છે. જેથી તે કેજરીવાલના કામમાં ખામી દર્શાવીને વધારે સારા પગલાની વાત કરી રહી લછે. ભારતીય જનતા પાર્ટી માટે મુશ્કેલ છે કે તેની પાસે શુશાસન માટે કોઇ તાજા મોડલ નથી. કોંગ્રેસ પાર્ટી ખુબ પાછળ દેખાઇ રહી છે. તે પ્રતિષ્ઠા બચાવવા માટે પ્રયાસ કરનાર છે. વર્ષ ૨૦૧૫ વિધાનસભા ચૂંટણીની વાત કરવામાં આવે તો આમ આદમી પાર્ટીને રેકોર્ડ ૫૪.૩૪ ટકા મત મળ્યા હતા. જેમાં કોંગ્રેસના મત વધારે હતા. ભારતીય જનતા પાર્ટીની વાત કરવામાં આવે તો તેના મત યથાવત રહ્યા છે. વર્ષ ૨૦૧૩માં ભારતીય જનતા પાર્ટીને ૩૧ સીટો મળી હતી. તેની મત હિસ્સેદારી ૩૩.૦૭ ટકા રહી હતી. વર્ષ ૨૦૧૫માં તેની સીટો ઘટીને માત્ર ત્રણ રહી ગઇ હતી. જો કે મત હિસ્સેદારી ૩૨.૧૯ ટકા રહી હતી. વર્ષ ૨૦૧૪માં કોંગ્રેસને માત્ર ૧૫ ટકા મત મળ્યા હતા. જ્યારે વર્ષ ૨૦૧૯માં તેની મત હિસ્સેદારી ૨૨.૫ ટકા થઇ હતી. વર્ષ ૨૦૧૯માં આપની હિસ્સેદારી ૧૮ ટકા અને ભાજપની ૫૭ ટકા હતી.દિલ્હીમાં ચૂંટણી પ્રક્રિયા હવે શરૂ થઇ ચુકી છે. નોમિનેશનની અંતિમ તારીખ ૨૧મી જાન્યુઆરી રહેશે. નામ પરત લેવા માટેની અંતિમ તારીખ ૨૪મી જાન્યુઆરી રાખવામાં આવી છે. તમામ ૭૦ સીટો ઉપર મતદાન થનાર છે. આના માટે ૨૬૮૯ જગ્યા પર મતદાન થનાર છે. આના માટે કુલ ૧૩૭૫૭ પોલિંગ બુથ બનાવવામાં આવ્યા છે. દિલ્હીમાં આજે એક કરોડ ૪૭ લાખ મતદારો છે. ચૂંટણી વ્યવસ્થામાં ૯૦૦૦૦ કર્મચારીઓને તૈનાત કરવામાં આવનાર છે. દિલ્હી વિધાનસભામાં અવધિ ૨૨મી ફેબ્રુઆરીના દિવસે પૂર્ણ થનાર છે. નિયમ મુજબ તે પહેલા ચૂંટણી પૂર્ણ કરાવીને નવી વિધાનસભાની રચના કરવાની રહેશે. દિલ્હીમાં વિધાનસભાની ૭૦ સીટો છે જેમાં ૫૮ સામાન્ય શ્રેણીની અને ૧૨ અનુસુચિત જાતિ માટે રિઝર્વ રાખવામા આવી છે. અહીં આમ આદમી પાર્ટી, ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે ત્રિકોણીય સ્પર્ધા દેખાઈ રહી છે. દિલ્હી વિધાનસભામાં બહુમતિ માટે ૩૬ ધારાસભ્યોની જરૂર હોય છે. છેલ્લે ૨૦૧૫માં દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી જેમાં અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં આમ આદમી પાર્ટીએ ઈતિહાસ સર્જીને ૭૦ પૈકી ૬૭ સીટો જીતી લીધી હતી. ભાજપને માત્ર ત્રણ સીટોથી સંતોષ માનવાની ફરજ પડી હતી જ્યારે કોંગ્રેસના ખાતામાં એક પણ સીટ આવી ન હતી. ૨૦૧૯માં થયેલી લોકસભાની ચૂંટણીમાં ભાજપને દિલ્હીની તમામ સાત સીટો મળી હતી. આવી સ્થિતિમાં આ વખતે બાજી કોણ મારે છે તેના ઉપર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. આજે કાર્યક્રમની જાહેરાત થયા બાદ રાજકીય પક્ષોએ કમર કસી લીધી છે. ૨૦૨૦માં દિલ્હીમાં કેજરીવાલ ફરી મુખ્યમંત્રી બનશે કે કેમ તે અંગેનો ફેંસલો ૧૧મી ફેબ્રુઆરીના દિવસે થશે.વિધાનસભાને લઈને પક્ષો પહેલાથી જ તૈયારીમાં લાગી ગયા છે. મતદારોને પ્રભાવિત કરવા બેઠકોનો દોર ચાલી રહ્યો છે. આ વખતે પણ દિલ્હીમાં મુખ્ય સ્પર્ધા આમ આદમી પાર્ટી, ભાજપ અને કોંગ્રેસ વચ્ચે થશે.

પરિણીત પ્રેમીએ સગીરાને ઘરમાં ખેંચી બળજબરી કરતા ફરિયાદ નોંધાઈ

અમદાવાદ

અમદાવાદ શહેરમાં દુષ્કર્મના કિસ્સાઓમાં વધારો જોવા મળી રહ્યો છે. તેવામાં શહેરના એક પોલીસ સ્ટેશનમાં એક સગીરાએ તેના પ્રેમી સામે જ ફરિયાદ નોંધાવી છે. નવા વાડજમાં રહેતી એક સગીરા બંગલાઓમાં કામ કરે છે, તેમજ તેના પરિવાર સાથે રહે છે. સગીરાને તેના પાડોશી યુવક સાથે ત્રણ વર્ષથી પ્રેમ સંબંધ છે. આ યુવક પરિણીત છે અને બાળકો પણ છે. જોકે, તેણે પોતાની હવસ સંતોષવા માટે સગીરા સાથે પ્રેમનું નાટક રચ્યું હતું. ઉત્તરાયણના દિવસે બંગલાઓમાં કામ પતાવીને સગીરા ઘરે આવી હતી. સગીરા પોતાના ઘરની બહાર આવી ત્યારે પાડોશી પ્રેમી યુવક તેને ખેંચીને પોતાના ઘરમાં લઈ ગયો હતો.

ઘરમાં લઈ ગયા બાદ તું મારી સાથે સંબંધ કેમ નથી રાખતી તેમ કહીને યુવકે સગીરાને પટ્ટાથી ફટકારી હતી. સગીરા બચવાના પ્રયાસો કરી રહી હતી ત્યારે યુવકે કાચની બોટલમાંથી કોઈ પ્રવાહી પીવડાવી દીધું હતું. જે બાદમાં સગીરાને ચક્કર આવવા લાગ્યા હતા. જે બાદમાં તે સગીરાના કપડાં કાઢી તેની સાથે બળજબરી કરવા લાગ્યો હતો. આ સમયે સગીરાના ભાઈનો ફોન આવતા આરોપીએ સગીરાના મોઢે દુપટ્ટો બાંધી મ્યુઝિક સિસ્ટમનું વોલ્યૂમ ફૂલ કરી સગીરાને ઘરમા બંધ કરી જતો રહ્યો હતો. જે બાદમાં ઘરે પરત આવીને તેણે સગીરાને માર માર્યો હતો. સગીરાએ દુપટ્ટો કાઢીને બૂમાબૂમ કરતા તેના પરિવારજનો આવી ગયા હતા અને સગીરાને કપડાં પહેરાવ્યાં હતાં. આરોપીએ સગીરાના પરિવારને ધમકી આપી કે તેને સગીરા સાથે પ્રેમ સંબંધ છે, જો તેઓ પોલીસ કેસ કરશે તો સમાજમાં બદનામ કરી દેશે. આ મામલે સગીરાને પરિવારે વાડજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરતા પોલીસે આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

બુલેટ ટ્રેન પ્રોજેક્ટ કેમ બંધ ન કરવો..? સરકાર ખુલાસો આપેઃ સુપ્રીમ કોર્ટ

અમદાવાદ

કેન્દ્ર સરકારના હાઈ સ્પીડ બુલેટ ટ્રેન પ્રોજેક્ટને લઈને દક્ષિણ ગુજરાતના ૫૯ ખેડૂતોએ સુપ્રીમ કોર્ટમાં ધા નાખતા સુનાવણી દરમ્યાન કોર્ટે આ પ્રોજેક્ટ બંધ કેમ ના કરવો ? તેને લઈને કેન્દ્ર સરકાર, ગુજરાત સરકાર અને બુલેટ પ્રોજેક્ટ કંપનીને નોટીસ ફટકારી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બુલેટ ટ્રેન પ્રોજેક્ટને લઈને જે જમીન સંપાદન થઈ રહી છે. તેનો દક્ષિણ ગુજરાતના ખેડૂતો જોરશોરથી વિરોધ કરી રહ્યા છે. ખેડૂતોએ જમીન સંપાદનની કાર્યવાહી ગેર બંધારણીય હોવાનું જણાવીને આ પ્રોજેક્ટ મલ્ટી સ્ટેટ પ્રોજેક્ટ હોવાથી કેન્દ્ર સરકારનાં કાયદા મુજબ જ જમીન સંપાદન થવી જોઈએ.

આ વાત સાથે દક્ષિણ ગુજરાતના સુરત, ભરૂચ, નવસારી, વલસાડના ૫૯ ખેડૂતોએ સુપ્રીમ કોર્ટમાં ધા નાખી હતી. ખેડૂતોએ માગ કરી હતી કે જ્યાં સુધી કેન્દ્ર સરકારનાં કાયદા મુજબ જમીન સંપાદન નહિ થાય ત્યાં સુધી બુલેટ પ્રોજેક્ટની કામગીરી કરી રહેલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશને અત્યારે તમામ કામગીરી બંધ કરી દેવી જોઈએ.

આગામી ૨૧ માર્ચે વધુ સુનાવણી રખાઈ હોવાની માહિતી ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખે આપી છે. તેમના જણાવ્યા મુજબ સુપ્રીમ કોર્ટે બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં ઘણી બધી વિસંગતતાઓ હોવાનું ધ્યાને લઈ આ નોટીસ ઈસ્યૂ કરી છે. ખેડૂત તરફે આનંદ યાજ્ઞિક અને કપિલ સિબલ્લ હાજર રહ્યા હતાં.

બે શખ્સોએ હવામાં ફાયરિંગ કરી હીરાબજારમાં ૬.૭૧ લાખની લૂંટ મચાવી

અમદાવાદ

અમદાવાદમાં ગુનેગારો બેફામ બન્યા હોય તેવો ઘાટ સર્જાયો છે. હજુ તો એક અઠવાડિયા પહેલાં જ ઓઢવ વિસ્તારમાં આવેલા હિરા બા જવેલર્સમાં ફાયરિંગ સાથે લાખો રૂપિયાના સોનાની લૂંટ ચલાવવામાં આવી હતી ત્યારે ફરી એક વાર ફાયરિંગ સાથે લૂંટની ઘટના બની છે. જોકે, આ વખતે વિસ્તાર અમદાવાદ શહેરનો પૂર્વનો ધમધમતો વેપારી ઈલાકો બાપુનગર છે અને સમય મોડી રાત્રીનો છે. બે શખ્સોએ હવામાં ફાયરિંગ કરી અને બાપુનગરના હીરાબઝારમાં રૂપિયા ૬.૭૧ની લૂંટ ચલાવી છે. બાપુનગરમાં આવેલા પી. શૈલેષ આંગડિયા પેઢીના કર્મચારી સામે ફાયરિંગ કરી અને લૂંટ ચલાવવામાં આવી છે.

આરોપીઓએ આંગડિયા પેઢીના કર્મચારી સામે આવી અને હવામાં ફાયરિંગ કર્યુ હતું. એક્ટિવા પર આવેલા બે પૈકીના એક ચાલકે હવામાં ફાયરિંગ કરી અને આંગડિયા પેઢીના કર્મચારીઓના હાથમાંથી હીરાના પાંચ પેકેટ ઝૂંટવી લીધા હતા. આરોપીઓ રૂપિયા ૬.૭૧ લાખની લૂંટ મચાવી ફાયરિંગ કરી ફરાર થઈ ગયા છે.

બાપુનગર વિસ્તારના હીરા બઝારમાં કાર્યરત પી.શૈલેષ આંગડિયા પેઢીના કર્મચારી જીગ્નેશ સુતરિયા પેઢીને વધાવી અને રાત્રે પરત જઈ રહ્યા હતા. દરમિયાન એક્ટિવા પર આવેલા બે શખ્શોએ હવામાં ફાયરિંગ કર્યુ હતું. ત્યારબાદ આરોપીઓએ સુતરિયાના હાથમાંથી પેકેટ ઝૂંટવી અને ફરાર થઈ ગયા હતા. લૂંટના દિલધડક સીસીટીવીમાં કેદ થયા છે.

એલઆરડીની પરીક્ષામાં પુત્ર સાથે અન્યાય થતા પિતાએ કચેરીમાં જ મોતને વ્હાલું કર્યુ

જુનાગઢ

જૂનાગઢમાં સરકારી કર્મચારીએ કચેરીમાં જ ગળોફાંસો ખાઈ મોતને વ્હાલુ કર્યુ છે. મૃતક કર્મચારીએ આપઘાત કરતા પહેલા અંતિમ ચિઠ્ઠીમાં ભાજપ સરકાર પર આક્ષેપ કરતા ગુજરાતના રાજકારણમાં ભૂકંપ આવી ગયો છે.

મૃતકે પોતાના પુત્ર સાથે એલઆરડીની પરીક્ષામાં અન્યાય થવાના કારણે આ પગલું ભર્યું છે એમ પોતાની અંતિમ ચિઠ્ઠીમાં ઉલ્લેખ કર્યો છે. આપઘાત કરનાર શખ્સ સહાયક વિદ્યુત શાખાનો હતો. કર્મચારીના બન્ને પુત્રો એલઆરડીમાં પાસ થયા હતા. આ ઉપરાત મૃતકે લખેલી સ્યુસાઈડ નોટમાં ભાજપ સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા .તેમા જણાવવામાં આવ્યુ હતુ કે, વનમંત્રી ગણપત વસાવા અને તેનો વિભાગ આપઘાત માટે જવાબદાર છે. આ સાથે તેમણે ભાજપને કદી સમર્થન ન આપવા રબારી સમાજ અને ગરીબ લોકોને અપીલ કરી હતી.

ભાજપ કંપની સરકાર હજારો ગરીબ માણસોનો ભોગ લઈ રહી છે. મારા મૃત્યુ માટે ઉપર દર્શાવેલા પ્રધાનો તથા અધિકારીઓ જવાબદાર હોવા છતાં આ ભાજપ કંપની સરકાર કોઈ કાર્યવાહી કરશે નહી પરંતુ ઉપરવાળો ભગવાન નક્કી ન્યાય આપશે. હું મારા બંને દીકરાની વેદના જોઈ ના શક્યો. મોઢે આવેલો કોળિયો આ સરકારે ઝૂંટવી લીધો. સરકાર ગરીબોને મારી નાખશે. ગદારો , ભગવાન ન્યાય આપવા માટે બેઠો છે. મારા રબારી સમાજને વિનંતી કે ભાજપ સરકાર પ્રધાન પદ આપે તો પણ તે નકારજો અને ભાજપને ક્યારેય મત આપશો નહીં.

મીઠાઈની દુકાનનાં જાહેર શૌચાલયમાં તૈયાર થતી રસ મલાઈનો વીડિયો વાઈરલ

અમદાવાદ

અમદાવાદ શહેરના પાલડી વિસ્તારમાં આવેલી ગોપી સ્વીટ માર્ટની મીઠાઈ ખાસ કરીને રસ મલાઈ જાહેર શૌચાલયમાં બનતી હોવાનો વીડિયો વાઈરલ થયો છે. આ વીડિયો હર્ષેન્દુ ઓઝા નામના વ્યક્તિએ ફેસબૂક પર પોસ્ટ કર્યો છે. આ વીડિયો વાઈરલ થયા બાદ હરકતમાં આવેલા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ વિભાગે માત્ર રૂ.૫૦૦૦નો દંડ કર્યો છે. આ મામલે હેલ્થ વિભાગના ડો. ભાવિન જોશીએ જણાવ્યું હતું કે હું રજા ઉપર છું. મેં માહિતી આપી દીધી છે.

હર્ષેન્દુ ઓઝાએ શૌચાલયમાં બની રહેલી રસ મલાઈ અંગે કરેલી ફેસબૂક પોસ્ટમાં લખ્યું કે, મેં સુમધુર મીઠાઈ ખાવાના શોખીન છો તો જુઓ અમદાવાદની પ્રખ્યાત ગોપી સ્વીટ (ધરણીધર દેરાસર, મંગલ તીર્થ ફ્લેટ, પાલડી) રસમલાઈની બનાવટ કેવી રીતે કરવામાં આવે છે એ જરા ધ્યાનથી જુઓ અને સાંભળજો અને પછી નક્કી કરજો કે તમને આપવામાં આવતી મીઠાઈ કેવી રીતે બને છે. આ વીડિયો રજૂ કરવાનો ઉદેશ માત્ર જાગૃતતા માટેનો જ છે અને હા દુકાનના માલિક મહાશયે એવી ધમકી આપી કે થાય એ કરી લેજો.

હિરલ પટેલના કાકાએ આરોપ લગાવ્યો, જેઠે તેને મારી નાખવા ધમકી આપી હતી

આણંદની યુવતીનાં મોત પાછળ પૂર્વ પતિનો હાથ હોવાની આશંકા

આણંદ

બોરસદ તાલુકાના પામોલની ૨૮ વર્ષીય હિરલ પટેલનો મૃતદેહ કેનેડાના ટોરન્ટોમાં શંકાસ્પદ હાલતમાં મળ્યો હતો. તેના મોતને અકસ્માતમાં ખપાવી દેવાનું ષડયંત્ર રચાયું હોવાનું પ્રાથમિક તપાસમાં સ્થાનિક પોલીસને જણાઈ રહ્યું છે. કેનેડા પોલીસે તેના ૩૬ વર્ષીય પૂર્વ પતિ રાકેશ પટેલને વૉન્ટેડ જાહેર કર્યો છે. જ્યારે યુવતીના કાકા રાકેશ પટેલે તેના જેઠ સુનિલ પટેલે મારી નાંખવાની ધમકી આપી હોવાનો આરોપ લગાવ્યો હતો. યુવતીના રહસ્યમય મોત પાછળ અનેક શંકા-કુશંકા સેવાઈ રહી છે.

હિરલના કાકા રાકેશભાઈએ ભત્રીજીની હત્યા તેનાં સાસરિયાએ કરી હોવાનો આક્ષેપ કર્યો હતો અને કહ્યું હતું કે હિરલના અમેરિકા રહેતા જેઠ સુનિલે હિરલને મારી નાખવાની ધમકીઓ આપી હતી. આ અકસ્માત નહીં પરંતુ હત્યા હોવાનો આરોપ તેમણે લગાવ્યો હતો. હિરલ ૩ દિવસ અગાઉ રાત્રે ૧૧ કલાકે જોવા મળી હતી. તે રાત્રે ઈસલિંગ્ટન એવન્યુ અને સ્ટીલ્સ એવન્યુ વેસ્ટ નજીથી પસાર થઈ હતી. તેણે બ્લેક જેકેટ અને ગ્રે પેન્ટ પહેર્યાં હતાં અને તે બ્લેક એન્ડ વ્હાઇટ બેકપેક લઈને ગઈ હતી. પોલીસે બ્રિમ્પટનમાં ફિન્ચ એવન્યુ વેસ્ટ અને સ્ટીલ્સ એવન્યુ ઈસ્ટ નજીકના ૧૫૬ પાર્કશોર ડો. પર કમાન્ડ પોસ્ટ મૂકી હતી અને જાણકારી માટે લોકોની મદદ માગી હતી.

હિરલ પટેલને અગાઉ થયેલા ઝગડા સમયે ધમકી આપનારા જેઠ સુનિલ પટેલ હાલ અમેરિકા ખાતેથી ભારત આવ્યા છે. તેમણે અહીંયા ઉતરાયણ પણ ઉજવી હતી. તેણે જ કારસો રચ્યો હોવાના આક્ષેપ સાથે હિરલના કાકાએ પોલીસને રજૂઆત કરી સુનિલ પટેલની પણ પૂછપરછ અહીંયા કરવામાં આવે તેવી માંગ કરી હતી.

જમીન બાબતે આધેડ પર હુમલો કરનાર ૧૦ લોકોના ટોળા વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

રાજકોટ

રાજકોટ-અમદાવાદ હાઈવે ઉપર આવેલ વાંકાનેર બાઉન્ડ્રી પાસે દેવાબાપાની જગ્યા નજીક બપોરે ફાયરિંગની ઘટના બની હતી. જમીન બાબતે ૧૦થી વધુના ટોળાએ આધેડ પર હુમલો કર્યો હતો અને ફાયરિંગ પણ કર્યું હતું. ફાયરિંગની જાણ થતાં વાંકાનેર પીએસઆઈ રામાનુજ અને રાયટર રવિભાઈ સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. આ ફાયરિંગમાં એક વ્યક્તિને ઈજાગ્રસ્ત હાલતમાં પ્રથમ ચોટીલા અને ત્યાર બાદ વધુ સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યા છે. હુમલા અને ફાયરિંગ અંગે પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ ચોટીલાના રાજપરાના રહેવાસી ધનજીભાઈ હમીરભાઈ કોળી (ઉંમર-૪૦ વર્ષ) પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, વીરજી ભગત સાથે જમીનના કબ્જા બાબતે મનદુ:ખ હોય અને ફરિયાદી અન્ય સાથે તેને લીધેલ જમીન માપણી કરતા આવતા આરોપી વીરજી ભગતના કહેવાથી આરોપી દલસુખ વીરજી, નારણભાઈ અને અન્ય સાતથી આઠ અજાણ્યા શખ્સોએ જીવલેણ હુમલો કરી ફાયરીંગ કરી ઈજા કરી હતી. તેમજ પગમાં ફેકચર જેવી ઈજા કરી ગાડીમાં ધોકા અને પાઈપ વડે તોડફોડ કરી નુકશાન કર્યું છે. પોલીસે ૩ આરોપીના નામ જોગ સહિત ૧૦થી વધુ લોકો સામે ગુનો નોંધી તપાસ કાર્યવાહી હાથ ધરી છે.

પરીક્ષા પે ચર્ચા : રાજ્યના ૪૨ વિદ્યાર્થીઓ અને ૫ શિક્ષકો પીએમના કાર્યક્રમમાં ભાગ લેશે

ભાવનગર

વડાપ્રધાન મોદી આ વર્ષે ૨૦મી જાન્યુઆરીના રોજ નવી દિલ્હીના તાલ્કાતોરા સ્ટેડિયમ ખાતે "પરીક્ષા પે ચર્ચા ૨૦૨૦" કાર્યક્રમમાં દેશભરમાંથી આવેલા વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે "ટાઉન હોલ" કરશે. વિદ્યાર્થીઓમાં પરીક્ષાનો ડર દૂર કરવા માટે વડાપ્રધાન મોદી સતત ત્રીજા વર્ષે આ કાર્યક્રમ કરી રહ્યા છે. આ કાર્યક્રમ ૨૦મી જાન્યુઆરીના રોજ સવારે ૧૧ કલાકે યોજાશે. દેશભરની શૈક્ષણિક સંસ્થાઓ અને સ્કૂલોમાં આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. રાજ્યમાંથી આ વર્ષે ૪૨ વિદ્યાર્થીઓ અને ૫ શિક્ષકો વડાપ્રધાન મોદીના કાર્યક્રમમાં ભાગ લેવા જવાના છે.

કંપનીને માત્ર ૧૦૦ હાઈડ્રોજન સિલિન્ડર સ્ટોરેજ કરવાની પરવાનગી છે

એમ્સમાં ગેરકાયદે હાઈડ્રોજનનું રિફિલિંગ થતાં બ્લાસ્ટ થયો હતોઃ તપાસમાં ઘટસ્ફોટ

વડોદરા

એમ્સ ઓક્સિજન કંપનીમાં થયેલા બ્લાસ્ટ અંગેની તપાસ કરી રહેલા પાદરા પોલીસ મથકના પી.આઇ. એસ.એ. કરમુરે જણાવ્યું હતું કે, એમ્સ ઓક્સિજન કંપનીને માત્ર ૧૦૦ હાઇડ્રોજન સિલિન્ડર સ્ટોરેજ રાખવાની પરવાનગી છે. પરંતુ, કંપની પાસે સિલિન્ડર રિફિલિંગ કરવાની કોઈ પરવાનગી નથી. આમ છતાં, કંપની સત્તાવાળાઓ દ્વારા કંપનીમાં ગેરકાયદેસર રીતે હાઈડ્રોજન સિલિન્ડર રિફિલિંગ કરવામાં આવતું હતું. તા.૧૧ જાન્યુઆરીના રોજ ઘટના બની ત્યારે પણ હાઈડ્રોજન સિલિન્ડર રિફિલિંગ કરવામાં આવતું હતું. તે સમયે હાઈડ્રોજન અને ઓક્સિજનનું મિશ્રણ થતાં પ્રચંડ બ્લાસ્ટ થયો હતો. અને તેમાં કંપનીના બે કર્મચારી સહિત છ વ્યક્તિઓના મોત નીપજ્યાં હતા. અને કંપનીના બે કર્મચારી સહિત ચાર વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી છે.

કરમુરેએ વધુમાં જણાવ્યું હતું કે, ઉત્તરાયણ હોવાથી અંકલેશ્વર તેમજ ગાયત્રી ઈન્ડસ્ટ્રીઝ સહિત અન્ય ખાનગી વ્યક્તિઓ સિલિન્ડરમાં હાઈડ્રોજન રિફિલ કરવા માટે આવ્યા હતા. રિફિલની કામગીરી થતી હતી. તેજ સમયે પ્રચંડ બ્લાસ્ટ થયો હતો.

છ વ્યક્તિઓનો ભોગ લેવા માટે જવાબદાર કંપનીના માલિક પિતા-પુત્ર સિધ્ધાર્થ પટેલ અને શ્વેતાંશુ પટેલ હજુ ફરાર છે. તેઓના નિવાસ સ્થાન અને ઓફિસો ઉપર તપાસ કરવામાં આવી રહી છે. પરંતુ, તેઓ મળી આવ્યા નથી. પિતા-પુત્ર વિદેશ ભાગી ન જાય તે માટે તેઓ સામે લુકઆઉટ નોટિસો જારી કરવામાં આવી છે. કંપનીના માલિકો સામે બેદરકારી સહિતનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. અને તેઓની ઘનિષ્ઠ શોધખોળ ચાલુ છે.

સરકારી ભરતીના નામે છેતરતા ચાર લોકોની ધરપકડ

ગાંધીનગર

રાજ્ય સરકારના ગુજરાત અર્બન સ્કિલ ડેવલપમેન્ટ મિશન ગાંધીનગર નામે ભરતીની ખોટી જાહેરાત આપીને યુવાનોને ગેરમાર્ગે દોરી નાણા કમાવવાનો કારસો રચનાર ચાર યુવાનોની ગાંધીનગર પોલીસે ધરપકડ કરીને વધુ તપાસ હાથધરી છે. મહત્વની વાત છે કે ચારેય યુવાનોએ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલું છે.

ગુજરાત અર્બન સ્કિલ ડેવલપમેન્ટ મિશન ગાંધીનગરના નામે ૨ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ ૧૦૦૦થી વધુ જગ્યાઓ માટે જાહેરાત આપવામાં આવી હતી. જેમાં ઓફિસ આસિસ્ટન્ટની ૪૬૦, એકાઉન્ટન્ટની ૨૪૪, મોનિટરિંગ એન્ડ એવેક્યુશનની ૨૫૬ અને એમ.આઈ.એસની ૨૮૩ જગ્યાઓ માટે ભરતી કરવામાં આવનાર છે. અરજી કરવાની છેલ્લી તારીખ ૨૧ જાન્યુઆરી ૨૦૧૯ દર્શાવવામાં આવી છે. આ જાહેરાત બાદ ગુજરાત અર્બન સ્કિલ ડેવલપમેન્ટ મિશન ગાંધીનગરે પોલીસમાં ફરિયાદ કરતા ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ લોકલ કાઈમ બ્રાન્ચને તપાસ કરવા માટે સૂચના આપી હતી. આ દરમિયાન જાહેરાત આપનારનો મોબાઈલ નંબર સમાચારપત્રની ઓફિસ પાસેથી ચકાસણી કરતા ૩મી નંબર હોવાનું જોવા મળ્યું હતું.

બનાવટી હોમપેજ પર ગુજરાત અર્બન સ્કિલ ડેવલપમેન્ટ મિશન નામે ભરતી માટે જાહેરાત મૂકવામાં આવી હતી. જેમાં જાહેરાતનું ફોર્મ અને ૩૦૦ રૂપિયા ફી ભરવા અંગેની માહિતી અને આઈસીઆઈસીઆઈ બેંકના એકાઉન્ટનો નંબર મૂકવામાં આવ્યો હતો. આ બનાવટી જાહેરાત જોઈને ૩૦૦થી વધુ ઉમેદવારોએ ભરતી માટેની ૫૫,૦૦૦ રૂપિયાથી વધુની ફી બેંકના ખાતામાં ભરી દીધી હતી. પોલીસની પૂછપરછમાં બહાર આવ્યું છે કે પાટણમાં આરોપીઓ બનાવટી દસ્તાવેજોના આધારે બંધન બેંકમાં ખાતું ખોલાવ્યું હતું. આ મામલે ગાંધીનગર એલસીબી પોલીસે સીસીટીવી ફૂટેજ અને બનાવતી દસ્તાવેજોના આધારે યુવાનો સાથે છેતરપિંડી કરનાર ચાર આરોપીઓની ધરપકડ કરી તપાસ હાથ ધરી છે.

ત્રણ પુત્રીનાં જન્મ બાદ પુત્રની ઘેલછા રાખનાર સાસરિયાઓએ પરિણીતાને કાઢી મૂકી

અમદાવાદ

અમદાવાદ શહેરના સરદારનગરના ભીલવાસમાં રહેતી ૨૬ વર્ષીય પરિણીતા ત્રણ માસથી માતાપિતા સાથે રહે છે. પાંચ વર્ષ પહેલા તેના લગ્ન એક યુવક સાથે થયા હતા. લગ્નબાદમાં તેને ત્રણ પુત્રીને જન્મ આપ્યો હતો. આ પુત્રીઓની ઉમર હાલ પાંચ વર્ષ અને બે વર્ષ તથા બે માસની થઈ ગઈ છે. ત્રીજી પુત્રીના જન્મ બાદ પતિએ આ યુવતિને ત્રાસ આપવાનું શરૂ કરી દીધું હતું.

પતિ અવાર નવાર કહેતો હતો કે તું છુટાછેડા આપી દે મારે બીજા લગ્ન કરવા છે. પતિની આ વાતમાં તેના ઘર વાળાઓએ પણ સાથ પૂરાવ્યો હતો. અને સાસરિયાઓએ કહ્યું કે તેમને તેની જરૂર નથી. ત્રણ ત્રણ દીકરીઓ થઈ ગઈ છે પણ તેમને તો પુત્ર જોઈએ છે પુત્રીઓની જરૂર નથી.

ત્રણ માસ પહેલા પરિણીતાને કાઢી મૂકી હતી. આ પ્રકારની ધમકીઓ અવારનવાર સાસરિયાઓએ આપી ત્રણ માસ પહેલા પરિણીતાને કાઢી મૂકી હતી. જેથી પરિણીતા પિયરમાં રહેવા જતી રહી હતી. આખરે આ પરિણીતાને ન બોલાવતા તેણે તેના સસારિયાઓ સામે એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે સાસરિયાઓ સામે તપાસ હાથ ધરી છે.



સુરત શહેરની વિવિધ કોલેજોમાં દરરોજ વિદ્યાર્થીનીઓ તથા વિદ્યાર્થીઓ દ્વારા કોલેજ કેમ્પસમાં જુદા જુદા ડેની ઉજવણી કરવામાં આવી રહી છે. અઠવાલાઈન્સ ખાતે આવેલી કે.પી. કોમર્સ કોલેજમાં આજે ગરબા ડેની ઉજવણી કરાઈ હતી. કોલેજ કેમ્પસમાં ગરબે ઘૂમતી વિદ્યાર્થીનીઓ તસ્વીરમાં નજરે પડે છે.

ધરમપુર ખાતે પંચાયતી રાજના સભ્યો અને લોક આગેવાનોનો વર્કશોપ યોજાયો

વલસાડ

વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકા પંચાયત હોલ ખાતે પંચાયતી રાજના ચૂંટાયેલા સભ્યો અને લોક આગેવાનોનો વર્કશોપ યોજયો હતો.

જિલ્લા ટી.બી. અધિકારી સી. બી. ચોબીસાએ ટી. બી. રોગનું નિદાન, તેની સારવાર, રોગના લક્ષણો, શંકાસ્પદ દર્દીની શોધ કેવી રીતે કરવી તેનું પ્રેઝન્ટેશન થકી જાણકારી આપી હતી. તાલુકા હેલ્થ, ઓફિસર ડૉ. નયન ટી.પટેલે ટી.બી.ના દર્દીઓને નિક્ષણ પોષણ યોજના હેઠળ દર માસે રોગ મટે નહીં ત્યાં સુધી રૂા. પાંચસોની સહાય આપવામાં આવતી હોવાનું જણાવી ગંભીર રોગોની સારવાર સામે આર્થિક મદદ મેળવવા માટે આયુષ્યમાન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. તાલુકા આઈ. ઈ. સી અધિકારી કે. એમ. પેઈન્ટરે મા વાત્સલ્ય અને મા અમૃતમ કાર્ડ અંગે જાણકારી આપી હતી.

ધરમપુર તાલુકાના શેરીમાળ, ટિસ્કીરી તલાટ, મોટીકોરવળ, રાજપુરી તલાટ, ખાંડા, ભેંસધરા, તામછડી, આંબોસી અને ગુંદીયા એમ નવ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરો ખાતે બાર જાતની સારવાર આપવામાં આવે છે. જેમાં ડાયાબીટીસ, હાઈપર ટેન્શન, કેન્સર, દાંત, આંખ, નાક, કાનની સંભાળ, પ્રાણાયામ, યોગ, કસર, રસોડાની ઓષધિઓ, સમતોલ આહાર અને વ્યસનોનો ત્યાગનો સમાવેશ થાય છે. જેનો વધુમાં વધુ લોકો લાભ લે તેવા પ્રયાસો હાથ ધરવા જણાવ્યું હતું. સગર્ભા માતાઓને મમતા દિવસનો લાભ લેવા, બે બાળકો વચ્ચે અંતર રાખવા ગર્ભનિરોધક સાધનોનો ઉપયોગ કરવા, માતા-બાળકને સમયસર રસીકરણ કરાવવા પણ જણાવ્યું હતું.

આ અવસરે આરોગ્ય વિભાગ દ્વારા આરોગ્યલક્ષી પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. જેમાં ટી.બી., જનની સુરક્ષા યોજના, ચિરંજીવી યોજના, બાળસખા યોજના, કસ્તુરબા પોષણ સહાય યોજના, મમતા દિવસ, રસીકરણ કાર્યક્રમ વગેરે ઉપયોગી માહિતી પ્રદર્શિત કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ રમેશભાઈ પાડવી, તાલુકા વિકાસ અધિકારી એચ.બી.પટેલ, અને ઉપસ્થિત રહયા હતા.

ઉમરગામ શ્રીરામનાથ ઘેલા મંદિરે તા.૨૦'મીએ સાલગીરી મહોત્સવ

સુરત

સુરત શહેરના પીપલોદ પાસે ઉમરા ગામમાં જૂના પુરાણાના શ્રી રામનાથ ઘેલા મહાદેવના મંદિરની શાલગીરી પોષ વદ અગિયારસને સોમવાર તારીખ ૨૦મી જાન્યુઆરીના દિવસે છે. આ દિવસે ગામમાં મોટો મેળો ભરાશે. આ દિવસે રામનાથ મહાદેવના લીંગ પર દૂધની જળાધારી ચઢશે તથા કરચલા ચઢશે. આ દિવસે દર્શનાર્થે પધારેલા ભાવિક ભક્તજનોને શ્રદ્ધા પૂર્વક પૂજન કરાવશે. સુરત શહેરના ગોપીપુરાના મોળેશ્વર ભક્ત ભજનના કાર્યક્રમમાં મધુર કંઠે સોનલબેન કોકીલ કંઠે ભજન ગાશે. રાતના નવ કલાકે આરંભ થશે. રાત્રે બે કલાકે ઘીના કમળ ચઢશે.

ફાસ્ટેગને લઈને સરકારે આપી રાહત... રોકડ ચૂકવણીની વ્યવસ્થા પણ ગોઠવાશે

ગાંધીનગર

સરકારે ૬૫ ટોલ પ્લાઝા પર ફાસ્ટેગના નિયમોમાં થોડા સમય માટે રાહત આપી છે કેમ કે, અત્યારે ત્યાં હજુ પણ લોકો ટોલ ટેક્સની ચૂકવણી રોકડમાં કરે છે. આ ૬૫ ટોલ પ્લાઝા પર ૨૫ ટકા રસ્તાઓને ૩૦ દિવસ માટે રોકડ ચૂકવણી અને ફાસ્ટેગ લેન બંને લાઈનમાં છૂટ આપવામાં આવી છે. હાઈબ્રિડ અથવા ફાસ્ટેગથી ચૂકવણી અને રોકડ ચૂકવણી કરનારા બંને પ્રકારના વાહનો જઈ શકે છે. બંને વ્યવસ્થામાં બંને પ્રકારના વાહનો જઈ શકે છે.

માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા, ટોલ પ્લાઝાઓને આગામી ૩૦ દિવસ સુધીમાં ૨૫ ટકા જેટલી લેનને હાઈબ્રીડ એટલે કે ફાસ્ટ ટેગ લેન અને રોકડ વસુલાત એમ બંને વ્યવસ્થા ધરાવતી લેન બનાવવાની સુચના આપવામાં આવી છે.

માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે પોતાના નિવેદનમાં જણાવ્યા પ્રમાણે, આ અસ્થાયી વ્યવસ્થા ૩૦ દિવસની છે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાની વિનંતી પર આ પગલું લેવામાં આવ્યું છે, જેથી કરીને નાગરિકોને કોઈ પ્રકારની અસુવિધાનો સામનો ન કરવો પડે.

વડોદરા કોર્પો.ને ૧૪માં નાણાપંચની ગ્રાન્ટના બીજા હપ્તાના ૨૬ કરોડ ૮૯ લાખ મળ્યા

વડોદરા

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનને ૧૪માં નાણાપંચની વર્ષ ૨૦૧૯-૨૦ની ગ્રાંટના બીજા હપ્તાના ૨૬ કરોડ ૮૯ લાખની ફાળવણી કરવામાં આવી છે. અગાઉ રાજ્ય સરકાર દ્વારા ૧૪માં નાણાપંચની ગ્રાંટના આજ વર્ષના પ્રથમ હપ્તા પેટે આટલી જ રકમ અપાઈ હતી.

રાજ્ય સરકાર દ્વારા વડોદરા કોર્પોરેશનને ૧૪માં નાણાપંચની વર્ષ ૨૦૧૭-૧૮ની પરફોર્મન્સ ગ્રાન્ટ પેટે અગાઉ રૂપિયા ૧૦ કરોડ ૪૧ લાખની ફાળવણી કરવામાં આવી હતી. જેની સામે ૧૧ કરોડ ૭૬ લાખના આંતરમાળખાકીય વિકાસ ના કામો ને સમગ્ર સભાએ મંજૂરી આપી હતી.

રાજ્ય સરકારે ૧૪માં નાણાપંચની વર્ષ ૨૦૧૯ ૨૦ની બીજા હપ્તાની ગ્રાન્ટના ૨૬ કરોડ ૮૯ લાખ ફાળવ્યા છે. તેની સામે ૩૦ કરોડ ૧૯ લાખના આંતરમાળખાકીય ૪૭ કામોની દરખાસ્ત તૈયાર કરી છે. જેમાં રોડ પાણી વરસાદી ગટર ડ્રેનેજ વગેરેના કામોનો સમાવેશ થાય છે. આમ ૧૪માં નાણાપંચની ગ્રાન્ટના બે હપ્તાના વડોદરા કોર્પોરેશનને ૫૩ કરોડ ૭૮ લાખ રૂપિયા મળી ચૂક્યા છે.

ઉધનામાં પતંગ અંગે ઝઘડામાં વચ્ચે પડનારને ચપ્પુ મારી દીધુ

સુરત

ઉધના શિવનગર સોસાયટી પાસે પતંગ ચગાવવા બાબતે થઈ રહેલા ઝઘડાનું સમાધાન કરાવી છોડાવવા જતા વિજયાનગરના ત્રણ ઈસમોએ ચાકુ વડે હુમલો કરી ફરાર થઈ ગયા હતા.

ઉધના પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ઉધના બીઆરસી વિજયાનગર ખાતે ગણેશ રાઠોડ રહે છે. ગતરોજ બોપરના સુમારે તેઓ તેમની માસીને ત્યાં પતંગ ચગાવવા જતા હતા. આ દરમ્યાન ગણેશના જીજાજી અશ્વિન પતંગ ચગાવવા બાબતે પાંડેસરાના ઋત્વિક, શુભમ ડોંગરે વગેરેનો સાથે ઝઘડો થયો હતો. આ ઝઘડાનું સમાધાન તથા છૂટા પડાવવા ગયા હતા. ત્યારે ત્રણેય ઈસમોનો ગણેશ રાઠોડ પર ચાકુ વડે હુમલો જાંઘના ભાગે તથા ગુમ ભાગે કરી ફરાર થઈ ગયા હતા. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જુની અદાવત રાખી યુવકને ચપ્પુ મારી દીધુ

સુરત

નાનપુરા મટન માર્કેટમાં જુના ઝઘડાની અદાવત રાખી એક યુવક પર ચાકુ વડે હુમલો કરી આરોપી ફરાર થઈ ગયો હતો. અઠવા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર નાનપુરા મટન માર્કેટ ગુલાબશાહ બાબાની દરગાહ સામે મોહંમદ હુસેન મિયા મોહંમદ શેખ રહે છે. આરોપી સાહિદ યાકુબખાન પઠાણ તથા મોહંમદ હુસેન મીયા શેખ વચ્ચે અગાઉ ઝઘડો થયો હતો. જેની અદાવત રાખી ગતરોજ બપોરના સુમારે સાહિદે મોહમદ હુસેન મીયા શેખ પર ચાકુ વડે હુમલો કરી હાથ અને દાઢીના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયો હતો. અઠવા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

તા.૨૬'મીએ શ્રી કરૂણા સાગર ભગવાનનો પ્રાગટ્ય મહોત્સવ

સુરત

સુરત શહેરના પીપલોદ ગામમાં જૂના પુરાણા શ્રી કરૂણા સાગર ભગવાનનો પ્રાગટ્ય દિવસ મહાસુદ બીજને રવિવારના તારીખ ૨૬મી જાન્યુઆરી ૧૪૮ના વર્ષનો છે. આ દિવસે સવારના નવ કલાકે ઉમરા ગામના તમામ વિસ્તારમાં કરૂણા સાગર ભગવાનનો વરઘોડો મધુર સીડી સાઉન્ડ સાથે ફરીને ભગવાનના મંદિરે બપોરના ૧૨ કલાકે મહા આરતી થશે. ત્યારબાદ બપોરે બે કલાકથી ભાવિક ભક્તો દર્શનાથે ઉમરા ગામના તમામ રહીશો તથા અન્ય ભક્તજનો મહાપ્રસાદી ભંડારાનું કાર્ય થશે. આ દિવસે રાતના નવ કલાકથી ભજનનો કાર્યક્રમ યોજાશે.

નાણાંની લેતી-દેતી અંગે ઝઘડો થતા આધેડને પાઈપ ઝીંકી દીધી

સુરત

પુણા સિદ્ધિવિનાયકની સામે મેવાડા પાર્કિંગમાં નાણાંની લેવડ-દેવડ બાબતે ઝઘડો કરી ત્રણ આરોપીઓએ આધેડ પર લોખંડની પાઈપ વડે હુમલો કરી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર નાનપુરા જમરૂખ ગલી ખાતે મુનાવર મસુદ શાહ રહે ચે. મુનાવર શાહ અને આરોપી જમીલ શાહ, મોહમદ રફીક શાહ તથા ઝહીર જીયા શાહ વગેરેઓ વચ્ચે નાણાંની લેવડ-દેવડ થઈ હતી. જે બાબતની અદાવત રાખી ત્રણેય આરોપીઓએ લોખંડની પાઈપ વડે હુમલો કરી શરીના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

વાપી જીઆઈડીસીમાં એપ્રેન્ટીસ ભરતી મેળો યોજાશે

વલસાડ જિલ્લા રોજગાર કચેરીના ઉપક્રમે સેન્ટલર ઓફ એકસલન્સશ, સર્વે નો.૮૬૩પી, ફેસ ૧, વોટર ફિલ્ટસર પ્લાજન્ટન નજીક, જી.આઈ.ડી.સી વાપી ખાતે તા.૧૮/૦૧/૨૦૨૦ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે રોજગાર/ એપ્રેન્ટીટસ ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતીમેળામાં ધોરણ-૮ પાસ કે તેથી વધુ, આઈ.ટી.આઈ. પાસ લાયકાત ધરાવતા ઉમેદવારોની પસંદગી/ઈન્ટ-રવ્યુસની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ઉમેદવારોએ પોતાના શૈક્ષણિક લાયકાત અંગેના તમામ પ્રમાણપત્રો, આધારકાર્ડ, પાસપોર્ટ સાઈઝ ફોટો, બાયોડેટા અને એ બધાની બે-બે નકલમાં સાથે લાવવાના રહેશે.

પારડીમાંથી અજાણ્યા પુરુષની લાશ મળી

એક અજાણ્યાટ મુસ્લી મ પુરૂષની બીન વારસી લાશ પારડી, રેનબસેરા હોટલના ગેટની સામે બહાર આવેલ ચાની લારીના છાપરા નીચેથી તા.૧૦-૦૧-૨૦૨૦ના રોજ મળી છે. જેનું મોત કોઇ બીમારી તેમજ વધુ પડતી ઠંડીના કારણે થયું છે. મૃતકની ઉંમર આશરે ૩૦ થી ૩૫ વર્ષ, શરીરે મધ્યકમ બાંધાનો, ઉંચાઇ ૫.૪ શરીરે કાળા કલરનું સફેદ પટ્ટાવાળુ જેકેટ અને જેકેટની નીચે ક્રીમ કલરનું ટી-શર્ટ અને કાળા કલરનો પેન્ટઈ પહેર્યો છે. જમણા હાથના કાંડા આગળ ચીનકાનું છુંદણું છે.

વઘાસિયા પરિવારે વૃદ્ધ મૃતકની ઉત્તરક્રિયા નિમિત્તે રક્તદાન કર્યું

રક્તદાન શિબિર આયોજિત કરી પક્ષીઓના માળાનું વિતરણ કરાયું

સુરત

યોગીચોક વિસ્તારના પૂજન રેસીડેન્સી રહેતા વઘાસીયા પરિવારના ખીમજીભાઈ ધનજીભાઈ ઉંમર વર્ષ ૭૧નું અવસાન થતાં તેમની ઉત્તરક્રિયા નિમિત્તે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે ઉત્તરક્રિયામાં આવેલી તમામ બહેનોને પક્ષીઓના માળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. રક્તદાન શિબિરથી સામાજિક સેવા પ્રવૃતિ અને પક્ષીઓના માળાના વિતરણથી પર્યાવરણ જાગૃતિ અને પક્ષી બચાવો અભિયાનને વેગ મળે તે હેતુથી ૩૦૦ માળાઓ અમદાવાદથી ખાસ મંગાવી અને આં પ્રસંગે વિતરણ કરાયા હતા.

સૌરાષ્ટ્રવાસી સમાજમાં લગભગ દરેક પ્રસંગોમાં જુદા-જુદા સેવા કાર્યો કરવાનો રિવાજ ધીમે ધીમે આવતો જાય છે. મૃતકના ભત્રીજા અને કોર્પોરેટર ભરતભાઈ વઘાસીયાએ જણાવ્યું હતું કે, પરિવારના વડીલના અવસાન પ્રસંગે એક નવી રીત અને સેવા કાર્યક્રમનું આયોજન કરીને લોકોને એક ઉમદા ઉદાહરણ પૂરું પાડવાનો પ્રયાસ કરાયો હતો. આ પ્રસંગે મૃતકના ૭૧ હોવાથી ૭૧ લોકોએ રક્તદાન કર્યું હતું. હાજર રહેલી તમામ બહેનોને પક્ષીઓના માળા આપી પર્યાવરણ જાગૃતિનો સંદેશો અપાયો હતો. છેલ્લા કેટલાક વર્ષોથી સૌરાષ્ટ્રવાસી સમાજમાં ઘણી બધી જગ્યાએ આ પ્રકારે વૃક્ષારોપણ પર્યાવરણ જાગૃતિ વ્યસનમુક્તિ રક્તદાન શિબિર જેવા કાર્યક્રમો થઈ રહ્યા છે.

રૂપિયાની ઉઘરાણી કરતા યુવાન પર છરા વડે હુમલો

સુરત

લીંબાયત આસપાસનગર ખાતે નાણાં કેમ માંગે છે ? તેમ જણાવી બે આરોપીએ એક રત્નકલાકાર પર છરા વડે હુમલો કરી ફરાર થઈ ગયા હોવાનો બનાવ પોલીસ મથકમાં નોંધાયો હતો. લીંબાયત આસપાસ નગર ખાતે દિપક પાટીલ રહે છે અને તેઓ છુટક હીરાની મજૂરી કરે છે. આરોપી રવિ ઉર્ફે ટકલો પાટીલ તથા સમાધાન વગેરેઓને બાકી નાણાં બાબતમાં ઉઘરાણી કરવા જતા ઉશ્કેરાઈ જઈ છરા વડે હુમલો કરી પગના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. લીંબાયત પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

અભયમ હેલ્પ લાઈને છોકરીની છેડતી કરનારને પાઠ ભણાવ્યો

યુવકને પકડીને પોલીસને હવાલે કરાયો

વલસાડ

વલસાડ વિસ્તારના એક બહેનનો ફોન ૧૮૧ અભયમ ઉપર આવ્યો અને તેમની દીકરી સાથે છેડતી થઈ હોવાનું જણાવતાં ૧૮૧-અભયમની ટીમ તાત્કાલિક સ્થળ ઉપર પહોંચી ગઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર એક યુવતીની માતા તેના કામના અર્થે બહાર ગયા હતા, અને દીકરી ઘરે એકલી હતી. તેની એકલતાનો લાભ લઈ તેમની ઘર સામે રહેતા એક યુવકે ઘરમાં જઈ યુવતી સાથે અડપલા કર્યા હતા. અગાઉ પણ આ યુવતી સાથે આ જ યુવકે ખરાબ વર્તન કર્યું હતું, પરંતુ તે વખતે વાતચીત કરી સમાધાન કરી લીધું હતું. પરંતુ આ યુવકે ફરીથી યુવતી સાથે અડપલાં કરવાની કોશિષ કરતાં તેણી ઘરમાંથી બહાર નીકળી જઈ પરિવારને જાણ કરી હતી. તેમના પરિવારે તે જ સમયે ૧૮૧ ઉપર સંપર્ક કરી મદદ લેતાં તે વ્યક્તિને પકડી પોલીસને સોંપવામાં આવ્યો હતો.

તાલુકા કક્ષાએ સર્વરોગ નિદાન-સારવાર કેમ્પ યોજાશે

આયુર્વેદ-હોમિયોપેથી પદ્ધતિથી સારવાર થશે

વલસાડ

જિલ્લા વિકાસ અધિકારી વલસાડ, સચિવ આરોગ્યર અને પરિવાર કલ્યા:ણ વિભાગ ગાંધીનગર તથા નિયામક આયુષની કચેરી ગાંધીનગરની પ્રેરણાથી તથા જિલ્લા આયુર્વેદ/હોમીયોપેથી પધ્ધતતિ દ્વારા નિ:શુલ્કી સર્વરોગ નિદાન સારવાર કેમ્પયનું આયોજન કરવામાં આવ્યુંવ છે. આ કેમ્પેનું આયોજન વલસાડ તાલુકાના કોસંબા ખાતે પ્રિતમનગર મેદાન, રણછોડ મંદિર પાસે સવારે ૦૯.૩૦ થી ૦૩.૦૦ સુધી કરવામાં આવ્યું છે.

આ સમારંભમા જિલ્લા પંચાયતના પ્રમુખ મણિલાલ પટેલ, વલસાડ ધારાસભ્યં ભરતભાઈ પટેલ, ભાવનાબેન પટેલ નિયામક આયુષની કચેરી હાજરી આપશે. તથા વંદનાબેન ટંડેલ વલસાડ જિલ્લા પંચાયત ઉપ-પ્રમુખ, પ્રિયંકાધેન પટેલ તાલુકા પંચાયતના પ્રમુખ, આરોગ્યટ સમિતિ અધ્ય ક્ષ ગુલાબભાઈ રાઉત તથા કોસંબા ગામના સરપંચ સ્વીરટીબેન પટેલ હાજરી આપશે.

આ કેમ્પામાં આયુર્વેદ અને હોમીયોપેથી પધ્ધેતિ દ્વારાસ્ત્રીઓના રોગ, બાળકોના રોગ, ચામડીના રોગ, સાંધાના વા વગેરે સર્વ જુના, હઠીલા રોગોના નિદાન તેમજ સારવાર અને દવા વિતરણ વિના મુલ્યેપ કરવામાં આવશે. તથા રોગ પ્રતિકારક ઉકાળાનું વિતરણ કરવામાં આવશે. જેનો લાભ લેવા જાહેર જનતાને જિલ્લા વિકાસ અધિકારી તથા જિલ્લા આયુર્વેદ અધિકારી, જિલ્લા પંચાયત દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ડો. સારાભાઈની ૧૦૦મી જન્મ જયંતિ નિમિત્તે ઈસરોએ સ્પેસ એક્ઝિબિશનનું આયોજન કર્યું

હળવદ

બે દિવસ માટે હળવદના રાણેકપર રોડ પર આવેલી મહર્ષિ ગુરુકુલ ખાતે ઈસરો દ્વારા આયોજીત સ્પેસ એક્ઝિબિશનનો પ્રારંભ થયો છે. મહાન વૈજ્ઞાનિક ડો. વિક્રમ સારાભાઈની ૧૦૦મી જન્મ જયંતિની ઉજવણી પર તેનું આયોજન કરાયું છે. એક્ઝિબિશનનો પ્રારંભ કરાવતા સાંસદ ડો. મહેન્દ્ર મુજપરાના વરદ હસ્તે કરાયો હતો. હળવદ તાલુકામાંથી આવનાર દિવસોમાં વિદ્યાર્થીઓ વૈજ્ઞાનિક બને તેવી ડો. મુજપરાએ શુભેચ્છા આપી હતી.

સુરેન્દ્રનગર સાંસદ મહેન્દ્ર મુંજપરાએ ઝણાવ્યું હતું કે, ઝાલાવાડના હળવદ તાલુકાના ટીકર ગામના વૈજ્ઞાનિક સામ પિત્રોડા, ખગોળ શાસ્ત્રી જે જે રાવલ અને ડો. એચ એમ ત્રિવેદી એમ ત્રણેય એક જ તાલુકાના વતની હોવાથી ઈસરોનું સ્પેશ એક્ઝિબિશન હળવદની ધરતી પર રાખવામાં આવ્યું છે. મારી શુભેચ્છા છે કે, આવનાર દિવસોમાં હળવદ તાલુકાના વિદ્યાર્થીઓ વૈજ્ઞાનિક બને.

હળવદના મહર્ષિ ગુરુકુળમાં એક્ઝિબિશન યોજાઈ રહ્યું છે ત્યારે સુરેન્દ્રનગર તેમજ મોરબી જિલ્લાની સ્કૂલોના વિદ્યાર્થીઓએ તેની મુલાકાત લીધી હતી. વિજ્ઞાનના અવનવા મોડલ્સની તલસ્પર્શી માહિતી લઈને તેમની વિજ્ઞાન પ્રત્યેની રૂચિ વિદ્યાર્થીઓ બતાવી હતી.

ડીએસપી દેવીન્દર સિંઘની ધરપકડ પછી નિર્ણય કરાયો

જમ્મુ કશ્મીર એરપોર્ટની સુરક્ષા હવે CISF કરશે

ન્યુ દિલ્હી/શ્રીનગર

જમ્મુ કશ્મીર એરપોર્ટની સુરક્ષા હવે પછી સીઆઈએસએફ કરશે એવો મહત્ત્વનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જમ્મુ કશ્મીર પોલીસના ડીએસપી દેવીન્દર સિંઘ આતંકવાદીઓ સાથે ભળેલા હતા એવી ચોંકાવનારી હકીકતો પ્રકાશમાં આવી અને દેવીન્દરની ધરપકડ કરવામાં આવી ત્યારબાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

જમ્મુ કશ્મીરના ગૃહ ખાતાએ જણાવ્યું હતું કે આ બંને એરપોર્ટ સંવેદનશીલ છે અને ઓછામાં ઓછા ૩૧ જાન્યુઆરી સુધી એની સુરક્ષા સીઆઈએસએફને સોંપી દેવી. રાજ્ય પોલીસને ત્યાંથી ખસેડી લેવી. હાલ રાજ્ય પોલીસને આ બંને એરપોર્ટ પર કોઈ જવાબદારી સોંપવી નહીં.

અત્યાર અગાઉ જમ્મુ કશ્મીર પોલીસ અને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ આ જવાબદારી સંભાળતા હતા. પરંતુ બુધવારે દેવીન્દર સિંઘની કરાયેલી ધરપકડ પછી તત્કાળ એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે ૩૧ જાન્યુઆરી સુધી આ જવાબદારી સીઆઈએસએફને સોંપવી.

અત્રે એ યાદ રહે કે કેન્દ્રીય ગુપ્તચર સેવાને અને મિલિટરી ઈન્ટેલિજન્સને એવી બાતમી મળી હતી કે પ્રજાસત્તાક દિન પહેલાં આતંકવાદીઓ ઊરી જેવો કોઈ મોટો હુમલો કરવાની તૈયારીમાં છે. એવા સંજોગોમાં દેવીન્દર સિંઘના નેતૃત્વ હેઠળના રાજ્ય પોલીસ તંત્રને જમ્મુ કશ્મીર એરપોર્ટની સુરક્ષાની જવાબદારી સોંપી શકાય નહીં એવો સ્પષ્ટ નિર્ણય કરવામાં આવ્યો હતો.

ડીએસપી દેવિંદર સિંહનું મોં કોણ બંધ કરાવા માંગે છે?: રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી

જમ્મુ-કાશ્મીર પોલીસના એન્ટી-હાઈજેકિંગ સેલના ડીએસપી રહી ચૂકેલા દેવિંદર સિંહનો કેસ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીને સોંપવા પર કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આપત્તિ વ્યકત કરી. રાહુલે કેન્દ્ર સરકાર પર આરોપ મૂક્યો કે તેઓ આ ગંભીર કેસ પર લીપાપોતી કરવામાં લાગ્યા છે. રાહુલે એનઆઈએની નિષ્પક્ષતા પર પણ પ્રશ્ન ઉભા કર્યા અને કહ્યું કે આ તપાસ એજન્સીના પ્રમુખ પણ એક 'મોદી' જ છે. રાહુલ ગાંધીએ ટ્વીટ કરી કહ્યું કે આતંકવાદી ડીએસપી દેવિંદરને ચુપ કરાવાની સર્વોત્તમ પદ્ધતિ છે કેસને એનઆઈએના હાથમાં સોંપી દેવો. તેમણે કહ્યું કે હાલ એનઆઈએ પ્રમુખના આધીન આ કેસની તપાસનું કોઈ પરિણામ આવવાનું નથી. રાહુલે કહ્યું કે એનઆઈએના પ્રમુખ પણ બીજા મોદી જ છે— વાઈકે જેમણે ગુજરાતમાં તોફાનો અને હરેન પંડ્યાની હત્યા કેસની તપાસ કરી હતી. વાઈકેની દેખરેખમાં આ કેસ ખત્મ થવા જેવું છે. અંતમાં રાહુલે પ્રશ્ન કર્યો કે આખરે ટેરરિસ્ટ દેવિંદરને કોણ ચુપ કરાવા માંગે છે અને કેમ? તેમણે હેશટેગની સાથે લખ્યું, આતંકવાદી દેવિંદરને કયા લોકો ચુપ કરાવા માંગે છે અને કેમ? રાહુલ પહેલાં પણ દેવિંદર સિંહના મુદ્દા પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહના મૌન પર પ્રશ્ન ઉઠાવી ચૂક્યા છે.

ટ્રમ્પના દાવાનું સૂરસૂરિયું...!!

ઈરાનના મિસાઈલ હુમલામાં ૧૧ અમેરિકન સૈનિકો ઘાયલ થયા હતાઃ રિપોર્ટ

બગદાદ

ગત દિવસોમાં કદ્સ ફોર્સના પ્રમુખ મેજર જનરલ કાસિમ સુલેમાનીના મોત બાદ ઈરાને ઈરાકના અમેરિકન એરબેઝ પર મિસાઈલથી હુમલો કર્યો હતો. હુમલા બાદ અમેરિકાએ દાવો કર્યો હતો કે તેનો કોઈ સૈનિક ઘાયલ થયો નથી. પરંતુ હવે એવા સમાચાર આવી રહ્યા છે કે આ હુમલામાં અમેરિકાના ૧૧ સૈનિકો ઘાયલ થયા હતા.

અમેરિકન ન્યૂઝ એજન્સીના જણાવ્યા પ્રમાણે સૂત્રોનું કહેવું છે કે ૧૧ સૈનિકો ઘાયલ થયા હતા. આ સૈનિકો અલ-અસદ એરબેઝ પર તહેનાત હતા. જેમાંથી અનેક સૈનિકોએ હુમલા બાદ ચક્કર આવવાની ફરિયાદ કરી હતી. હુમલામાં કેટલું નુકસાન થયું છે તેનો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે.

ઈરાને દાવો કર્યો હતો કે મેજર નજરલ કાસિમ સુલેમાનીના મોતનો બદલો લેવા માટે અમેરિકન સૈન્ય ઠેકાણાઓ પર આશરે બે ડઝન મિસાઈલથી હુમલો કરવામાં આવ્યો હતો. એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે આ હુમલામાં અમેરિકાના ૮૦ સૈનિકોનાં મોત થયા છે. પરંતુ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના દાવાને ખોટો ગણાવ્યો હતો. તેમણે કહ્યુ હતુ કે કોઈ પણ અમેરિકન સૈનિકને નુકસાન થયું નથી.

મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે અનેક કલાક પહેલા અમેરિકાને આ મિસાઈલ હુમલાની ખબર પડી ગઈ હતી. કહેવામાં આવી રહ્યું છે કે અમેરિકાને સેટેલાઈટથી આ અંગેની જાણકારી મળી હતી. આ એ જ સેટેલાઈટ છે જેની નૉર્થ કોરિયાના ન્યૂક્લિયર ટેસ્ટ પર નજર રહે છે. સૂચના મળતા જ અમેરિકન સૈનિકો બંકરમાં ઘૂસી ગયા હતા. ટ્રમ્પે કહ્યુ કે હુમલા પહેલા એલાર્ટ સિસ્ટમ એક્ટિવ થઈ ગઈ હતી, જેના કારણે કોઈનો જીવ ગયો ન હતો.

૨૦૨૪ની વિધાસભા ચૂંટણીમાં અમારી જીત થશેઃ પવન કલ્યાણ

આંધ્ર પ્રદેશમાં એક્ટર પવન કલ્યાણની જન સેના પાર્ટીનું ભાજપ સાથે ગઠબંધન

વિજયવાડા

અભિનેતામાંથી રાજકારણી બનેલા પવન કલ્યાણની જન સેના પાર્ટી (જેએસપી)એ ભાજપની સાથે ગઠબંધની જાહેરાત કરી છે. ભાજપના નેતા જીવીએલ નરસિમ્હા રાવ અને પવન કલ્યાણે આની જાહેરાત કરી છે. પવન કલ્યાણે જણાવ્યું છે કે, લોકો રાજ્યમાં તેલુગુ દેશમ પાર્ટી (તેદેપા) અને વાઈએસઆર કોંગ્રેસની સરકારથી કંટાળી ગયા છે. તેઓ ત્રીજા વિકલ્પ તરફ મિટ માંડી રહ્યા છે. ભાજપ-જેએસપી લોકોને વૈકલ્પિક સરકાર આપશે. અમે સાથે મળીને ૨૦૨૪ની ચૂંટણીમાં જીત પ્રાપ્ત કરીશું.

નરસિમ્હા રાવે જણાવ્યું હતું કે, ભાજપ-જેએસપીનું ગઠબંધન રાજ્યના રાજકારણને સાફ કરવા માટે થયું છે. આ એક ઐતિહાસિક પગલું છે. આંધ્ર પ્રદેશમાં ભાજપને અન્ય કોઈ પાર્ટી સાથે કોઈ રાજકીય સંબંધ નથી. અમે પ્રજાના મુદ્દા લઈને ચૂંટણી લડીશું અને વિકલ્પ તરીકે આગળ વધીશું.

ભાજપના નેતા લંકા દિનાકરણે જણાવ્યું હતું કે, રાજ્ય અને રાષ્ટ્રહિતને ધ્યાનમાં રાખીને પવન કલ્યાણના ભાજપ સાથેના ગઠબંધના નિર્ણયનો અમે સ્વાગત કરીએ છીએ. અમે જનગ મોહન રેડ્ડી સરકારના પ્રજાવિરોધી નિર્ણય વિરુદ્ધ લડત આપીશું.

કાર્તિને મળી સુપ્રિમ કોર્ટમાંથી રાહત

INX મીડિયા કેસઃ કાર્તિ ચિદમ્બરમને ૨૦ કરોડ રૂપિયા પરત કરશે કોર્ટ

ન્યુ દિલ્હી

કોંગ્રેસનાં સાંસદ અને આઈએનએક્સ મીડિયા કેસનો સામનો કરી રહેલા કાર્તિ ચિદમ્બરમ હવે કોર્ટમાં જમા કરાયેલા ૨૦ કરોડ રૂપિયા પાછા ખેંચી શકે છે. કાર્તિ ચિદમ્બરમની એક અરજીની સુનાવણી કરતાં સુપ્રીમ કોર્ટે તેમને મોટી રાહત આપી છે. જણાવી દઈએ કે વિદેશ જવાની શરતે, સુપ્રીમ કોર્ટમાં ૨૦ કરોડ રૂપિયા જમા કરાવ્યા હતા, જેને પાછા ખેંચવાની મંજૂરી મળી ગઈ છે. આઈએનએક્સ મીડિયા કેસમાં કાર્તિ ચિદમ્બરમે સુપ્રીમ કોર્ટને આ રકમ જમા કરાવી હતી.

નોંધપાત્ર વાત એ છે કે આઈએનએક્સ મીડિયા કેસમાં સુપ્રીમ કોર્ટે કાર્તિ ચિદમ્બરમની વિદેશ જવાની શરતે ૨૦ કરોડ રૂપિયા જમા કરાવ્યા હતા. સુપ્રીમ કોર્ટે ૨૦૧૯ નાં જાન્યુઆરી મહિના માટે ૧૦ કરોડ અને મે મહિનામાં ૧૦ કરોડ રૂપિયા જમા કરાવ્યા હતા. પૈસા જમા કરાવ્યા બાદ તેમને વિદેશ જવાની છૂટ મળી હતી. જણાવી દઈએ કે, આઈએનએક્સ મીડિયા અને એરસેલ મેક્સિસ કેસમાં કાર્તિ ચિદમ્બરમ વિરુદ્ધ તપાસ ચાલી રહી છે. તેમણે આંતરરાષ્ટ્રીય ટેનિસ ટૂર્નામેન્ટ માટે યુ.એસ., જર્મની અને સ્પેનની મુલાકાત માટે ટોચની કોર્ટની મંજૂરી માંગી હતી. તેમને કોર્ટ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી કારણ કે સીબીઆઈ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ વતી સોલિસીટર જનરલ તુષાર મહેતાએ તેનો વિરોધ કર્યો ન હતો.

મહાત્મા ગાંધી ભારત રત્નની ક્યાંય ઉપર છેઃ ન્યાયાધીશ

મહાત્મા ગાંધીને 'ભારત રત્ન' આપવાની માંગવાળી અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટે મહાત્મા ગાંધીના માટે "ભારત રત્ન" આપવાની માંગ સબંધિત પીઆઈએલને ફગાવી દીધી છે. આ મામલે સુનાવણી કરતા ન્યાયાધીશે જણાવ્યું કે, મહાત્મા ગાંધી ભારત રત્નની ક્યાંય ઉપર છે.

સુપ્રી કોર્ટે સુનાવણી કરતા પીઆઈએલ કરનારાને કેન્દ્ર સરકારને આ મામલે લખવા માટે જણાવ્યું છે. સીજેઆઈએ જણાવ્યું કે, મહાત્મા ગાંધીને આવી કોઈ ગૌણ માન્યતાની કોઈ આવશ્યકતા નથી. તે રાષ્ટ્રપિતા છે. તેઓ આ માન્યતાઓથી ક્યાંય ઉપર છે. લોકો તેમને ખૂબ જ આદર આપે છે.

મહાત્મા ગાંધીને ભારત રત્ન આપવાની માંગને લઈને અનેક વખત જાહેરહિતની અરજી દાખલ કરવામાં આવી ચૂકી છે. સુપ્રીમ કોર્ટે દર વખતે આવું કહીને ફગાવવામાં આવે છે કે, ગાંધીજીને ભારત રત્ન આપવો તેમના યોગદાનને ઓછુ આંકવા સમાન હશે.

જણાવી દઈએ કે, ભારત રત્ન દેશનું સર્વોચ્ચ નાગરિક સમ્માન છે. જે કોઈ પણ વ્યક્તિને દેશમાં તેમના સર્વશ્રેષ્ઠ યોગદાન માટે આપવામાં આવે છે. કેન્દ્રીય ગૃહમંત્રાલય આ માટે ભલામણ કરે છે. જે બાદ રાષ્ટ્રપતિ દ્વારા સમ્માનિત વ્યક્તિને ભારત રત્ન આપવામાં આવે છે.

દિલ્હી દંગલ
પહેલા પાનાથી ચાલુ

ચૂંટણી મેદાનમાં ટક્કર આપવા તૈયાર હશે.

જ્યારે રિઠાલાથી વિજય ચૌધરી, બવાનથી રવિન્દ્ર કુમાર, વિજેન્દર ગુપ્તા-રોહિણી. આમ આદમી પાર્ટી છોડીને બીજેપીમાં શામેલ થયેલા કપિલ મિશ્રાને મોડલ ટાઉનથી ટિકટ મળી છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીને લઈને ભારતીય જનતા પાર્ટીએ પણ ઉમેદવાર પસંદગી કરી છે.જેમાં પહેલી યાદીમા ૫૭ ઉમેદવારો સામેલ થશે. દિલ્હીમાં ભાજપના ઉમેદવાર પસંદગી માટે ભાજપની કેન્દ્રીય ચૂંટણી પંચની મોડી રાતે સુધી ત્રણ કલાક બેઠક ચાલી હતી.

ભાજપના ઉમેદવારોના નામને અંતિમ રૂપ આપવા માટે બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અને ભાજપ અધ્યક્ષ અમિત શાહ, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, કેન્દ્રીય પ્રધાન નિતીન ગડકરી, પૂર્વ કેન્દ્રીય પ્રધાન તથા રાષ્ટ્રીય પ્રવક્તા શાહનવાઝ હુસૈન, દિલ્હીના ચૂંટણી પ્રભારી પ્રકાશ જાવડેકર, દિલ્હી પ્રભારી શ્યામ જાજૂ, કેન્દ્રીય મંત્રી થાવરચંદ ગેહલોત, રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બીએલ સંતોષ, પ્રદેશ ભાજપ અધ્યક્ષ અને સાંસદ મનોજ તિવારી, ભાજપ ધારાસભ્ય પક્ષના નેતા વિજેન્દ્ર ગુપ્તા હાજર રહ્યા હતા. દિલ્લીની ૭૦ વિધાનસભા સીટો પર ૮ ફેબ્રુઆરીના રોજ મતદાન થવાનુ છે.

ભાજપના ૫૭ ઉમેદવારોની સૂચિ ...

૧. નરેલા-નિલદમન ખત્રી, ૨. ટીમરપુર -સુરેન્દ્ર સિંઘ બિટ્ટુ, ૩. આદર્શ નગર-રાજકુમાર ભાટિયા, ૪. બાદલી- વિજય ભગત, ૫. રીઠાલા - મનીષ છૌધરી, ૬. બવાના - રવિન્દ્ર કુમાર ઈન્દ્રાજ, ૭. મુંડકા - માસ્ટર આઝાદ સિંહ, ૮. કિરાડી - અનિલ ઝા, ૯. સુલતાનપુર માજરા - રામચંદ્ર છાવરિયા, ૧૦. મંગોલપુરી - કરમસિંહ કરમા, ૧૧. રોહીણી - વિજેન્દ્ર ગુપ્તા, ૧૨. શાલીમાર બાગ - રેખા ગુપ્તા, ૧૩. શકુર બસ્તી - એસસી વત્સ, ૧૪. ત્રિનગર - તિલકરામ ગુપ્તા, ૧૫. વઝીરપુર- મહેન્દ્ર નાગપાલ, ૧૬. મોડેલ ટાઉન - કપિલ મિશ્રા, ૧૭. સદર બજાર- જયપ્રકાશ, ૧૮. ચાંદની ચોક - સુમન કુમાર ગુપ્તા, ૧૯. મટિયા મહેલ- રવિન્દ્ર ગુપ્તા, ૨૦. બલ્લીમારન-લતા સોઢી, ૨૧. કરોલ બાગ - યોગેન્દ્ર ચંદોલીયા, ૨૨. પટેલ નગર- પરવેશ રત્ન, ૨૩. મોતી નગર સુભાષ સચદેવા, ૨૪. માદીપુર- કૈલાસ સાંખલા, ૨૫. તિલક નગર - રાજીવ બબ્બર, ૨૬. જગતપુરી - આશિષ સૂદ, ૨૭. વિકાસપુરી - સંજય સિંહ, ૨૮. ઉત્તમનગર - કૃષ્ણ ગેહલોત, ૨૯. દ્વારકા - પ્રદ્યુમન પ્લાદિન, ૩૦. મટીયાલી - રાજેશ ગેહલોત, ૩૧. નફજગઢ - અજિત ખડખડી, ૩૨. બ્રિજવાસન - સત્ય પ્રકાશ રાણા, ૩૩. પાલમ - વિજય પંડિત, ૩૪. રાજેન્દ્ર નગર - સરદાર આરપી સિંહ, ૩૫. જંગપુરા - સરદાર ઈમરત સિંઘ બક્ષી, ૩૬. માલવિય નગર - શૈલેન્દ્ર સિંઘ મોન્ટી, ૩૭. આર.કે. પુરમ - અનિલ શર્મા, ૩૮. છત્તરપુર - બ્રહ્મા સિંહ તંવર, ૩૯. દેવલી - અરવિંદ કુમાર, ૪૦. આંબેડકરનગર -ખુશીરામ, ૪૧. ગ્રેટર કૈલાસ - શિખા રાય, ૪૨. તુગલકાબાદ - વિક્રમ બિધૂડી, ૪૩. બદરપુર -રામવિર સિંઘ બિધૂડી, ૪૪. ઓખલા - બ્રહ્મસિંહ, ૪૫. ત્રિલોકપુરી - કિરણ વૈદ્ય, ૪૬. કોંડલી - રાજકુમાર ધિલ્લોન, ૪૭. પડપડગંજ - રવિ નેગી, ૪૮. લક્ષ્મી નગર - અભયકુમાર વર્મા, ૪૯. વિશ્વાસ નગર - ઓ.પી. શર્મા, ૫૦. ગાંધી નગર - અનિલ બાજપાઇ, ૫૧. રોહતાસ નગર - જિતેન્દ્ર મહાજન, ૫૨. સીલમપુર - કૌશલ મિશ્રા, ૫૩. ઘોંડા - અજય મહાવત, ૫૪. બાબરપુર - નરેશ ગૌડ, ૫૫. ગોકુલપુર - રંજીત કશ્યપ, ૫૬. મુસ્તફાબાદ - જગદીશ પ્રધાન, ૫૭. કરાવલ નગર - મોહનસિંહ બિષ્ટ

પજની તૈયારી
પહેલા પાનાથી ચાલુ

શક્તિશાળી ઉપગ્રહ છે. તેની મદદથી દેશમાં કમ્યુનિકેશન સિસ્ટમ વધારે સારી બનશે. ઈસરોના જણાવ્યા પ્રમાણે, આ ઉપગ્રહ ઈનસેટ-૪Aની જગ્યા લેશે અને તેની કવરેજ ક્ષમતા વધારશે.

GSAT-30 સેટેલાઈટનું વજન લગભગ ૩૧૦૦ કિલોગ્રામ છે. આ લોન્ચિંગના ૧૫ વર્ષ સુધી કામ કરશે. કહેવાય છે કે આ કમ્યુનિકેશ સેટેલાઈટથી રાજ્ય સંચાલિત અને ખાનગી સર્વિસ પ્રોવાઈડર કંપનીઓને કમ્યુનિકેશન લિંક આપવાની ક્ષમતામાં સુધાર કરી શકાશે.

ઈસરોએ જણાવ્યું કે, આ ઉપગ્રહ કેયુ બેંડમાં ભારતીય મુખ્ય જમીન અને બેટોને, સી બેંડ ખાડી દેશો, મોટી સંખ્યામાં એશિયન દેશો અને ઓસ્ટ્રેલિયાને કવરેજ પ્રદાન કરે છે. ૩૦ વર્ષના મિશન સમયગાળાવાળા જીસેટ ઉપગ્રહ ડીટીએચ, ટેલિવિઝન અપલિગ અને વીસેટ સેવાઓ માટે ક્રિયાશીલ સંચાર ઉપગ્રહ છે.

ઈસરોએ કહ્યું કે જીસેટ-૩૦ કમ્યુનિકેશન પેલોડને આ અંતરિક્ષ યાનમાં વધારે ટ્રાન્સપોન્ડર લગાવવા માટે ખાસ તૈયાર કરાયો છે. સ્પેસ એજન્સી મુજબ ઉપગ્રહનો ઉપયોગ વ્યાપક રીતે વીસેટ નેટવર્ક, ટેલીવિઝન અપલિંકિંગ, ટેલીપોર્ટ સેવાઓ, ડિઝિટલ સેટેલાઈટ ખબર સંગ્રહણ (ડીએસએનજી), ડીટીએચ ટેલીવિઝન સેવાઓ વગેરે માટે કરાશે.

ઈસરોએ આ વર્ષે લગભગ ૧૦ સેટેલાઈટ્સ લોન્ચ કરવાની યોજના પર કામ કરી રહ્યું છે. તેમાં આદિત્ય એલ૧ સેટેલાઈટ સામેલ છે. આ સેટેલાઈટને ૨૦૨૦ના મધ્ય સુધી લોન્ચ કરવામાં આવશે. આ મિશન સૂર્ય પર અધ્યયન કરનારું પહેલું ભારતીય મિશન હશે. ઈસરોએ ગયા વર્ષે ૬ લોન્ચ વાહન અને ૭ સેટેલાઈટ મિશન લોન્ચ કર્યા હતા.

તારીખ પે તારીખ
પહેલા પાનાથી ચાલુ

સગીર હોવાનું માનવાનો ઈકાર કરીને ફાંસીની સજા યથાવત રાખી હતી.

જેની સામે આજે પવને અપીલ કરતાં એવી છાપ ઉપસી રહી છે કે નરાધમો ફાંસીથી બચવા માટે એક પછી એક કાયદાની છટકબારીઓનો ઉપયોગ કરીને ફાંસીને લંબાવી રહ્યાં છે. પરંતુ કાયદાકીય રીતે તમામ છટકબારીઓનો ઉપયોગ કરવા છતાં આ કેસમાં ૪ નરાધમોની ફાંસી અટકી શકે તેમ નથી એમ નિર્ભયાના પરિવારજનોનું માનવુ છે. નોંધનીય છે કે છેલ્લાં ૮ વર્ષથી આ કેસમાં નીતનવા વળાંકો આવ્યાં છે અને ગેંગરેપનો ભોગ બની મોતને ભેટનાર નિર્ભયાને હજી ન્યાય મળ્યો નથી.

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે નિર્ભયા કેસના દોષિત મુકેશ સિંહની ફાંસીની સજા બદલ કરેલી દયા અરજીને આજે ફગાવી દીધી હતી. મુકેશ સિંહે ૧૪ જાન્યુઆરીના સુપ્રીમ કોર્ટમાં ક્યૂરેટિવ પિટિશન રદ થયા બાદ રાષ્ટ્રપતિ સામે અંતિમ વિકલ્પરૂપે દયા અરજી કરી હતી. દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે નિર્ભયા કેસમાં મુકેશ સહિતના ચાર દોષિતોને ૨૨ જાન્યુઆરીએ ફાંસીની સજા આપવાનું ડેથ વોરન્ટ ઈશ્યૂ કર્યું હતું. જો કે મુકેશની દયા અરજી પર નિર્ણય બાકી હોવાથી ગુરુવારે કોર્ટે ૨૨ જાન્યુઆરીના ફાંસીની સજા શક્ય નહીં હોવાનું જણાવ્યું હતું.

આ પહેલા ચારે અપરાધીઓમાંથી મુકેશ સિંહે દિલ્હી હાઈકોર્ટમાં અપીલ કરી હતી અને ફાંસીની સજા પર રોક લગાવવા માટેની અરજી કરી હતી. જેના કારણે નરાધમોને આપવામાં આવતી ફાંસની સજામાં ફેરફાર થાય તેવી પણ સ્થિતિનું સર્જન થયું હતું.

પટિયાલા હાઉસ કોર્ટે ૭ જાન્યુઆરીના મુકેશ સિંહ, પનવ ગુપ્તા, વિનય શર્મા અને અક્ષય ઠાકુર સામે ડેથ વોરન્ટ જાહેર કરી દીધું હતું. બંધારણીય ઢબ મુજબ દોષિતો પાસે રાષ્ટ્રપતિ સમક્ષ દયા અરજીનો છેલ્લો વિકલ્પ બચ્યો હતો. ચાર દોષિતો પૈકી મુકેશે રાષ્ટ્રપતિ સમક્ષ દયા અરજી કરી જેલ તંત્રને સોંપી હતી. ગૃહ મંત્રાલયે ગત રાત્રે દયા અરજી રાષ્ટ્રપતિને રવાના કરી હતી. મુકેશની ફાંસીની સજા સામેની દયા અરજી ફગાવવા અપીલ કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ગૃહ મંત્રાલયના સૂત્રોના મતે મુકેશની દયા અરજી ફગાવી હોવાની સુચના પણ તેમને મળી ગઈ છે.

જો કે હજુ પણ ત્રણ દોષિતો પાસે રાષ્ટ્રપતિ સમક્ષ દયા અરજીનો વિકલ્પ બચ્યો છે. ૧૬ ડિસેમ્બર ૨૦૧૨ના દિલ્હીમાં થયેલા ચકચારી ગેંગરેપના એક દોષિ વિનય શર્માની પણ દયા અરજી રાષ્ટ્રપતિ પાસે પહોંચી હતી. જો કે તેણે બાદમાં એમ જણાવીને અરજી પરત લઈ લીધી હતી કે આ માટે તેની રાય લેવાઈ નહતી. જેલ નિયમ મુજબ તમામ દોષિતોના કાયદાકીય વિકલ્પ પૂર્ણ ના થાય ત્યાં સુધી કોઈને પણ ફાંસી આપી શકાતી નથી.

ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રપતિ દ્વારા દયા અરજી ફગાવી દેવામાં આવે છે ત્યારબાદ પણ દોષિતોને ફાંસી આપવામાં ૧૪ દિવસનો સમય મળે છે.

હમ દો હમારે દો
પહેલા પાનાથી ચાલુ

પડશે. વળી, તેમણે રામ મંદિરનાં નિર્માણ અંગે પૂછેલા સવાલ પર કહ્યું કે, આ કેસમાં સંઘની ભૂમિકા માત્ર ટ્રસ્ટ બને ત્યાં સુધી જ છે. આ પછી, સંઘ તેને પોતાનાથી અલગ કરશે. તેમણે કહ્યું હતું કે કાશી-મથુરા ન તો સંઘનાં એજન્ડામાં હતા અને ન હશે. મોહન ભાગવત ચાર દિવસનાં પ્રવાસ પર મુરાદાબાદ પહોંચ્યા છે. આપને જણાવી દઈએ કે, સંઘનાં વડા બન્યા બાદ તેઓ પહેલીવાર મુરાદાબાદ પહોંચ્યા છે. આ સમયગાળા દરમિયાન, મુરાદાબાદનાં એમઆઈટી ઓડિટોરિયમ ખાતે એક જિજ્ઞાસા સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. નાગરિકતા સુધારો અધિનિયમ અંગે પૂછેલા સવાલ પર તેમણે કહ્યું કે, સીએએ પર પીછે હઠ કરવાનો કોઈ પ્રશ્ન નથી. તેઓ આ મુદ્દે કેન્દ્ર સરકારની સાથે સંપૂર્ણ રીતે છે. વળી તેમણે કહ્યું કે, આર્ટિકલ ૩૭૦ હટાવવાનો નિર્ણય હોય કે સીએએ લાગુ કરવાનો નિર્ણય, આ બધા જ નિર્ણય પર સંઘ સરકારનાં નિર્ણય સાથે સંપૂર્ણ રીતે ઉભુ છે.





સુરતના ઈન્ડોર સ્ટેડિયમ ખાતે સુરત શહેર ટ્રાફિક પોલીસ દ્વારા ૩૧ માં માર્ગ સલામતી સમાહ સમાપન ના કાર્યક્રમમાં ગુજરાત આરોગ્ય મંત્રી કિશોરભાઈ કાનાણી, સુરત કમિશનર સાહેબ હાજરી આપી માર્ગ સલામતી વિશે જાણકારી આપવામાં આવી હતી.

નવસારીમાં ૨૧'મી સદીનું રેકોર્ડબ્રેક ૪ ડીગ્રી લઘુતમ તાપમાન

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં શીત લહેર ફરી વળતા લોકો ઠંડીમાં ઠુંઠવાયા : વલસાડમાં ૧૦.૫ અને સુરતમાં ૧૨.૬ ડીગ્રી ન્યુનતમ તાપમાન નોંધાયું

સુરત

જમ્મુ-કાશ્મીર અને પહાડી પ્રદેશોમાં હિમવર્ષાના લીધે તથા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી દક્ષિણ ગુજરાત છેલ્લા બે દિવસથી ઠુંઠવાઈ રહ્યું છે. નવસારીમાં ૨૧મી સદીનું સૌથી નીચું રેકોર્ડબ્રેક તાપમાન આજે ૪ ડીગ્રી નોંધાયું છે. છેલ્લા પચ્ચીસ વર્ષનો રેકોર્ડ જોતા નવસારીમાં કડકડતી ઠંડીનો અનુભવ ગતરાત્રે થયો હતો.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ છેલ્લા બે ત્રણ દિવસથી ઉત્તરીય શીત લહેરની અસરથી દિવસ દરમ્યાન પણ ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. આજે સવારે નોંધાયેલ વિગત અનુસાર અધિકતમ તાપમાન ૨૪ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૨.૬ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૮૯ ટકા અને હવાનું દબાણ ૧૦૧૭.૮ મિલીબાર નોંધાયું છે. ગતરોજ સુરતમાં ન્યુનતમ તાપમાન ૧૨.૭ ડીગ્રી નોંધાયું હતું. ગતરોજની સરખામણીએ આજે તાપમાન યથાવત રહ્યું છે.

વલસાડ હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનતમ તાપમાન ૧૦.૫ ડીગ્રી નોંધાયું છે.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનતમ તાપમાન ૪ ડીગ્રી નોંધાયું હતું. જે ગતરોજ ૫.૩ ડીગ્રી નોંધાયું હતું. ગતરોજની સરખામમીમાં આજે ૧.૩ ડીગ્રી પારો નીચો નોંધાયો હતો. નવસારી શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા ત્રણ દિવસથી કડકડતી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. રાત્રે અને મળસ્કે જ નહીં પરંતુ દિવસ દરમ્યાન પણ નવસારીવાસીઓને ઠંડીથી બચવા માટે ગરમ વસ્ત્રોની મદદ લેવાની ફરજ પડી રહી છે. વધુમાં મળતી માહિતી મુજબ ગતરાત્રિ દરમ્યાન આ સિઝનની સાથે છેલ્લા ૨૫ વર્ષની સૌથી વધુ ઠંડી રાત નોંધાઈ છે. ૧૬-૧-૧૯૯૭ના રોજ નવસારીમાં ૫ ડીગ્રી ન્યુનતમ તાપમાન નોંધાયું હતું. ૨૭-૧૨-૨૦૧૮ના રોજ નવસારીમાં ન્યુનતમ તાપમાનનો પારો ૪.૫ ડીગ્રી નોંધાયો હતો. ગતરોજ ૧૬-૧-૨૦૨૦ના રોજ ૫.૩ ડીગ્રી અને આજે ૧૭-૧-૨૦૨૦ના રોજ ન્યુનતમ તાપમાન છેલ્લા ૨૫ વર્ષનો રેકોર્ડ તોડીને ૪ ડીગ્રી નોંધાયો છે. ૨૧મી સદીના ૨૦ વર્ષ દરમ્યાન આજે સૌથી વધુ ઠંડી નવસારીવાસીઓએ અનુભવી છે.

હવામાન વિભાગના સૂત્રો વધુમાં જણાવ્યું છે કે આગામી ત્રણ-ચાર દિવસ સુધી રાજ્યમાં શિત લહેરની અસર યથાવત રહેશે. આજે રાજ્યમાં સૌથી વધુ ઠંડી નલીયામાં ૩.૪ ડીગ્રી અને ત્યારબાદ નવસારીમાં ૪ ડીગ્રી સાથે બીજુ સૌથી ઠંડી શહેર નોંધાયું છે.

નવસારી છેલ્લા બે દિવસથી નલીયા બની ગયુ હોય તેવો અનુભવ થઈ રહ્યો છે. નવસારીવાસીઓ કડકડતી ઠંડીથી બચવા માટે ફરજીયાત ગરમ વસ્ત્રો પહેરવાની સાથે તાપણુ કરવાની ફરજ પડી રહી છે. રાજ્યનું હવામાન વિભાગ દ્વારા મળતી માહિતી મુજબ ગતરાત્રિ દરમ્યાન ૧૨ શહેરોનું તાપમાન સિંગલ ડિજીટમાં એટલે ન્યુનતમ તાપમાન ૧૦ ડીગ્રી કરતા ઓછુ નોંધાયું છે.

નવસારી જુનિયર રેડક્રોસના ઉપક્રમે સ્વામી વિવેકાનંદ જન્મ જયંતીની ઉજવણી

નગર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની વિશાળ રેલી

નવસારી

નવસારી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ તથા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી નવસારી જૂનિયર રેડક્રોસના ઉપક્રમે સ્વામી વિવેકાનંદની ૧૫૭મી જન્મ જયંતી પ્રસંગની ઉજવણી ન.પ્રા.શાળાના જૂનિયર રેડક્રોસના ૪૦૦ વિદ્યાર્થીઓ તથા કાઉન્સેલર શિક્ષકની વિશાળ યુવારેલી દ્વારા થઈ છે. વહેલી સવારે મહાત્મા ગાંધી પ્રતિમા આગળથી આ યુવા રેલીને શિ.સ.ના ચેરમેન મધુભાઈ કતીરિયા, પાલિકા નવસારીના ચેરમેનો, પ્રેમચંદ લાલવાણી, કેયુરીબેન દેસાઈ તથા રેડક્રોસના ચેરમેન ડૉ. અતુલભાઈ દેસાઈએ લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું. બેન્ડ, ધજા, પ્લેકાર્ડ, સ્વામીજીના પોશાકમાં તૈયાર થઈ આ વિદ્યાર્થીઓએ ''યુવાનોનો આદર્શ સ્વામી વિવેકાનંદ'' થી તથા લેઝીમ ડંબેલ્સના દાવ સાથે રાજમાર્ગને ગજવ્યો હતો. જૂનાથાણા સ્થિત વિવેકાનંદની પ્રતિમાને ફુલહાર કરીઆ યુવા રેલી શેઠ આર જે જે હાઈસ્કૂલના પ્રાંગણમાં એકત્ર થઈ હતી. શાળાના આચાર્ય અમીષ મહેતા તથા દિપીકા પટેલે આ રેલીનું અભિવાદન કર્યું હતું. શ્રેષ્ઠ ટુકડીના નિર્ણાયક પદે કાઉન્સિલર હેતાંગી મહેતા તથા કલ્પેશ સોલંકીએ સેવા આપી હતી. સમગ્ર યુવા રેલીનું સંચાલન ઉદ્ઘોષણા જે આરસી પ્રવૃત્તિના કોર્ડિનેટર પ્રા. જશુભાઈ નાયકે કરી હતી. પાલિકા નવસારી ગાર્ડન સમિતિના ચેરમેન શિલા દેસાઈ, રેડક્રોસ પદાધિકારીઓ કેરસી દેબુ, તુષાર દેસાઈના હસ્તે પારિતોષિક વિતરણ થયું હતું. યુવા રેલી શ્રેષ્ઠ ટુકડીઓ મિશ્ર શાળા નં.૧ કાઉન્સેલર કૃપાદેવી પટેલ, કન્યા શાળા નં. કાઉન્સેલર ક્રિષ્ણાબેન, મિશ્ર શાળા નં.૪ કાઉન્સેલર અમિત પટેલ, કન્યા સાળા નં.૭ કાઉન્સેલર બેલા પાઠક.

મધ્ય પ્રદેશના પીટોલમાં દાહોદ ડેપોની બસને ૬૪ હજારનો દંડ ફટકારાયો

દાહોદ

ગુજરાતમાંથી મધ્ય પ્રદેશ જવા માટે ગુજરાત સ્ટેટ ટ્રાન્સપોર્ટની દાહોદથી ગણતરીની બસો ચાલે છે. તેમાં સુરત-પીટોલ બસની પરમિટ પૂર્ણ થઈ ગયુ હોવા છતાં તે દોડાવાતી હોવાનું પીટોલ પોલીસની તપાસમાં સામે આવ્યુ હતું. આ મામલે આરટીઓ દ્વારા ૬૪ હજાર રૂપિયાનો દંડ ફટકારવામાં આવતાં ખળભળાટ મચી ગયો છે. પરમિટ જ નહોતી તો કોના લાભ માટે આ બસ દોડાવવામાં આવતી હતી તે તપાસનો વિષય બન્યો છે.



દાહોદ ડેપોની જીજે-૧૮-ઝેડ-૪૧૧૩ નંબરની એસ.ટી બસ દાહોદથી સાંજના ૪.૧૫ વાગ્યે મધ્ય પ્રદેશના પીટોલ મોકલીને ત્યાંથી સુરત મોકલવામાં આવતી હતી. મધ્ય પ્રદેશના મજુરોનો ફુલ ટ્રાફિક આ બસને મળતો હતો. મધ્યપ્રદેશમાં બસ મોકલવા માટે ત્યાંની પરમિટ જરૂરી હોય છે. આ બસની પરમિટ પૂર્ણ થઈ ગઈ હોવા છતાં તે દોડાવાતી હતી. પીટોલમાં નેશનલ હાઈવે પાસે ઉભી રાખીને તેમાં મુસાફરો ભરવામાં આવતાં હતાં.

બસ સરકારી હોવાથી તેનું ચેકિંગ કરાતું ન હતુ પરંતુ કોઈ કારણોસર પીટોલ ટ્રાફિક પોલીસે કાગળો ચેક કરતાં તે ચોંકી ઉઠ્યા હતાં. આ પ્રકરણ આટીઓમાં મોકલવામાં આવતાં પરમિટ જ ન હોવાથી ૬૪ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે. ઝાબુઆના આરટીઓ રાજેશકુમાર ગુપ્તાએ જણાવ્યુ હતું કે, અધુરા દસ્તાવેજોને કારણે કાર્યવાહી કરવામાં આવી છે. તેની સામે દાહોદ એસ.ટીના જવાબદારો પરમિટ રિન્યુ કરવા મોકલી હોવાનું જણાવી રહ્યા છે. તે પરમિટ હાથમાં આવ્યું ન હોવા છતાં બસ કોના લાભ માટે ચાલુ રખાઈ હતી તે તપાસનો વિષય બન્યો છે. ડેપોના અધિકારીઓની ભુલથી સરકારને ચુનો ચોપડાશે તેમ જોવાઈ રહ્યું છે.

પાંડેસરામાં નજીવી બાબતમાં ત્રણ યુવકો પર ચપ્પુ વડે હુમલો

ડાઈંગ પ્રિન્ટિંગ મિલમાં કામ કરતા કારીગરો વચ્ચે મારામારી

સુરત

પાંડેસરા ગુજરાત હાઉસિંગ બોર્ડ હરીઓમ નગર ખાતે નજીવી બાબતમાં ઝઘડો થતા ઉશ્કેરાઈ જઈ અજાણ્યા ત્રણ ઈસમોએ ડાઈંગ પ્રિન્ટિંગનું કામ કરતા એક યુવક સહિત ત્રણ ઈસમો પર ચાકુ વડે હુમલો કરી ફરાર થઈ ગયા હોવાનો બનાવ પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ યુ.પી.ના વતની અને હાલમાં પાંડેસરા હરિઓમ નગર ખાતે રહેતા મુકેશ શર્મા સચીન વિસ્તારમાં આવેલી એક મિલમાં ડાઈંગ પેન્ટિંગનું કામ કરે છે. ગતરોજ રાત્રિના સુમારે પ્રમોદ પપ્પુ નિશાદ સહિત અજાણ્યા ત્રણ ઈસમોએ નજીવી બાબતમાં ઝઘડો કરી મુકેશ શર્માને ઢીક મુક્કીનો માર મારી તથા તેનો ભાઈ સૌરભ, શુભમ અને વિમળ પર ચપ્પુ વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મકાનમાં પ્રવેશ કરી ઘર માલિક પર હુમલો

સુરત

ઉધના મગદલ્લા રોડ સોમનાથ સોસાયટી ખાતે આવેલા એક મકાનમાં આરોપીએ અપપ્રવેશ કરી મકાન માલિક સાથે ઝપાઝપી કરી ફરાર થઈ ગયો હોવાનો બનાવ ખટોદરા પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ઉધના મગદલ્લા રોડ ચામુંડા શેરી ખાતે આવેલી સોમનાથ સોસાયટીમાં જીતેશભાઈ ઉત્તમભાઈ રાણા રહે છે. ઘર નંબર ૮૧માં રહેતાં અને આરોપી કૌશિક રાણાએ ગતરોજ બપોરના સુમારે તેમના ઘરમાં બીજીવારનો અપપ્રવેશ કરી ઝપાઝપી કરી ફરાર થઈ ગયો હતો. ખટોદરા પોલીસ મથકમાં મકાન માલિકે ફરિયાદ નોંધાવતા પીએસઆઈ એ.કે. કુવાડીયાએ આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી હતી.

ડૉક્ટરની સલાહ વિરૂદ્ધ દવા પીવાથી યુવાન માનસિક બિમારીનો શિકાર બન્યો

સુરત

નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળેલી વિગત મુજબ મહારાષ્ટ્રના આકોલામાં રહેતો ૩૦ વર્ષીય યુવક બે વર્ષ પહેલા ખૂબ જ પાતળો હતો અને તેનું વજન માત્ર ૫૨ કિલો હતુ. તે સુંદર દેખાય અને શરીર મજબૂત બને તે માટે ઘર પાસે આવેલા જીમમાં કસરત કરવા જતો હતો. જોકે તેનું પાતળું શરીર હોવાથી માંડ ૩૦ મિનિટ કસરત કરીને હાંફી જતો હતો. જેથી જીમમાં ટ્રેઈનરે યુવકને મેફેંટરમાઈન ઈન્જેક્શન અને હોર્મોન્સના ઈન્જેક્શન લેવાની સલાહ આપી હતી. જેને પગલે યુવાન જ્યાં ૩૦ મિનિટ કસરત કરતો હતો તેની જગ્યાએ ચારથી છ કલાક સુધી કસરત કરતો થયો હતો.

શરૂઆતમાં દિવસમાં એકવાર એક એમએલ ડોઝ ઈન્જેક્ટ કરતો હતો. ત્યારબાદ ધીરેધીરે ડોઝ વધારીને બે એમએલથી લઈ ૨૮ એમએલ સુધીનો લેતો થઈ ગયો હતો. જેના લીધે તેનું વજન ૮૫ કિલો સુધી પહોંચી ગયું હતું. જોકે તેનો ઓવરડોઝ થવાને કારણે યુવકને સાયકો બ્રેઈનડાઉન શરૂ થયું હતું. એટલે કે માનસિક બિમારીમાં ઝપેટમાં આવી ગયો હતો. તેને માથામાં દુખાવો થાય, ગભરામણ થાય, પસીનો થાય, મૃત માણસો દેખાવા લાગ્યા અને કેટલાંક અવાજો સંભળાતા હતા.

ઘણીવાર તેને ઊંઘ પણ આવતી નહોતી ત્યારબાદ તેના પરિવારજનો તેને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઈ ગયા હતા પણ તેની તબિયતમાં ફરક નહીં પડતા સુરત નવી સિવિલ હોસ્પિટલમાં લાવ્યા હતા. જેથી તેને ત્રણથી ચાર માસ પહેલા નવી સિવિલ હોસ્પિટલ ખાતે માનસિક રોગ વિભાગની ઓપીડીમાં સારવાર અર્થે લાવ્યા હતા. ત્યાં ડૉક્ટરના કાઉન્સેલિંગ અને દવા આપવાથી તેની તકલીફમાં ઘટાડો થવા લાગ્યો હતો.

યુવકની થયેલી હત્યાના સીસીટીવી સામે આવ્યાં,તરફડતાં યુવકને મદદ ન મળી

અજાણ્યા હુમલાખોરોએ કરપીણ હુમલો કરતાં યુવક મોતને ભેટ્યો

સુરત

હુમલામાં ઈજાગ્રસ્ત થયેલો યુવક રસ્તા પર થોડું ચાલ્યા બાદ નીચે જમીન પર પટકાઈ જતો હોય તેવા સીસીટીવી સામે આવ્યાં છે. જો કે યુવકને રસ્તા પરથી નીકળતાં લોકોની મદદ મળી નહોતી. પોલીસે અજાણ્યા હુમલાખોરો સામે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે જો કે હત્યાના આરોપી હજુ પોલીસ પકડથી દૂર છે.

સચિન વિસ્તારમાં અમન પાંડે નામના યુવક પર અજાણ્યા હુમલાખોરોએ કરપીણ હુમલો કરતાં મોતને ભેટ્યો હતો.યુવક પર હુમલો થયા બાદના સીસીટીવી સામે આવ્યાં છે. જેમાં યુવક શર્ટ કાઢીને રસ્તા પર ચાલતો જતો દેખાય છે. જો કે, યુવકને કોઈ જ મદદ મળી નહોતી. રસ્તા પરથી મોપેડ અને એક બાઈક પણ પસાર થયાં હતાં. રાહદારીઓ ત્રણેક પણ રસ્તામાં પડેલા અમન પાંડે પાસેથી પસાર થતાં સીસીટીવીમાં દેખાય છે જો કે અમન પાંડેને કોઈની મદદ મળી નહોતી.અમન પાંડે રસ્તા પર તરફડી રહ્યો હતો અને લોકો તેને જોઈને પસાર થઈ ગયાં હતાં.

અમન પાંડે પર હુમલો કરનારાની ઓળખ થઈ શકી નથી ક્યા કારણોસર હત્યા કરવામાં આવી તે અંગે પોલીસે વધુ તપાસ હાથધરી છે. ફરીયાદ અજાણ્યા હુમલાખોરો સામે નોંધી છે. જો કે હજુ સુધી પોલીસ હત્યારા સુધી પહોંચી શકી નથી.

પરિસ્થિતિ અનુકૂળ હોય કે પ્રતિકૂળ નિરંકાર દૃઢ હોયઃ માતા સુદીક્ષા

સુરતમાં સંત નિરંકારી મિશન દ્વારા ભક્તિ પર્વ સંગમ

સુરત

નિરંકાર પ્રભુ પરમાત્મા પર જો આપણે આધારિત રહીશું તો નિરંકારના ગુણ આપણી અંદર પણ આવશે. ભક્તિ એ જીવન છે જે આ નિરંકારની સાથે સંબંધ જોડીને વ્યતીત થાય છે. ભક્ત બનવાનું માપદંડ છે સહજતાનો ગુણ અને દરેક પરિસ્થિતિમાં ભલે એ પ્રતિકૂળ હોય કે અનુકૂળ, નિરંકાર પર સ્થિરતા કાયમ રાખવી. આ ઉદ્‌ગાર સદગુરૂ માતા સુદીક્ષા જી મહારાજે ભક્તિ પર્વના પાવન અવસર પર ગઈકાલે અહીં વ્યક્ત કર્યા.

આ અવસર પર માત્ર દિલ્હી થી જ નહિ પરંતુ આસપાસના દરેક ક્ષેત્રો થી તથા ગુજરાત થી પણ હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુ ભક્ત સંમિલિત થયા. સત્સંગ કાર્યક્રમમાં અનેક વક્તાઓ તથા ગીતકરોએ શહંશાહ બાબા અવતાર સિંહ જી, બાબા ગુરબચન સિંહ જી, બાબા હરદેવ સિંહ જી, નિરંકારી રાજમાતા જી, માતા સવિંદર હરદેવ જી તથા અનેક ગુરુ ભક્તોનો ઉલ્લેખ કર્યો તથા તેમના જીવનથી જે શિક્ષા આજે પણ આપણું માર્ગદર્શન કરે છે તેની ચર્ચા કરી.

ભક્તિની પરિભાષા આપતા સદગુરૂ માતાજીએ કહ્યું કે 'ભક્તિ જેટલી સરળ છે તેટલી જ મુશ્કેલ પણ છે '. છતાં પણ યુગો - યુગોથી ઈતિહાસમાં ભક્તિના માર્ગ પર ચાલવાના જ દિશા નિર્દેશ આપવામાં આવ્યા છે. જો ભક્તિના ગુણ દરેક વ્યક્તિમાં આવી જાત, તો દરેક વ્યક્તિ ભક્ત હોત. સદગુરૂ માતાજીએ ફરમાવ્યું કે ભક્તિની શરૂઆત ત્યારે જ થાય છે જ્યારે આપણી અંદર આ બ્રહ્મજ્ઞાનનો વાસ થાય છે. ભક્તિ માત્ર મનથી જ કરવામાં આવે છે, આ દેખાવનો વિષય નથી.

સદગુરૂ માતાજીએ ભક્તિનાં ત્રણ મુખ્ય સાધન - સત્સંગ, સેવા, સુમિરણનું મહત્વ પણ સમજાવ્યું કે આ માત્ર ત્રણ શબ્દ બનીને જ ન રહી જાય. આને જેટલું આપણે જીવનમાં ધારણ કરશું તેટલી જ ભક્તિ આપણા જીવનમાં દ્રઢ થતી જશે. ભક્ત બનવાના ગુણ પ્રીત, નમ્રતા, વિશાળતા, તંગદિલીને ત્યજવું, સહજતા, કરુણા, મનમાં જે પણ સકારાત્મક ગુણ છે તેને જ્યાં સુધી અપનાવતા રહીએ અને જીવનમાં લાગુ કરતા રહીએ તો જ આ ભક્તિ આપણી કાયમ રહી શકે છે.

અંતમાં સદગુરૂ માતાજીએ મિશનના વૃદ્ધ ભક્તોના ભક્તિ સાથે અતૂટ સંબંધનું ઉદાહરણ આપ્યું અને સંતોને ભક્તિ માર્ગ પર ચાલવા માટે પ્રેરિત કર્યા. ભક્તિ પર્વ પર સુરતના નિરંકારી ભક્ત, ઝોનલ ઈન્ચાર્જ શ્રી ઓંકાર સિંહ જી ના નૈતૃત્વમાં સદગુરૂ માતાજીના આશીર્વાદ લઈને પરત ફર્યા.

પેસેન્જર માટે ૨૫ લાખનો અકસ્માત વીમો અને લગેજનો રૂ.૧ લાખનો વીમો

દેશની પ્રથમ ખાનગી ટ્રેન 'તેજસ'ને સીએમએ આપી લીલીઝંડી, રેલવે મંત્રી ગેરહાજર

અમદાવાદ

અમદાવાદ-મુંબઈ વચ્ચે દેશની બીજી ખાનગી ટ્રેન તેજસ એક્સપ્રેસને સીએમ રૂપાણીએ લીલીઝંડી આપી હતી. તેજસ ટ્રેન સપ્તાહમાં ૬ દિવસ દોડશે. અમદાવાદથી સવારે ૬.૪૦ વાગે ટ્રેન ઉપડશે અને મુંબઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશન પર ૧.૧૦ વાગે પહોંચશે. અને મુંબઈથી ૩.૪૦ વાગે ટ્રેન પરત અમદાવાદ આવવા નીકળશે. જે રાત્રે ૯.૫૫ વાગે અમદાવાદ રેલવે સ્ટેશન પહોંચશે. આ પ્રસંગે કેન્દ્રીય રેલવે પ્રધાન હાજર રહેવાના હતા. જો કે, તેઓ હાજર ન રહેતા સીએમ રૂપાણીએ તેજસને લીલીઝંડી આપી હતી.

૧૯ જાન્યુઆરીથી નિયમિત રીતે તેના નિર્ધારીત ટાઈમટેબલ મુજબ અમદાવાદથી મુંબઈ અને મુંબઈથી અમદાવાદ દોડશે. તેજસ અમદાવાદના પ્લેટફોર્મ નંબર એક પરથી રવાના કરવામાં આવી હતી.૧૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે તેજસ ટ્રેન દોડશે અને ૬.૩૦ કલાકમાં અમદાવાદથી મુંબઈ પહોચાડશે. તેજસ એક્સપ્રેસની બેઠક ક્ષમતા ૭૩૬ પેસેન્જરની છે. આ ટ્રેન અઠવાડિયામાં ૬ દિવસ ચાલશે. જયારે ગુરુવારે મેઈન્ટેન્સ માટે તેને બંધ રાખવામાં આવશે. સામાન્ય જનતા ૧૯ જાન્યુઆરીથી



- સપ્તાહમાં ૬ દિવસ દોડશે, અમદાવાદથી મુંબઈ વચ્ચે એક્ઝિક્યુટિવ ચેરકારનું ભાડુ રૂ. ૨૩૮૪
- ટ્રેનની હોસ્ટેસ ગુજરાતી લુકમાં નજરે પડશે, ગુજરાતી અને મરાઠી ભાણું મળશે

મુસાફરી કરી શકશે.

તેજસ એક્સપ્રેસના ઉદ્ઘાટન પ્રસંગે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વડાપ્રધાન મોદીનો આભાર માન્યો હતો. રૂપાણીએ કહ્યું કે પીએમ મોદીના નેતૃત્વમાં રેલ્વેનો વિકાસ થઈ રહ્યો છે. ભારતીય રેલ્વેના વિકાસ માટે તેમણે આયોજન કર્યુ છે. લોકોને સુવિધા આપવી અમારી પ્રાથમિકતા છે. રેલ્વે સ્ટેશનો પર વાઈફાઈની સુવિધા પણ અપાશે. સાથે જ રૂપાણીએ કહ્યું કે ગાંધીનગર રેલ્વે સ્ટેશનને આધુનિક બનાવાશે. રેલ્વેના પ્રયાસથી અમદાવાદ-મુંબઈ વચ્ચે બુલેટ ટ્રેન પણ શરૂ કરવામાં આવશે.'

તેજસ ટ્રેન માટે ૬૦ દિવસ પહેલાં એડવાન્સ બુકિંગ કરાવી શકાશે. પેસેન્જર માટે ૨૫ લાખનો અકસ્માત વીમો અને લગેજનો રૂ.૧ લાખનો વીમો છે. ટ્રેનની હોસ્ટેસનો લુક ગુજરાતી રાખવામાં આવ્યો છે. આ ટ્રેનમાં હોસ્ટેસ કૂર્તા અને પાયજામા સાથે માથે કચ્છી વર્કની ટોપી સાથે નજરે પડશે. આ ટ્રેનમાં જે ભોજન પીરસવામાં આવશે તેનો ટેસ્ટ ગુજરાતી અને મરાઠી હશે. આ ટ્રેનમાં સામાન્ય પ્રવાસીઓ ફ્લાઈટમાં મળતી સુવિધાનો અનુભવ કરી શકશે. આ ટ્રેનમાં ઓટોમેટિક દરવાજા, સિટ પર એલસીડી સ્ક્રિન, સીસીટીવી, દરેક કોચમાં ચા-કોફી માટે વેન્ડિંગ મશીન અને મનપસંદ ભોજન પણ મળશે.

કેટલું ભાડું રહેશે..?!!

અમદાવાદથી મુંબઈ જતી તેજસ એક્સપ્રેસ ટ્રેનમાં તેજસ એક્સપ્રેસમાં અમદાવાદથી મુંબઈ વચ્ચે એક્ઝિક્યુટિવ ચેરકારનું ભાડુ રૂ. ૨૩૮૪ છે. જેમાં બેઝ ફેર રૂ .૧૮૭૫, જીએસટી રૂ .૯૪ અને કેટરિંગ ચાર્જ રૂ. ૪૦૫ લેવાશે. એસી ચેરકારનું ભાડું ૧૨૮૯ રૂપિયા હશે, જેમાં બેઝ ફેર ૮૩૦ રૂપિયા, જીએસટી ૪૪ રૂપિયા અને કેટરિંગ ચાર્જ ૩૭૫ રૂપિયા છે.

મુંબઈ-અમદાવાદ વચ્ચે એક્ઝિક્યુટિવ ચેર કારનું ભાડુ રૂ. ૨૩૭૪ છે, જેમાં રૂ .૧૮૭૫ બેઝ ફેર, રૂ .૯૯ નો જીએસટી અને કેટરિંગ ચાર્જ ૪૦૫ રૂપિયા છે. જ્યારે એસી ચેરકારનું ભાડુ ૧૨૭૪ રૂપિયા છે, જેમાં બેઝ ફેર તરીકે ૮૭૦ રૂપિયા, ૪૪ રૂ. જીએસટી અને કેટરિંગ ચાર્જ રૂ. ૩૬૦ નો સમાવેશ થાય છે.

'તેજસ' માટે સરકારી ૩૩ ટ્રેનોનાં સમય બદલાયા

આ પ્રાઈવેટ ટ્રેનને સફળ બનાવવા માટે સરકારે અત્યારથી જ એડીચોટીનું જોર લગાવી દીધું છે. પહેલાં જ દિવસે તેજસ ટ્રેન મોડી ન પડે તે માટે સરકારી ટ્રેનોનાં સમયમાં ફેરફાર કરાયો છે. તેજસ ટ્રેન મોડી પડે તો રિફંડની પણ સુવિધા અપાય છે, તેથી તેજસ રિફંડ ન આપવું પડે તે માટે પણ આ ગોઠવણ કરાઈ છે.

તેજસ ટ્રેનનાં કારણે અન્ય ૩૩ ટ્રેનોનાં સમયમાં લગભગ ૫૫ મિનિટ સુધીનો સમય બદલવામાં આવ્યો છે. ત્યારે તેને કારણે દરરોજ અપ-ડાઉન કરતાં નોકરિયાત લોકોને સૌથી વધુ હાલાકીનો સામનો કરવો પડ્યો છે. એક પ્રાઈવેટ ટ્રેન માટે સસ્તી સરકારી ટ્રેનોનો સમય બદલાતાં નોકરિયાત વર્ગને મોટું થયું હતું.



અમદાવાદ મુંબઈ વચ્ચે દોડનાર ખાનગી તેજસ ટ્રેન પ્રોજેક્ટનો વેસ્ટર્ન રેલવે એમ્પ્લોઈઝ યુનિયન પ્રારંભથી ભારે વિરોધ કરે છે. સૌપ્રથમ વખત અમદાવાદથી સુરત આવેલી ટ્રેનનો વિરોધ કરવા વેસ્ટર્ન રેલવે કર્મચારી સંગઠન દ્વારા વિરોધ કરાતા રેલવે પોલીસ દ્વારા વિરોધ પ્રદર્શિત કરતા રેલવે કર્મચારીઓની અટકાયત કરવામાં આવી હતી.

તેજસ ટ્રેનના ઉદ્ઘાટન પહેલા રેલ યુનિયનનો વિરોધ, ૧૮ની અટકાયત

સુરત

ગુજરાતની પ્રથમ ખાનગી ટ્રેન 'તેજસ' અમદાવાદ-મુંબઈ વચ્ચે દોડવાની છે. ખાનગી ટ્રેનને લઈ વેસ્ટર્ન રેલવે એમ્પ્લોઈઝ યુનિયન દ્વારા સવારે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. રેલવે સ્ટેશનના બંને ગેટ પાસે બેનર અને સૂત્રોચ્ચાર કરી વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. રેલવેના ખાનગીકરણ સામે વિરોધ નોંધવવામાં આવ્યો હતો.

ટ્રેનના ખાનગીકરણ કરતા રેલવેમાં રોજગારી પર મોટો ફટકો પડશે જેને લઈ રેલી અને વિરોધ કરવામાં આવ્યો છે. તેજસ ટ્રેનના કારણે ૩૩ ટ્રેનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે જેથી સવારે જતી ટ્રેનમાં અપડાઉન કરતા મુસાફરોને ભારે હાલાકી પડશે. મંજૂરી વગર વિરોધ પ્રદર્શન કરતા રેલવે અને સ્થાનિક પોલીસે કર્મચારીઓનો અટકાયત કરી હતી.

સુરત રેલવે સ્ટેશન પર ખાનગી ટ્રેન અને રેલવેના થઈ રહેલા ખાનગીકરણ સામે મજદૂર સંઘ અને રેલવે સંઘર્ષ સમિતી દ્વારા વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જો કે, વિરોધ પ્રદર્શન અગાઉ જ પોલીસ દ્વારા ૧૮ જેટલા પ્રદર્શનકારીઓને ઝડપી લઈ અટકાયત કરવામાં આવી હતી.

તા.૧૯મીએ નાનાપોંઢામાં મેગા પશુ સારવાર શિબિર

સોનોગ્રાફી , પ્રજનન, સર્જરી વગેરેની નિઃશુલ્ક સેવા આપવામાં આવશે

વલસાડ

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી દ્વારા પ્રેરિત કરૂણા અભિયાનને વધુ વિસ્તૃત કરવાના આશયથી આદિ જિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કપરાડા તાલુકાના નાનાપોંઢા ખાતે નિઃશુલ્ક મેગા પશુ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. રવિવાર તારીખ ૧૯-૦૧-૨૦૨૦ના રોજ સવારે ૦૯.૦૦ થી બપોરે ૦૩.૦૦ સુધી યોજાનારા આ જિલ્લા કક્ષાના ૨૧મા પશુ સારવાર કેમ્પ દરમિયાન પશુપાલન શિબિર અને પ્રદર્શન દ્વારા પશુપાલકો અને ખેડૂતોને પશુ સારવાર ઉપરાંત જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવશે.

આ સમારંભમા પશુપાલન રાજયમંત્રી કુંવરજીભાઇ બાવળીયા તથા વન અને આદિજાતિ રાજયમંત્રી રમણલાલ પાટકર હાજરી આપશે.

ઉપરાંત અતિથી વિશેષ તરીકે જિલ્લા પંચાયતના પ્રમુખ મણિલાલ પટેલ, કપરાડા ધારાસભ્ય જીતુભાઇ ચૌધરી, વસુધારા ડેરી પ્રમુખ ગમનભાઇ પટેલ, વાપી નગરપાલિકા પ્રમુખ સીમાબેન ગાલા, એનીમલ વેલ્ફેર બોર્ડના ટ્રસ્ટી ગિરીશભાઇ શાહ, ભગવાન મહાવીર વિશ્વકલ્યાણ ટ્રસ્ટ નવસારીના સભ્યો, નંદપ્રભા પરિવાર, શ્રીજી ગૌ શાળા રાજકોટ ટ્રસ્ટના સભ્યો, કરૂણા ફાઉન્ડેટશન રાજકોટ ટ્રસ્ટના સભ્યો, અજીત સેવા ટ્રસ્ટ વાપીના સભ્યો, સુરત પાંજરાપોળ ટ્રસ્ટના સભ્યો, ટીંકુ મેમોરીયલ ટ્રસ્ટના નીલેશભાઇ રાયચુરા, ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્રના સભ્યો હાજર રહેશે.

કેમ્પ દરમ્યાન માંદા પશુની સારવાર, પ્રજનન સંબંધી બીમારીની સારવાર, કૃમિનાશક ઉપચાર(ડી-વોર્મિંગ), રકત પરિક્ષણ, સોનોગ્રાફી, શષાક્રિયા (સર્જરી-કોઈ પણ પ્રકારની ગાંઠ, હરણીયા, પ્લાસ્ટિક કોથળી, આંખ, શીંગડાનું કેન્સર, હાડકાનું ફ્રેકચર) વગેરે નિઃશુલ્ક સેવાનો લાભ લેવા વધુમાં વધુ પશુપાલકો, ખેડૂતો તથા જાહેર જનતાને આદિ જિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નિમંત્રણ પાઠવ્યું છે.

બિહાર વિકાસ મંડળ દ્વારા મકરસંક્રાતિ પર્વની ઉજવણી

નિરાધાર મહિલાઓને સાડીનું વિતરણ કરાયું

સુરત

વેડરોડ અખંડ આનંદ સ્કૂલ સામે કોઝવે રોડ સ્થિત આશ્રમ પ્રાંગણમાં બિહાર વિકાસ મંડળના ઉપલક્ષમાં મકરસંક્રાંતિ પર્વ નિરાધાર મહિલાઓને સાડી અને જરૂરીતમંદ અને સાધુ સંતોને ધાબળા આપી તલગુડ, દહી સાથે હર્ષોલ્લાસથી ઉજવણી થઈ હતી.

કાર્યક્રમની શરૂઆત સંત રામેશ્વરાજા બ્રહ્મચારી, વરિષ્ઠ નેતા ફકીરભાઈ પોત્રન, શાસક પક્ષ નેતા ગિરિજાશંકર મિશ્રા, એલાઈન્સ ઉપાધ્યક્ષ ભૂપેન્દ્ર ચાયવાલા, બિહાર વિકાસ મંડળ અધ્યક્ષ પ્રભુનાથ પ્રસાદ યાદવ દ્વારા દીપ પ્રગટ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય અતિથિ મેયર ડૉ. જગદીશ પટેલના સંબોધન કર્યું હતું. મંડળ દ્વારા દર વર્ષે આપણી સંસ્કૃતિના ધરોહરના જીવિત રાખેલ છે. સુરત દાન આપવામાં હર હંમેશ અગ્રેસર છે. કારણ કર્ણના અંતિમ સંસ્કાર ભૂમિ છે જે મહાન દાનવીર હતો. તેના અંસે સુરતમાં આજે પણ ખૂબ જ દાન પુણ્ય થાય છે. સુરતમાં ભારતના ખૂણે ખૂણેથી આવી વસેલા લોકો દાન પુણ્ય કરે છે. શાસક પક્ષ નેતા ગિરિજાશંકર મિશ્રાએ સંબોધનમાં કહ્યું કે મકરસંક્રાંતિ પર્વ પર ગંગા જમુના સરસ્વતી સંગમમાં લોકો ડૂબકી લગાડે છે. બિહાર વિકાસ મંડળ, મકરસંક્રાંતિ પણ ઉપસ્થિત લોકો ભેગા થઈ સંગમના આનંદ લઈ રહ્યા છે.

પાલ ગૌરવપથ પર મેદાનમાં મજૂરોના ઝુંપડાઓમાં આગ

મજૂર પરિવારનો ૧૦ ઝુપડા આગમાં સળગી ગયા

સુરત

પાલ પાલનપુર વિસ્તારમાં ગૌરવ પથ રોડ પર ખુલ્લા મેદાનમાં બંધાયેલા આશરે ૧૦ જેટલા ઝૂપડામાં આગ લાગી ગઈ હતી. આગની જાણ થતાં ફાયરબ્રિગેડની ચાર ગાડીઓ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો.આગના કારણે ઝૂપડામાં રહેલો સામાન બળીને ખાક થઈ ગયો હતો.

પાલ પાલનપુર ગૌરવ પથ રોડ પર ખુલ્લા મેદાનમાં શ્રમિકો ઝૂપડાં બાંધીને રહે છે. સવારના સમયે ઝૂપડાંમાં અગમ્ય કારણોસર આગ ફાટી નીકળી હતી. આગને પગલે ઝૂપડાં બળીને ખાક થઈ ગયાં હતાં. ઝૂપડાંમાં રહેલા શ્રમિકોના સામાનને પણ ભારે નુકસાન થયું હતું. જો કે,ફાયરબ્રિગેડે ઘટના સ્થળે પહોંચીને પાણીનો મારો ચલાવતાં આગ પર કાબૂ મેળવ્યો હતો.જો કે આગ લાગવાનું કારણ અકબંધ રહેવા પામ્યું હતું.

તક્ષશિલા અગ્નિકાંડ

પરાગ મુન્શીની જામીન અરજી અંગે સુપ્રીમકોર્ટમાં સુનાવણી

સુરત

સરથાણા તક્ષશિલા આર્કેડ અગ્નિ તાંડવની ઘટનામાં સંકળાયેલા મનપાના કાર્યપાલક ઈજનેર પરાગ મુનશીના એડવોકેટ દ્વારા સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી જામીન અરજીની સુનાવણી આજે બપોર પછી હાથ ધરાશે. જોકે, પરાગ મુનશી છેલ્લા છ મહિનાથી લાજપોર જેલમાં છે.

અદાલત સૂત્રોના જણાવ્યા અનુસાર ગત તા.૨૪મી મેના રોજ સરથાણા તક્ષશિલા આર્કેડની આગની દુર્ઘટનામાં ૨૨થી વધુ વ્યક્તિઓના કરૂણ મોત નીપજ્યા હતા. સરથાણા પોલીસ મથકમાં ગુનો દાખલ કરાયા બાદ આ ગુનાની તપાસ કરનાર ડીસીબીના એસીપી આર.આર. સરવૈયાએ તબક્કાવાર એક પછી એક ૧૨ આરોપીઓની ધરપકડ કરી લાજપોર જેલમાં મોકલી આપ્યા હતા. આ ગુનામાં સંકળાયેલા સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેર પરાગ મુનશીની સુરત અને હાઈકોર્ટમાં જામીન અરજી રદ થયા બાદ તેમણે સુપ્રીમ કોર્ટમાં એક જામીન અરજી કરી હતી.

ગુડિયાના દોષી અનિલ યાદવનું ડેથ વોરંટ કાઢવા સરકાર પક્ષ તરફથી કોર્ટમાં અરજી

સુરત

નિર્ભયાના માતા પિતાની જેમ સુરત ખાતે પણ ગુડિયા માતા પિતા તેના દોષીને ફાંસી થાય તેની રાહ જોઈ રહ્યા છે. વર્ષ ૨૦૧૮માં ગોડાદરામાં ત્રણ વર્ષની માસુમ બાળકી જોડે દુષ્કર્મ બાદ હત્યાના દોષી અનિલ યાદવનું ડેથ વોરંટ કાઢવા સરકાર પક્ષ તરફથી કોર્ટમાં અરજી કરાઈ છે. સુરત પોકસો કોર્ટ બાદ હાઈકોર્ટે તેની મોતની સજા યથાવત રાખી હતી.

સુરત કોર્ટમાં ડેથ વોરંટ કાઢવા માટે કરાયેલી અરજી મુજબ ક્રિમિનલ પ્રોસીઝરની કોડની કલમ ૪૧૩ની જોગવાઇ મુજબ ઉચ્ચ ન્યાયાલયને ફાંસીની સજાની બહાલી માટે મોકલવામાં આવેલા આદેશ ઉપર સુરતની સેશન્સ કોર્ટ વોરન્ટ કાઢશે. હાઇકોર્ટે મોતની સજાના હુકમની અમલવારી માટે કોઇ હુકમ સજા મોકૂફી કરેલ નથી કે, તેવો આજદિન સુધી કોઇ હુકમ મળેલો નથી. જેથી આરોપી વિરુદ્ધ દેહાંત દંડની સજાનો અમલ કરવા માટે વોરંટ કાઢવા હુકમ અરજ કરી છે.અગાઉ સુરત કોર્ટ દ્વારા ફટકારવામાં આવેલી ફાંસીની સજા પર હાઈકોર્ટ દ્વારા સજા યથાવત રાખવામાં આવી હતી. ગુડિયાના પાડોશમાં રહેતો હતો અને અનિલ સુરેન્દ્રસિંગ યાદવ તેનું અપહરણ કરીને દુષ્કર્મ ગુર્જાયા બાદ મૃતદેહ પ્લાસ્ટીકના કોથળમાં બાંધીને ઘરમાં મુકીને ભાગી છુટયો હતો.



મોડાસાના સાપરા ગામે ૧-૧-૨૦૨૦ના રોજ દલિત સમાજની દિકરી કાજલબેન રાઠોડનું અપહરણ કરી સામૂહિક બળાત્કાર ગુજારી હત્યા કરનારા આરોપીઓને ફાંસીની સજા થાય તેવી માંગણી માટે સુરતના રોહિત સમાજ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું.

રાજપીપળા એસટી ડેપોમાં પાણીની ગંભીર તકલીફ છતાં અધિકારીઓ લાપરવાહ

સૂત્રો દ્વારા જાણવા મળ્યા મુજબ મોટર બગડી છે જ્યારે અન્ય ચર્ચા મુજબ પાણીના બોટલો વેચવા માટે કોઈક પરબનું પાણી બંધ કરી કમાણી કરે છે

રોજ સવારે પાણી બંધ કરાતા સ્ટાફ તેમજ મુસાફરોને શૌચાલયમાં પણ પાણીની તકલીફ થતી હોય નિયમિત પાણી ચાલુ રખાય તે જરૂરી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના એક માત્ર મોટા એસટી ડેપોનો ખાડે ગયેલો વહીવટ દિવસે દિવસે વધુ બગડી રહ્યો હોવાની વાત સંભળાઈ રહી હોય ત્યાં હવે પીવાના પાણી માટે પણ લોકો વલખા મારી રહ્યા છે ત્યારે શિયાળાની ઠંડીમાં જો પાણીની તકલીફ હોય ઉનાળામાં કેવી હાલત થશે.

રાજપીપળા એસટી ડેપોમાં પાણીની પરબ પર અગાઉ મુસાફરો પાસે રૂપિયા ઉઘરાવાતા હોવાની વાત સામે આવી હતી પરંતુ હાલ ત્યાં પાણીની બોટલો અને પાઉચ વેચવા માટે રોજ અમુક સમય ડેપોનું પાણી બંધ કરી દેવાતું હોવાની બુમ સંભળાઈ રહી છે જેમાં પાણી બોટલો વેચી રૂપિયા કમાવવા આ ષડયંત્ર થતું હશે પરંતુ પાણી બંધ થતાં શૌચાલય,પરબ સહિત તમામ નળોમાં પાણી બંધ થતાં મુસાફરો અને હાજર કર્મચારીઓ હેરાન થઈ રહ્યા છે.હાલ શિયાળાની સીઝનમાં જો પાણીની બુમ હોય તો ઉનાળા દરમિયાન મુસાફરોની શુ દશા થશે...? ડેપો સત્તાધીશો આવા તત્વો સામે પગલાં લે તેવી માંગ ઉઠી છે.જોકે સૂત્રો દ્વારા એમ પણ જાણવા મળ્યું કે બે દિવસ થી પાણીની મોટર બગડી ગઈ હોય પાણીની તકલીફ ઉભી થઈ છે ત્યારે પાણી બાબતે જે તકલીફ હોય એ દૂર કરી સત્તાધીશો તેનું નિરાકરણ લાવે તે જરૂરી છે.



અગાઉ પણ આ પરબ પર બોટલમાં પાણી ભરવા જતા મુસાફરો પાસે પૈસા ઉઘરાવાતા હોવાની બુમ સંભળાઈ હતી હવે બોટલોનું વેચાણ કરવા પાણી બંધ કરાતુ હોવાની બુમ

પનાસમાં કચરાપેટીમાં ત્યજી દેવાયેલી નવજાત બાળકી મળી

રડવાનો અવાજ સંભળાતા કિશોરીને કચરાપેટીમાં બાળકી દેખાઈ

સુરત

આજે કડકડતી હાડ ગાળતી ઠંડી પડી રહી છે ત્યારે માત્ર પાંચ કલાક પહેલા જન્મેલી બાળકીને નિષ્ઠુર માતા ત્યજીને ફરાર થઈ હતી. જેને પનાસ ગામમાં આવેલા SMC કવાર્ટર્સમાં આજે સવારે કિશોરી નાસ્તો લેવા ગઈ ત્યારે કચરાપેટીમાં પતંગની દોરીઓમાં લપેટાયેલી એક બાળકીના રડવાનો અવાજ આવતા તેણે ત્યાં તપાસતાં કોઈ બાળકી હોવાનું જણાયું હતું.

પનાસ ગામના એસએમસી ક્વાર્ટર્સમાં રહેતી ધારા રમેશ ગોડસે (ઉ.વ.૧૫) સવારે નાસ્તો લેવા દુકાન ગઈ હતી. દરમિયાન તેને રસ્તામાં એક કચરાપેટીમાં બાળકના રડવાનો અવાજ સંભળાયો હતો. જેને પગલે તેણે કચરાપેટીમાં જોતા એક બાળક પતંગની દોરીમાં લપેટાયેલું દેખાયું હતું. તેણે તેને બહાર કાઢીને પાસેની એક દુકાન પાસે બેસીને તેના ગળામાં વિંટાયેલા દોરા કાપ્યા હતા. તેમજ તેને કપડાં પહેરાવ્યા હતા.

ધારા બાળકને દુકાન પાસે લઈને બેઠી હતી ત્યારે તેની માતા આવીને તેને પૂછ્યું કોનું બાળક છે. ત્યારે તેણે જવાબ આપ્યો કે બાળક કચરા પેટીમાંથી મળ્યું છે. જેને પગલે ૧૦૮ને કોલ કરીને બોલાવતા પોલીસને જાણ કરી હતી. ૧૦૮ બાળકને સિવિલ હોસ્પિટલ લઈ ગઈ હતી. બાળકની હાલ સારવાર ચાલી રહી છે.

ચલથાણમાં વેન્ડીંગ માર્કેટ બનાવવા રાજ્ય સરકારની સૈદ્ધાંતિક મંજૂરી

રૂ. ૯ કરોડના ખર્ચે વેન્ડીંગ ખર્ચે વેન્ડીંગ માર્કેટ સાકાર થશે

સુરત

સુરત શહેર વિસ્તારમાં શહેરી ફેરીયાઓ અસંગઠિત રીતે શહેરના આઠ ઝોનના મુખ્ય માર્ગો તથા અન્ય માર્ગો પર દબાણ કરી આજીવિકા મેળવે છે. જેના કારણે શહેરમાં ટ્રાફીકની સમસ્યા રહે છે. શહેર વિસ્તારના તમામ ઝોનમાં શહેર નાગરિકોની સુવિધા માટે વેજીટેબલ/વેન્ડીંગ માર્કેટો બનાવવામાં આવેલ છે. જે હાલની જરૂરિયાત મુજબ અપૂરતા હોય, કેન્દ્ર સરકારશ્રીની દિન દયાલ અંત્યોદય યોજના-નેશનલ અર્બન લાઈવલીહુડ મિશન (ડે નુલ્મ) યોજનાના સપોર્ટ ટુ અર્બન સ્ટ્રીટ વેન્ડર્સ (એસયૂએસવી) ઘટક અંતર્ગત સુરત શહેરમાં હયાત જુના વેન્ડીંગ માર્કેટોમાં નવીનીકરણ કરવા તેમજ શહેરમાં જ્યાં આયોજનબદ્ધ વેન્ડીંગ માર્કેટોનો અભાવ છે તેવા સ્થળોનો અભ્યાસ કરી શહેરના તમામ ઝોનમાં નવા વેન્ડીંગ ઝોન નક્કી કરી વધુ નવા વેન્ડીંગ માર્કેટો નબાવવાના આયોજનો નક્કી કરવામાં આવેલ છે. હાલ પર્યત આ રીતે શહેરમાં અંદાજે રૂ. ૫૦.૦૦ કરોડથી વધુ કિંમતના ૨૯ સ્થળોએ વેન્ડીંગ માર્કેટો બનાવવા આયોજન તૈયાર કરી સરકારશ્રીમાં આ યોજના હેઠળ ગ્રાન્ટ મેળવવા ડી.પી.આર રજુ કરવાની કાર્યવાહી કરે છે.

જે પૈકી હાલમાંજ અઠવા ઝોન ખાતે અલથાણ વિસ્તારમાં ૯.૦૦ કરોડના ખર્ચના આધુનિક વેન્ડીંગ માર્કેટ બનાવવાના આયોજનને સરકાર શ્રીમાં સૈધ્ધાંતિક મંજુરી મળેલ છે અને જેની ગ્રાન્ટ નજીકના ભવિષ્યમાં ઉપલબ્ધ થનાર છે. આ રીતે શહેર વિસ્તારમાં રાંદેર ઝોન-૪, કતારગામ ઝોન ૩ અને લિંબાયત ઝોન ૨ સ્થળોએ મળી કુલ ૨૪.૨૬ કરોડના ખર્ચના આયોજનના ડીપીઆર રજુ થનાર છે. જેની ગ્રાન્ટ પણ નજીકનાં ભવિષ્યમાં ઉપલબ્ધ થનાર છે.

ઉધનામાં ખાનગી ડ્રેસ પહેરેલા પોલીસે યુવાનને માર માર્યો

સુરત

લીંબાયત વિસ્તારમાં આવેલા સંજયનગરમાં રહેતા હરિલાલ લોટન રાજભર(ઉ.વ.આ.૩૫) લુમ્સનો કારીગર છે. સવારે પાંચ વાગ્યે ઉધના રેલવે સ્ટેશન પર યુપીની ટીકિટ લેવા ગયો હતો. ત્યાંથી શાકભાજી લઈને પરત ફરી રહ્યો હતો. ત્યારે પોલીસે માર માર્યાના આક્ષેપ સાથે હરિલાલ રાજભરએ જણાવ્યું હતું કે, પોલીસના લોકો સાદા ડ્રેસમાં હતા તેમણે દંડો ફટકારીને રીક્ષામાં બેસી જવા કહ્યું હતું. પરંતુ મારો કોઈ ગુનાહિત ઈતિહાસ ન હોવા છતાં માર માર્યો હતો. પરંતુ રીક્ષામાં ન બેસતાં છોડી દેવામાં આવ્યો હતો. ઘરે આવ્યા બાદ દુ:ખાવો વધતાં ૧૦૮ એમ્બ્યુલન્સમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

અવિચલદાસજી સાધુ દીક્ષા સુવર્ણ જયંતી મહોત્સવની પૂર્ણાહુતિ

સકારાત્મક શક્તિનો ઉપયોગ કરવા આચાર્યનો સંદેશ

સુરત

કૈવલ પીઠાધીશ્વર સમ્મમ કુવેરાચાર્ય અવિચલદાસજી મહારાજે ૧૮ વર્ષની વયે સંસાર છોડી સેવાના સંકલ્પ સાથે લીધેલી સાધુદીક્ષાની સુવર્ણ જયંતી મહોત્સવની પૂર્ણાહુતિ પ્રસંગે તેમણે આપેલા સંદેશામાં જણાવ્યું હતું કે, જીવનમાં તમને મળેલી શક્તિનો હંમેશા સકારાત્મક ઉપયોગ કરજો અને આપણી સાથે જે પણ હોય તેમને સહાયરૂપ થવામાં તમારી શક્તિનો ઉપયોગ કરજો. ક્યારેય શક્તિનું ખોટું પ્રદર્શન કે ઘમંડ ના કરશો એજ મારો સંદેશ છે. કારણ કે દંભથી એકવાર લોકપ્રિયતા કે પ્રતિષ્ઠા તો મળી જશે પરંતુ તેનાથી પણ વધુ મહત્ત્વનું એ છે કે તમે લોકોમાં પ્રિય થાવ, તમારા સ્વજનોમાં પ્રિય થાવ. એજ જીવનમાં ખરૂ સુખ, ખરી શાંતિ છે. ૪૯માં ગાદી અભિષેક દિન પ્રસંગે બાલરક્ષક બાલકુવેરનો મહા અભિષેક અને ષોડશોપચાર મહાપૂજાનું આયોજન કરાયું હતું. એ પ્રસંગે પોતાના આ સંદેશની ભૂમિકા સાથે આચાર્ય અવિચલદાસજી મહારાજે ભાવવિભોર સ્વરે ભક્તોને જણાવ્યું હતું કે મને ગુરૂજીએ ૨૦ વર્ષની ઉંમરે આ ગાદી માટે આચાર્ય ઘોષિત કર્યો ત્યારે ઘણાંના મનમાં શંકા હતી કે હું યૌવન, સત્તા, ધન અને પ્રતિષ્ઠા પચાવી શકીશ ? સંપ્રદાયની સેવા કરી શકીશ ? જેમને ગુરૂજી પર શ્રદ્ધા ના હોય તેમને આવા વિચારો આવે એ સ્વભાવિક છે. આથી હું આજના દિવસેમારા ઈષ્ટદેવનો આભાર માનવા પુજા કરૂ છું કારણ કે હું મને અપાયેલી જવાબદારી કોઈ પણ પ્રલોભનને વશ થયા વિના અને વિચલીત થયા વિના પૂરી કરી શક્યો.

પાંડેસરા અને પુણામાં બે યુવકોએ કરેલી આત્મહત્યા

સુરત શહેરમાં જુદા જુદા બે આપઘાતના કેસ નોંધાયા

સુરત

પાંડેસરા અને પુણા વિસ્તારમાં કોઈ અગમ્ય કારણોસર બે યુવાનોએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હોવાનો બનાવ પોલીસ મથકમાં નોંધાતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ મૂળ યુપીના વતની અને હાલમાં પાંડેસરા મુક્તિનગર દેવકીનંદન સ્કૂલ પાસે રહેતા દિપકસિંગ મુન્નાસિંગે (ઉ.વ.૨૪) ગતરોજ રાત્રિના ૭ વાગ્યાના સુમારે પોતાના રૂમમાં કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. જ્યારે બીજો અકસ્માત મોતનો બનાવ પુણા પોલીસ મથકમાં નોંધાયો હતો. પુણાગામ સીતાનગર ચોકડી ખાતે રહેતા અને ૩૫ વર્ષીય ગભરૂભાઈ બરવાળીયાએ ગતરોજ બપોરના સુમારે ઘરમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પાંડેસરામાં બંધ ફ્લેટનું તાળુ તોડી ગેરકાયદે કબજો કરાયો

ફ્લેટ પચાવી પાડી ફ્લેટની માલિક મહિલાને ધમકી

સુરત

પાંડેસરા સુખ સાગર રેસીડેન્સી ખાતે આવેલા એક ફ્લેટમાં માલિકની પરવાનગી વગર દરવાજાનો લોક તોડી અંદર પ્રવેશી અને તેને કહેવા જતા ફ્લેટ માલિકને મારી નાંખવાની ધમકી આપી આરોપી ફરાર થઈ ગયો હોવાનો બનાવ પાંડેસરા પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ઉધના આશીર્વાદ ટાઉનશીપ ગેટ ફ્લેટ નં.૨૦૪ ખાતે નેહાબેન નલાવડે રહે છે. ગતરોજ રાત્રિના સુમારે આરોપી મનોજ નિમ્બાલકર પાંડેસરા સુખસાગર રેસીડેન્સી ફ્લેટ નં.ઈ/૪૦૨ને મારેલુ તાળુ તોડી ગૃહપ્રવેશ કર્યો હતો. જોકે, ફરિયાદી નેહાબેનને જાણ થતા તેમણે આરોપીને કહેવા જતા આરોપીએ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. નેહાબેને પાંડેસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

વ્યાજે ધિરેલા રૂપિયા અંગે રીટર્ન થયેલ ચેક કેસમાં આરોપી નિર્દોષ

એડવોકેટ ઝમીર શેખની દલીલ અદાલતે ગ્રાહ્ય રાખી

સુરત

નેગોશીયેબલ ઈન્સ્ટ્રમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબના કેસમાં પુરાવાનો બીજો આરોપીના માથે હોય છે એ આ કાયદા હેઠળ આરોપીએ સાબિત કરવાનું હોય છે કે તેઓ નિર્દોષ છે. સામાન્ય સંજોગોમાં દા.ત. ખૂનના કેસમાં પણ સરકારે સાબિત કરવાનું હોય છે કે આરોપી ગુન્હેગાર છે. પરંતુ નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટના કેસમાં આરોપીએ સાબિત કરવાનું હોય છે કે, જે ચેક ખરીયાદી પાસે છે તે ચેક પેટેની રકમ આરોપીએ ચુકવવાની થતી હતી.

તા. ૩.૧.૨૦૧૯ના કેસમાં આરોપી રાજેન્દ્ર સખારામ મોરેને નિર્દોષ જાહેર કરતો હુકમ કરેલ. આ કેસની ટુંકી હકીકત એવી છે કે ફરિયાદી પિયુષભાઈ રમેશભાઈ મજીવાલાએ આરોપી રાજેન્દ્ર સખારામ મોરેનો રૂ. ૧૫,૦૦,૦૦૦ (અંકે રૂપિયા પંદર લાખ પુરા) નો ચેક તા. ૩૦.૧૧.૨૦૧૮ના રોજ પોતાની બેંકા ખાતામાં જમા કરાવેલ . જે આરોપીના ખાતામાં પૈસા ન હોવાને કારણે રીટર્ન થયેલ . ફરિયાદીએ નામદાર કોર્ટમાં ફરિયાદ કરી જણાવેલ કે , ડ્રાયફુટના ધંધા માટે તેઓએ આરોપીને પૈસા આપેલ હતા.

આરોપી તરફે એડવોકેટ ઝમીર શેખએ નામદાર કોર્ટમાં રજુઆત કરેલ કે , ફરિયાદીના પત્ની જેમને ત્યાં નોકરી કરે છે તેવા હસમુખભાઈ શાહ પાસેથી વ્યાજે પૈસા લીધેલ, તે વખતે હસમુખભાઈને તેઓએ બે કોરા ચેક સીકયોરીટી પેટે આપેલ . હસમુખભાઈ શાહએ તે ચેકનો દુરઉપયોગ કરી પોતાને ત્યાં નોકરી કરતા કર્મચારીના પતિના ખાતામાં રીટર્ન કરાવડાવી ખોટો કેસ કરેલ છે. સમગ્ર હકીકત સાબિત થઈ જતાં એડવોકેટ ઝમીર શેખની દલીલો ગ્રાહય રાખી આરોપીને નિર્દોષ જાહેર કરતો હુકમ નામદાર કોર્ટે કરેલ છે.

નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે નિમિત્તે સુરતમાં પલ્સ પોલીયો અભિયાન

તા. ૧૯ થી ૨૨મી સુધી પાંચ વર્ષ સુધીના બાળકોને રસી પીવડાવાશે

સુરત

ભારત સરકારશ્રીના આદેશ મુજબ બાળલકવા નાબુદી અભિયાન હેઠળ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે અંતર્ગત પલ્સ પોલીયો કાર્યક્રમનો રાઉન્ડ તા. ૧૯.૧.૨૦૨૦ થી તા. ૨૨.૧.૨૦૨૦ દરમ્યાન હાથ ધરવાનો છે. આ કાર્યક્રમ દરમ્યાન ૦.૫ વર્ષ સુધીના બાળકોને પ્રથમ દિવસે નક્કી કરવામાં આવેલ રસીકરણ બુથ ઉપર તથા બીજા , ત્રીજા અને ચોથા દિવસે ઘરે ઘરે ફરી પોલીયોની રસી પીવડાવવામાં આવશે.

આ કાર્યક્રમનાં અમલીકરણ માટે ડે.મેયર શ્રી નિરવભાઈ શાહના અધ્યક્ષ સ્થાને તા. ૧૬.૧.૨૦૨૦ના રોજ ૧૨.૦૦ કલાકે સુરત મહાનગર પાલિકાના નવા સ્થાયી સમિતિ ખંડમાં સ્ટીયરિંગ કમિટિની મીટિંગ રાખવામાં આવેલી હતી. જેમાં આરોગ્ય સમિતિના અધ્યક્ષ દિગ્વીજય સિંહ બારડ, આરોગ્ય અધિકારી શ્રી ડો. પ્રદિપ ઉમરીગર, ઈ.ચા. મેડકિલ , સુપ્રિન્ટેન્ડન્ટ (સ્મીમેર) ડૉ. વંદના દેસાઈ , મેડિકલ ઓફીસર (વર્ગ-૧) , શ.કું.ક.બ્યુરો ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારી શ્રી, અધિક જીલ્લા આરોગ્ય અધિકારી (જિલ્લા પંચાયત સુરત) ડો લાખાણી, ગર્વમેન્ટ તથા સ્મીમેર મેડિકલ કોલેજ (પી.એસ.એમ.વિભાગ)ના પ્રતિનિધિ, ગર્વમેન્ટ તથા સ્મીમેર મેડિકલ કોલેજ (પીડીયાટ્રીક વિભાગ)ના પ્રતિનિધિ, આઈસીડીએસ વિભાગના પ્રોજેક્ટ ઓફિસર અને સીડીપીઓ, શિક્ષણ સમિતિના પ્રતિનિધિ , આઈસીડીએસ વિભાગના પ્રોજેક્ટ ઓફીસર અને સીડીપીઓ શિક્ષણ સમિતિના પ્રતિનિધિ તેમજ એન.જી.ઓ.માં ગુજરાત ગેસ, બીએસએનએલ, ડીજીવીસીએલ અને સુમુલ ડેરીના પ્રતિનિધિ તથા અન્ય અધિકારી- કર્મચારીઓ હાજર રહ્યાં હતા.

આ કાર્યક્રમ હેઠળ ૪૭ ડીસ્ટ્રીબ્યુશન સેન્ટર, ૩૧૮૧ ઈમ્યુનાઈઝેશન ટીમોનું આયોજન કરવામાં આવ્યું છે. મહાનગર પાલિકા મારફતે કરવામાં આવતી કામગીરી તથા પલ્સ પોલીયો કાયક્રમના આયોજન બાબતે જાણકારી આપી હતી. સને ૧૯૯૫થી અત્યાર સુધી પલ્સ પોલીયો ઈમ્યુનાઈઝેશન પ્રોગ્રામના ૭૧ રાઉન્ડ હાથ ધરવામાં આવ્યા છે. જેમાં ૦-૫ વર્ષના બાળકોના લક્ષ્યાંકની સામે ૧૦૦ ટકા કામગીરી હાંસલ કરવામાં આવે છે. આ રાઉન્ડમાં પણ ૬,૪૯,૧૮૫ બાળકોને રસી પીવડાવી ૧૦૦ ટકા સિદ્ધિ હાસલ થાય તેવો અનુરોધ કરવામાં આવ્યો હતો.



કેવડીયામાં નિર્માણ પામી રહેલુ રેલ્વે સ્ટેશન શરૂ થતા કન્યાકુમારીથી કાશ્મીર સુધીના લોકો પણ અહીં આવી શકશે : પિયુષ ગોયેલ

રેલવે પ્રધાન પિયુષ ગોયલે તેમની પત્ની સાથે સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી





કેન્દ્રિય રેલવે મંત્રી પિયુષ ગોયેલ અને ગુજરાતના ઉર્જા મંત્રી સૌરભભાઇ પટેલે કેવડીયામાં નિર્માણ પામી રહેલા એશિયાના પ્રથમ ગ્રીન રેલવે સ્ટેશનની કામગીરીનું સ્થળ નિરીક્ષણ કર્યું

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

કેન્દ્રિય રેલવે મંત્રી પિયુષ ગોયેલ તેમજ તેમની સાથે ગુજરાતના ઉર્જા મંત્રી સૌરભભાઇ પટેલે આજે નર્મદા જિલ્લાના કેવડીયા કોલોની ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી હતી. આ મુલાકાતમાં તેમના ધર્મપત્ની શ્રીમતી સીમા ગોયેલ પણ સાથે જોડાયા હતા. ત્યારબાદ મંત્રી અને તેમની સાથેના મહાનુભાવોએ ૪૫ માળની ઉંચાઈએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની વ્યુઈંગ ગેલેરી માંથી નર્મદા ડેમનો નજારો પણ માણ્યો હતો. ત્યારબાદ સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં પ્રદર્શન, લાયબ્રેરી, સરદાર સાહેબના જીવન કવનને વણી લેતી દસ્તાવેજી ફિલ્મ પણ નિહાળી હતી.

પિયુષ ગોયેલે જણાવ્યું હતું કે, આજની આ મુલાકાત લઈને મને લાગે છે સરદાર સરોવર ડેમ થકી ગુજરાતનો વિકાસ થયો છે. તેની સાથોસાથ વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી દ્વારા સરદાર વલ્લભભાઇ પટેલ સાહેબની વિશ્વની સૌથી ઉંચી ૧૮૨ મીટરની પ્રતિમા "સ્ટેચ્યુ ઓફ યુનિટી" ના કરાયેલા નિર્માણ થકી ગુજરાત અને દેશની નવી ઓળખ વિશ્વમાં પણ બની છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી દ્વારા અહીં પ્રવાસીઓ-મુલાકાતીઓની સંખ્યા વધતી જઈ રહી છે. આવનારા દિવસોમાં મને લાગે છે કે, એક દિવસમાં ૧ લાખ જેટલાં મુલાકાતીઓ આવવાની સંભાવના છે. અહીં પ્રવાસીઓને પૂરતી સુવિધાઓ પણ મળી રહે છે, જેનો તેમણે આનંદ વ્યક્ત કર્યો હતો. કેવડીયામાં નિર્માણ પામી રહેલા રેલ્વે સ્ટેશનની કામગીરી પૂર્ણ થયેથી કન્યાકુમારીથી લઈને કાશ્મીર સુધીના લોકો પણ અહીં આવી શકશે.

કેન્દ્રિય રેલ્વે મંત્રી પિયુષ ગોયેલ અને ગુજરાતના ઉર્જા મંત્રી સૌરભભાઇ પટેલે કેવડીયામાં નિર્માણ પમી રેહેલાં એશિયાના પ્રથમ ગ્રીન રેલ્વે સ્ટેશનની કામગીરીનું સ્થળ નિરીક્ષણ કરી સંબંધિત અમલીકરણ અધિકારીઓને સ્થળ ઉપર જરૂરી સુચના અને માર્ગદર્શન પણ પુરૂં પાડ્યું હતું

.

આ મુલાકાત દરમિયાન મંત્રીની સાથે રેલવે બોર્ડના ચેરમેન વિનોદ યાદવ, જિલ્લા કલેક્ટર અને સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુખ્ય વહીવટદાર મનોજ કોઠારી, જિલ્લા પોલીસ અધિક્ષક હિમકર સિંહ, સ્ટેચ્યુ ઓફ યુનિટીના નાયબ કલેક્ટર અને નાયબ વહિવટદાર નિલેશ દુબે, રેલ્વે વિભાગના જનરલ મેનેજર આલોક કશાલ, દેવેન્દ્ર કુમાર, પ્રાંત અધિકારી કે.ડી.ભગત વગેરે પણ જોડાયા હતા.

સ્ટેચ્યુની મુલાકાતે આવેલા રાજ્યના ઉર્જા મંત્રી સૌરભ પટેલે સિંચાઈની વાતે સમય આવે નિર્ણય લેવાશે તેમ કહ્યું



રાત્રીના મુશ્કેલી પડતા હવે સરકાર વીજળીનો પ્રવાહ સવારે આપવા વિચારી રહી છે. ઉર્જા મંત્રી એ કહ્યું સમય પર નિર્ણય લેવાશે : કેવડિયા ખાતે ઉર્જા મંત્રી સૌરભ પટેલની મુલાકાત

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રેલવે મિનિસ્ટર પિયુષ ગોયલ પોતાની સાથે જે ની મુલાકાતે આવેલા રાજ્યના ઉર્જા મંત્રી સૌરભ પટેલે ઉર્જા વિતરણ ને લઈને કેટલીક પ્રતિક્રિયા આપી પરંતુ જયારે ખેડૂતો માટે સિંચાઈની વાતે રાતનો સમયને બદલે સવારનો કરાશે તેમ પૂછતાં મંત્રી એ સમય આવશે નિર્ણય લેવાશે તેવી વાત કહી ચાલતી પકડી હતી. ત્યારે હવે રાત્રીના સમયે ખુંખાર જંગલી પ્રાણીઓના ડરે પાણી લેવા જઈ નથી શકતા ખેડૂતોને હવે આ સંકટ માંથી કોણ ઉગારશે એ જોવું રહ્યું.

હાલ ઠંડીનું પ્રમાણ વધ્યું છે આ સાથે ગુજરાતમાં દીપડાની સંખ્યા પણ ખુબ વધુ છે. અને દીપડા હવે ખેતરોમાં લટારો મારતા થઈ ગયા છે ત્યારે ખેડૂતોનો ડર રાત્રીના ખેતરોમાં જતા વધ્યો છે અને ખેડૂતોની એવી માંગ ઉઠી છે કે રાત્રી ના ૮ કલાક જે લાઈટો સરકાર દ્વારા આપવામાં આવે છે એ ૮ કલાક સવારે આપે જેથી રાત્રીના જીવના જોખમે પાણી વાળવા જવાનું ન થાય. કોઈ ડર સતાવે નહિ ત્યારે આ ખેડૂતોનો પ્રાણ પ્રશ્ન કેવડિયા આવેલ સૌરભભાઈ પટેલને કરતા તેમણે સમય આવે વિચારવાની વાત કરી માટે હવે ખેડૂતોએ માંગ વધારવી પડશે એમ લાગી રહ્યું છે.

રાજયના ઉર્જા મંત્રી સૌરભ પટેલે વીજળી પર પ્રતિક્રિયા આપી હતી કે જે ખેડૂતોને ખેતી માટે વીજળી આઠ કલાક આપવામાં આવે જે નિયમિત આપવામાં આવે છે અને ખેડૂતો ખુશ છે અને વધુ ઉત્પાદન અને જરૂરી મુદ્દા અગાઉ બેઠકમાં તૈયાર કર્યા છે જે બાબતે સરકાર ખેડૂતોને વિષેશ લાભ અપાશે અને જરૂર પડે વીજળી સવારે અપાવી પડે તો સમય આવશે સરકાર નક્કી કરશે તેવી વાત કરી હતી.

ઝઘડીયા GIDC વિસ્તારની લેન્સેક્સ કંપનીમાંથી એફલૂએન્ટ વરસાદી કાશમાં વહેતો હોવાની ફરિયાદ



પર્યાવરણ વાદીઓ તરફથી જીપીસીબી જાણ કરાઈ

તારીખ ૧૭-૦૧-૨૦૨૦ ના રોજ ઝગડીઆ જીઆઈડીસી માં આવેલ વરસાદી કાશમાં ઔદ્યોગિક એફલૂએન્ટ વહેતુ નજરે જણાતા સ્થાનિકો દ્વારા જીપીસીબી અને તંત્રને ફરિયાદ કરવામાં આવી છે.

ફરિયાદ કરનાર અને ભરૂચ જિલ્લા કિસાન સંઘના ઉપપ્રમુખ નગીનભાઈ આર. પટેલ અને ઈરફાનખાન નસીરખાન પઠાણના જણાવ્યા મુજબ આજે ઔદ્યોગિક એફલૂએન્ટ વરસાદી કાશ માંથી અમારા ખેતરો તરફ આવતો હોવાની જાણ થતાં અમે સ્થળ તપાસ કરતા જાણ થઈ હતી કે ઝગડીયા જીઆઈડીસી માં આવેલ લેન્સેક્સ કમ્પની તરફથી થી આ એફલૂએન્ટ આવી રહ્યું છે. જેથી અમે જીપીસીબીને ટેલીફોનિક, જીઆઈડીસી ઉદ્યોગ મંડળની ઓફિસને રૂબરૂ આ બાબતની ફરિયાદ કરી છે. વારંવાર બનતા આવા બનાવોથી જમીનોના પ્રદુષણથી અમારી ફળદ્રુપ ખેતીની જમીનો અને ભૂગર્ભ જળ ખરાબ થઈ રહ્યા છે. આ એફલૂએન્ટ લેન્સેક્સ માંથી આવતું જણાઈ રહ્યું છે.તેથી અમે આ શંકા જીપીસીબીને જણાવી છે અને તે દિશામાં કાર્યવાહી કરી રહી છે. ચોમાસાની ઋતુમાં પણ વરસાદી પાણીનો લાભ લઈ અનેક વખત એફલૂએન્ટ અમારા ખેતરોમાં આવ્યું હતું. શિયાળાની ઋતુમાં વગર વરસાદે પણ એફલૂએન્ટ આવવાની ફરિયાદ અમારા દ્વારા તંત્રને કરવામાં આવી છે.

પ્રકૃતિ સુરક્ષા મંડળના સલીમભાઈ પટેલે આ બાબતે કમ્પની અધિકારી ચિરાગભાઈ શાહ સાથે વાત કરતા પ્રથમ તો તેમને આ એફલૂએન્ટ એમનું નથી એમ જણાવ્યું હતું પરંતુ વિડિઓ જોયા પછી તેમણે જવાબ આપવાનું ટાળ્યું હતું. એફલૂએન્ટનું નીકળવું એક બેદરકારી છે.પરંતુ યોગ્ય જવાબ ના આપી ને તેમની બેજવાબદરીનો પણ પરિચય આપ્યો હતો.

ઝગડીયા ઔદ્યોગિક વસાહતમાં અત્યાર સુધી પ્રદુષણ બાબતે ચિંતિત રહેતી હતી પરંતુ હવે ત્યાં આવેલ કેટલાક મોટા મોટા ઉદ્યોગો પણ પ્રદુષણ બાબતે ગંભીર નથી. જેમને તંત્રની કાર્યવાહીનો પણ કોઈ ડર નથી અને બે-ખોફ પર્યાવરણ ને ગંભીર નુકશાન કરી રહ્યા છે.

આ ઘટના બાબતે ઝગડીયા જીઆઈડીસીના ઉદ્યોગ મંડળના ગુલામભાઈને પૂછતાં તેમણે જણાવ્યુ હતું કે લેન્સેક્સ નું એફલૂએન્ટ વાલ્વ માંથી બહાર આવી રહ્યું છે અને અમે એમનું (લેંસેક્સ) ડિસ્ચાર્જ બંધ કરવાની સૂચના આપી છે.

નર્મદા જિલ્લામાં શિયાળાની ઠંડીમાં બાઈક ચોરોનો આતંક

● વાસી ઉત્તરાયણના દિવસે સાગબારા ચાર રસ્તા પર પાર્ક કરેલી એક્ટિવાની ધોળે દહાડે ચોરી

● સાગબારા પોલીસે ગણતરીના કલાકો માજ ચોરને એક્ટિવા સાથે ઝડપી લીધો

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લામાં હાલ પડી રહેલી આકરી ઠંડી ના કારણે લોકો પોતાના ઘરોમાં ભરાઈ રહેવું પસંદ કરતાં હોય કામ વગર બહાર નીકળતા ન હોવાથી બાઈક ચોરીઓના બનાવો શરૂ થયા હોય તેમ સાગબારા ચાર રસ્તા પર થી એક બાઈકની ધોળે દહાડે ઉઠાંતરી કરી ચોરટા ફરાર થવામાં સફળ થયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર સાગબારા ચાર રસ્તા લક્ષ્મી વિલાસ નામની દુકાન પાસે રોડ ઉપર પાર્ક કરેલી પીળા કલરની એક્ટીવા ફાઈવ-જી ગાડી નંબર GJ-22-K-૭૭૫૪ ની કોઈ વ્યક્તિ એક્ટિવા મલિક રમેશભાઈ ઉતરાભાઈ વસાવા, રહે. સાગબારા, શીવાજી નગરની નજર ચુકવી ચોરી કરી લઈ જઈ જતા રમેશભાઈએ ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરતાં જ સાગબારા PSI જી.કે. વસાવાની સૂચના હેઠળ પોલીસે ગણતરીના કલાકોમા જ અજય સુરતાભાઈ વળવી રહે.બેજ આમોદા, જિલ્લો, તાપી ને ચોરી કરેલી એક્ટિવા સાથે ઝડપી લઈ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

પ્લાન્ટમાં ગેસની અસર થતાં કર્મચારીનું મોત નીપજ્યું

ભરૂચ

દહેજની ઈજેક લિમિટેડ કંપનીના પ્રેસર વેસલ પ્લાન્ટમાં એક યુવાનને ગેસ લાગતાં મોત નીપજ્યું છે. યુવાનના મોતથી પરિવારજનોમાં માતમનો માહોલ છવાયો છે. જોકે કંપની દ્વારા સેફટી વગર કામ કરવવામાં આવતુ હોવાનો આક્ષેપ પરિવારજનોએ કર્યો છે. જેને પગલે કંપની સંચાલકો સામે લોકોમાં રોષ ફેલાયો છે.

દહેજ ખાતે આવેલી ઈજેક લિમિટેડ કંપનીમાં ભરૂચ શેરપુરાના ખુરશીદ પાર્કમાં રહેતા તોફિક ઐયુબભાઈ ખીલજી છેલ્લા ૫ વર્ષથી ફરજ બજાવે છે. તેઓ શુક્રવારે સવારે ફર્સ્ટ શિફ્ટમાં કંપનીમાં ફરજ પર ગયા હતા. તે દરમિયાન કંપનીમાં આવેલા વેસલ પ્લાન્ટમાં મેન્ટેનન્સનું કામ કરવા ગયેલા તોફિકને ગેસની અસર થતાં તેની તબિયત લથડી હતી. જેથી તેને કંપની દ્વારા તાત્કાલિક સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે ત્યાં હાજર તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

બનાવની જાણ થતાં જ પરિવારજનો અને સ્થાનિક લોકોના ટોળા હોસ્પિટલ ખાતે ઉમટી પડ્યા હતાં. તોફિકના મોતથી પરિવારજનોમાં માતમનો માહોલ છવાયો છે.

કેવડિયા પોલીસ અધિકારી પી.ટી. ચૌધરી સામે ગુન્હો નોંધી કાયદેસરની કાનુની કાર્યવાહી કરવા રજુઆત



પોલીસ વિરોધી બેનરો લઈ ને મહિલાઓ રાજપીપળા પોલીસ અધિક્ષક ની કચેરીએ રજૂઆત કરવા પહોંચી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે આવેલ લીમડી બાર ફળિયાના સ્થાનિક આદિવાસી ઓ વર્ષોથી બાપદાદાની જમીનમાં કાચું ઝૂંપડું બનાવી ત્યાં ચાહ નાસ્તો સહીત પાન પડીકી વેચી ગુજરાન ચલાવે છે પરંતુ સ્થાનિક તંત્ર દ્વારા પોલીસ દ્વારા વારંવાર હેરાન કરવામાં આવે છે બે દિવસ પહેલા પાર્કિંગ બાબતે કેવડિયા ટ્રાફિક ની ટીમે સ્થાનિકોને હટાવવા બાબતે ધમકીઓ આપી હતી જેમાં સ્થાનિકોનો આક્ષેપ છે કે કેવડિયાના પોલીસ અધિકારી પી.ટી. ચૌધરી દ્વારા સ્થાનિકો,યુવાનો અને મહિલાઓ ઉપર મારપીટ કરવામાં આવી હતી અને ધાકધમકી પણ આપવામાં આવી હતી આ બાબતે પી.ટી. ચૌધરી ઉપર એટ્રોસીટી એકટ અને પોલિસના હોદ્દાનો દુરુપયોગ કરવાનો ગુન્હો દાખલ કરવા જિલ્લા પોલીસ વડા હિમકર સિંહને રજૂઆત કરાઈ હતી. પોલીસની દમનગીરી સામે બે દિવસ થી દુકાનો સ્વયંભૂ બંધ કરી સ્થાનિકો વિરોધ કરી રહ્યા છે.

મોટી સંખ્યામાં મહિલાઓ અને યુવાનો હાથમાં બેનરો લઇ નર્મદા પોલીસ શરમ કરો આદિવાસીઓને મારવાનો હક્ક કોણે આપ્યો ના સૂત્રો સાથે વિરોધ પ્રદર્શન કર્યો હતો.આ તમામ મહિલાઓને જિલ્લા પોલીસ વડા હિમકર સિંહે સાંભળી જરૂરી તાપસ કરવાની ખાત્રી અપાતા મહિલાઓ વિશ્વાસ સાથે પરત ફરી હતી.નર્મદા જિલ્લા પોલીસ વડા સાથે મુખ્યમંત્રી, ગૃહમંત્રી, અધ્યક્ષ- મહિલા આયોગ ગુજરાત રાજ્ય,ગુજરાતના તમામ આદિવાસી ધારાસભ્યો- સંસદસભ્યો, અધ્યક્ષ-અનુ સૂચિત જનજાતિ આયોગ ભારત સરકાર અને આદિ જાતિ સલાહકાર સમિતિના સદસ્યો- ગુજરાત રાજ્યને પણ લેખિત રજૂઆત કરી આ બાબતે ન્યાયની માંગણી કરી છે .

આ બાબતે આદિવાસી આગેવાન ડો.પ્રફુલ વસાવાએ જણાવ્યું હતું કે તંત્ર આદિવાસીઓને હટાવવા માંગે છે પોલીસને આગળ કરે છે પોલીસ આદિવાસીઓ પર દમન કરે છે આ ક્યાં સુધી ચાલશે. અમે મૂળ નિવાસી

અનુસંધાન પાના નં.૮

આ આરોપ પાયા વિહોણાઃકેવડિયા પીઆઈ પી.ટી ચૌધરી

આ બાબતે કેવડીયાના પીઆઈ પી.ટી.ચૌધરીએ જણાવ્યું હતું કે અમારે તો નર્મદા કલેકટર અને જિલ્લા પોલીસ વડાના આદેશ મુજબ કાર્ય કરવું પડે.અમે તો મંદિર પાસે ગેરકાયદેસર પાર્કિંગ કરેલી ગાડીઓ હટાવવાનું કામ કરતા હતા.સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીક લારી-ગલ્લા તથા પથારા હટાવી લેવાની સૂચના અગાઉ પણ અપાઈ હતી.આ તમામ આરોપોમાં કોઈ તથ્ય નથી.